શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કણ્ઠ • વર્ષ-૮ અંક-૨ ડિસેમ્બર-૧૨/જાન્યુઆરી-૧૩

## વડીલ વંદના વિશેષાંક



૨૭મો સમુહલગ્નોત્સવ-ભુજ



સમુહ ભાગવત સપ્તાહ-ભુજ




મહામંડળ આયોજીત વડીલ વંદના કાર્યક્રમ



મહામંડળ આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમ

Wel Come 2013



મહામંડળ આયોજીત કલા સાંસ્કૃતિક મેળો



રાજેન્દ્ર કાંતિલાલ સોની
મો. 98250 18318
ધવલ રાજેન્દ્ર સોની
મો. 94260 77571
બુધ
શુક્ર
ચંદ્ર
ગુરૂ
સૂર્ય
મંગળ
કેતુ
શનિ
રાહુ
ગ્રહોના નંગ
ગ્રહોના નંગની વીંટી
તથા સોના ચાંદીના દાગીના
ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે
ધવલ
જ્વેલર્સ
14, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-380 001
ફોન : 079-2214 4008

એકમેકને ઓળખવાનો

**જ્ઞાતિસેતુ**

વર્ષ : ૮ ● અંક : ૨

ડિસેમ્બર'૧૨ - જાન્યુઆરી'૧૩

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

***ચેરમેન***
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

***માનદ્ સંયોજક***
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

***મુદ્રણ આયોજન***
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

***વેબસાઈટ***
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

***નાણાકીય આયોજન***
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **કોઠારા**
કાંતિલાલ દામજી પોમલ ૯૯૭૯૭ ૯૮૬૨૧

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

# તંત્રી સ્થાનેથી



તાજેતરમાં મહામંડળ આયોજીત 'વડીલ વંદના' કાર્યક્રમમાં કચ્છના નાના ગામડાથી માંડીને મુંબઈ સુધીના કુલ ૩૮ સ્થળોના ૭૫ અને તેથી વધુ વયના ૨૪૦ વડીલોનું ઉષ્માસભર સન્માન થયું. એના વિષે 'સેતુ' એ સમાજના મોભીઓના પ્રતિભાવો મેળવ્યા જે આ અંકમાં પ્રસ્તુત છે. નોંધાયેલા વડીલોના આંકડાકીય વિશ્લેષણ મુજબ વય જુથ, ૭૫-૮૦ના ૧૬૨ (૬૭.૫%), ૮૧-૯૦ના ૭૨ (૩૦%) અને ૯૧+ ના ૬ (૨.૫%) વડીલો છે. મુંબઈના લક્ષ્મીબેન ગંગારામ છત્રાળા સૌથી વધુ વય (૯૬ વર્ષ)ના છે. ૬૪ ટકા (૧૫૬) મહિલા અને ૩૬ ટકા (૮૪) પુરુષ છે. મહિલાઓ દીર્ઘજીવી છે એનું એક કારણ એમનામાં જાનલેવા વ્યસનોનું ઓછું વળગણ હોઈ શકે.

મોભીઓના પ્રતિભાવો જોતાં સમાજના વયોવૃદ્ધોમાંના કેટલાકની સમસ્યાઓના ચાર પ્રમુખ ડાયમેન્સન સ્પષ્ટ થાય છે.

Dependence : વયોવૃદ્ધોનું અન્ય-નિર્ભર જીવન;

Debility : અવસ્થા-જન્ય આધી-વ્યાધિ, અશક્તિ;

Distance : ભૌતિક સગવળો અને માનસિક હુંફનું અંતર;

Depression : ઉપરોક્ત સ્થિતિની પરિણતી - હતાશા.

સમાજની સેવાભાવી સંસ્થાઓ, સમાજના વડીલોની વસમી વૃદ્ધાવસ્થાને આ દૃષ્ટિકોણથી સમજી, જરૂરતમંદ વડીલો (પ્રત્યેક સો પરિવારે પંદર વડીલોની સરેરાશ) નો, એમના પરિવારજનોનું સ્વમાન જળવાઈ રહે તે રીતે, સંપર્ક સાધી શકે તેવા યુવા વર્ગના ઉત્સાહી 'સ્વજનો' કેળવી શકે. આ 'સ્વજનો' એમના વડીલો સાથેના સંપર્ક થકી થયેલા જાત અનુભવે, જરૂરતમંદ વડીલોની આવશ્યકતાઓ સમજી, જે ઉચિત સર્જનાત્મક પ્રવૃત્તિઓ સૂચવે તેના કાર્યાન્વન માટે સમાજ પ્રોત્સાહન આપી શકે, અને આ રીતે મહામંડળ આયોજીત 'વડીલ વંદના'નું કાયમી 'વજૂદ' સ્થાપિત થઈ શકે. વડીલોની 'જીવન-સંધ્યા' સોહામણી કરવાનો સામાજીક ઉદ્દેશ સાર્થક થઈ શકે.

— અસ્તુ

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

**આ અંકના અતિથિ સંપાદક શ્રી પી. જી. સોની 'દાસ'-ભુજ**

# શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીનું વસિયતનામું (વીલ)

સંકલન : મનુભાઈ કોટડીયા

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન કૃષ્ણે ઉધ્ધવજીને ઉપદેશ આપ્યો હતો જ્ઞાન કર્મ અને ભક્તિ મોક્ષના ત્રણ ઉપાયો બતાવેલા હતા એમ શ્રી મહાપ્રભુજીએ પોતાના અંતિમ સમયે ઉપદેશ આપ્યો હતો કે જીવનમાં કેમ રહેવું કેમ જીવવું ? મહાપ્રભુજીએ કાશીમાં તેમના પરિવારને અને વૈષ્ણવોને અંતિમ ઉપદેશ આપ્યો હતો તે વલ્લભનું વીલ છે.

આ ઉપદેશ સાડા ત્રણ શ્લોકમાં વર્ણવ્યો છે પુષ્ટિમાર્ગમાં આ શ્લોક શિક્ષાશ્લોકી તરીકે પ્રચલિત છે. અંતિમ સમયમાં આ શ્લોક નદી કિનારે નદીની રેતમાં લખ્યો હતો કારણકે શ્રી વલ્લભને મૌન હતું. તેઓ પ્રભુની લીલાના આકળ સ્મરણમાં હતા.

સંવત ૧૫૮૭ અષાઢ સુદી બીજના દિવસે પોતાના પુત્ર ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજીને અંગુલીથી શ્લોકો લખી જણાવ્યું : (પ્રથમ દોઢ શ્લોક)

યથા બર્હિમુખ પૂર્ષ ભવિષ્યથ કથં મન ।
તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત ॥ ૧ ॥
સર્વથા બ્રમપિયન્તિ મતિ ર્મમ ॥

(બર્હિમુખતા એ એક દોષ છે પુષ્ટિમાર્ગય દ્રષ્ટિકોણ)

જો તમો કૃષ્ણની ભક્તિથી બર્હિમુખ થશો તો કાળના પ્રવાહમાં ખેંચાઈ જશો. જીવનું પરમ કર્તવ્ય શ્રી કૃષ્ણનો જ આશ્રય કરવો તે છે સર્વભાવથી એમની પ્રત્યે ભાવ રાખશો. કૃષ્ણની જ સેવા કરવી. લૌકીક જગતમાં મારા પછી શું ? મારા પુત્રોનું શું થશે ? મારા પછી કોણ વારસદાર થશે ?

આ પ્રશ્ન આજના કળિયુગમાં બધાને સતાવે છે આ બધા માટે લૌકીક સંસારી માણસો વીલ (વસીયતનામુ) બનાવે છે. સંસારી સંતો આવી ચિંતા કરતા નથી તેઓ પોતાના જ્ઞાનનો અમૂલ્ય વારસો પોતાના બાળકો માટે મૂકે છે. ધર્મનું સાહિત્ય સમાજન અને પોતાના આપ્તજનને આપે છે.

મહાન સંતો આચાર્યોનો જન્મ ભાવદ આસા મુજબ થાય છે. ભગવદ્ કાર્ય પુરુ થતાં કાયા સમેટી લે છે. મહાપ્રભુજી સંત નહી પણ પ્રભુના મુખારવિંદનું સ્વરૂપ હતા.

તેમનું પૃથ્વી ઉપરનું અવતરણ (૧) દૈવીજીવોને કારણે લઈ ઠાકોરજી સાથે વૈષ્ણવોને બ્રમસંબંધ કરાવવો (૨) ઠાકોરજીની સેવા દ્વારા તેમને ભગવત પ્રાપ્તિ કરાવવી (૩) માયાવાદનું ખંડન અને યમવાદનું સ્થાપન (૪) શ્રીમદ્ ભાગવતના ગૂઢ અર્થનું પ્રચાર.

શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીજીમાં અમૃતરસ ઠાલવ્યો છે.

ત્રીજી વખત ભારત યાત્રા બાદ થોડા વર્ષો બાદ સુબોધિની દશમ સ્કંધ પરિપુર્ણ થયો ત્યારે ઠાકોરજીએ ભગવદ્ આજ્ઞા કરી હતી કે (મધુવનમાં) વલ્લભ હવે આપનું કાર્ય પરિપૂર્ણ થયું છે હવે આપ નિત્ય લીલામાં પધારો આપ સંવત ૧૫૮૭માં વૈશાખ વદી ૭ના અરસામાં પોતાના અંતકરણને બોધ આપતાં અંતઃકરણ પ્રબોધ રચ્યો હતો.

ભગવાને વામન અવતારમાં સાડા ત્રણ પગલા ભૂમિ માંગી હતી. રાજા બલીએ પ્રભુને હસતા મુખે આ આપી જીવનને ધન્ય બનાવ્યું હતું. અડધુ પગલું પોતાના મસ્તકે ભગવાનને વામને વિનંતી કરી હતી.

આવું જ શ્રી મહાપ્રભુજીએ સાડા ત્રણ શ્લોક દ્વારા પ્રભુને કાવિક, વાચિક અને મન ઠાકોરજીને અંતિમ સમયે સમર્પણ કર્યું તેવું મનાય.

શ્રી દ્વારકેશજીએ ગ્રંથની ટીકામાં જણાવ્યું છે કે :-

શ્રીમદ્વલ્લભ પાદધજ દ્વયં હૃદિ સુશીતલમ્ ।
નિધાય શિક્ષાપધાનિ વિવરિષ્યતે પથામતિ ॥

શ્રીમદ્ વલ્લભના શીતલ ચરણોને હૃદયમાં પધરાવીને હું પશામતિ શિક્ષા પધાનિનું વિવરણ કરીશ.

કર્મમાર્ગના કે જ્ઞાનમાર્ગમાં અન્યાશ્રયનો વિચાર નથી પણ ભક્તિમાર્ગમાં અન્યાશ્રય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ભક્તિમાર્ગમાં ઠાકોરજી પ્રત્યે અનન્ય ભાવ બતાવવાનો છે સૂરદાસ કહે છે કે, 'ભજન બિન જીવત જૈસે પ્રેત' ગોપીઓએ ગોપીગીતામાં ઠાકોરજી પ્રત્યે અનન્યતા બતાવી છે.

જ્યતિ તેધિકં જન્મના વ્રજ
શ્રયન ઈન્દિરા શશ્વદત્ર હિં ।

વ્રજમાં આપના જન્મથી અધિક જય (સુખ) થયું છે.

અપરિગ્રહ વ્રત ધારીશ્રી મહાપ્રભુજી તેઓ જે દિવસે જે મળે તે ચલાવી લેતા બીજા દિવસની ચિંતા કરતા નહીં.

શ્રી મહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રમ' ગ્રંથમાં લખે છે કે -

પ્રાર્થિં તે વા તતઃ કિં સ્યાત્
સર્વત્ર તસ્ય સર્વ હિ । સર્વ સામર્થ્ય મેવ ચ ॥

આ જગતમાં સર્વ પ્રભુનું છે. પ્રભુ સર્વ સમર્થ છે.

ભક્તે ભગવાન પાસે માંગવું નહિ શ્રી વલ્લભે જગતને સમજાવ્યું છે કે જગત મિથ્યા નથી, જગતથી દૂર ભાગવાની જરૂર નથી જગત એ પ્રભુની શ્રેષ્ઠ કૃતિ છે. ઠાકોરજીની સુંદરતા માણો, વલ્લભના વસીયત નામાનો મુખ્ય સાર તમે ઠાકોરજી શ્રી કૃષ્ણના થઈ જાવ કૃષ્ણને સર્વસ્વ માનજો સંસાર ના મોહ માયામાં વધુ પડતા ન થશો. શ્રી મહાપ્રભુજીએ ધર્મને સાધન માન્યો નથી. સાધન હોય તો પ્રભુની કૃપા જ છે. અનુગ્રહ હોય તો ધર્મ જીવનમાં આવે. અનુગ્રહનો માર્ગ એજ પુષ્ટિમાર્ગ, પુષ્ટિમાર્ગમાં પ્રભાવીત થઈ અલીખાન પ્રગણ યાદવેન્દ્રદાસ કુંભાર, ચુહડાં જેવી વ્યક્તિઓ પુષ્ટીમાર્ગમાં આવ્યા હતા.

સગુણદાસ કહે છે કે :-

જો પે શ્રી વલ્લભ પ્રકટ ન હોતે
તો વસુધા રહેતી સુની
નાતર લીલા હોળી જુની
યુગદ્રષ્ટા ને દંડવત્ પ્રણામ.

**શાંતાબેન બારમેડા - અંજાર**

ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ પ્રભુ એવું માંગુ છું. આ પુનિત મહારાજે આપણને ભક્તિનું મહત્વ સમજાવ્યું કે ભક્તિ કરવી અને મૃત્યુ સુધી આપણે તેને નિભાવી શકીએ બાળક જન્મે ત્યારે તે નિર્મળ હોય ના સ્વાર્થ કે ના કોઈપણ સમસ્યા એને ન નડે આપણે જન્મથી મૃત્યુ સુધી એક બાળકની જેમ નિર્મળ સ્વભાવથી ભક્તિ કરીએ. ન કામ, ક્રોધ, લોભ, મોહ કે અભિમાન બધા જ દુર્ગુણોને દૂર કરી અને પ્રભુ સ્મરણ અને પ્રભુના બતાવેલા કામો કરી અને સંસાર સાગરથી પાર ઉતરીએ આ બધુ જ નાનપણથી સત્સંગ મળે અને સંસારના કામો સાથે પ્રભુ સ્મરણ હોય ત્યારે થાય છે.

આ સત્સંગની વાત કરીએ તો આપણી મારું કંસારા મહિલા સત્સંગ મંડળે આપણા સમાજની જ સમુહ ભાગવતનો કાર્ય કરીને સાબિત કરી દીધુ કે સત્સંગનો કેટલો મહિમા છે. નીલાબેન પોમલ અને ભાવનાબેન ચનાણી આ આયોજનની જહેમત હાથ ધરી અને એક મિશાલ રચી દીધું જે કાર્ય એક મહિલા સત્સંગે મંડળે કર્યા છે તેને હું મારા અંતઃકરણથી ખુબ ખુબ અભિનંદન આપું છું. જે કાર્યથી આપણને પ્રેરણા મળે છે. એવા મહિલા સત્સંગ મંડળને હું કોટિ કોટિ વંદન કરું છું. દાન આપવાવાળા દાન પણ આપે કે કામ કરવાવાળા કામ પણ કરે પણ જેનું આયોજન કરવું છે તેના માટે એક સત્ય નિષ્ઠાથી કાર્યનું પ્રારંભ કરવું અને પૂર્ણ થાય ત્યાં સુધી તેનું સંચાલન કરવું એ એક તેના માથે પ્રભુની કૃપા દ્રષ્ટિ હોય તો જ સફળતાથી પાર ઉતરે છે. એવું મારું માનવું છે.

## ગીતા જયંતિ

**લતા કે. હેડાઉ - માંડવી**

ભારતીય સંસ્કૃતિમાં જોઈએ તો કોઈપણ ગ્રંથની જન્મતિથિ ઉજવાતી હોય તો 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' ની ઉજવાય છે. માગસર સુદ અગિયારના દિવસે ભગવાન શ્રીકૃષ્ણ પ્રિયમિત્ર અને ભક્ત અર્જુનને કુરુક્ષેત્રના મેદાનમાં સંભળાવી હતી. તેથી તે દિવસને ગીતાજયંતિ તરીકે ઉજવીએ છીએ.

ગીતાજીનો જન્મ તો ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી વાણીરૂપે થયો હતો. ગીતાજી એટલે સંસ્કૃત મહાકાવ્ય મહાભારતનો એક ભાગ છે અને એની વાર્તાઓ માનવ ઈતિહાસની સૌથી મોટી મહાન દાર્શનિક તથા ધર્મકથા છે.

ધૃતરાષ્ટ્રના પુત્રો અને પાંડવોની વચ્ચે જે મહાન યુદ્ધ થવાનું હતું ત્યારે તે યુદ્ધના પૂર્વે થઈ.

શાસ્ત્રોમાં જે સત્ય સ્વરૂપનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે સનાતન સત્ય છે. સત્ય ક્યારેય નૂતન (નવું) નથી હોતું ક્યારેય પુરાતન (જુનું) નથી હોતું સત્ય તો સનાતન છે અને એ સનાતન સત્યની ચર્ચા 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં છે. 'ભગવદ્ ગીતા' એટલે સ્વયં ભગવાને ગીત ગાયું તે ગીતાને આપણે માતા માનીએ છીએ. તેથી ભગવતી ગીતારૂપી મા આપણને સૌને જ્ઞાનરૂપી અમૃતનું પાન કરાવીને આપણો જે આધ્યાત્મિક દેહ છે તેનું પોષણ કરે છે. ગીતા એ આત્મજ્ઞાનનો મહાકુંભ છે.

ગીતા એ માનવીના જીવનરૂપી દરિયામાં દિવાદાંડી સમાન છે. શ્રી ભગવાન શ્રીકૃષ્ણની ગીતા છે. ત્યાં અજ્ઞાનતા, લાચારી, દંભ, ક્ષુદ્રતા, મુઢતા, મલિનતા, ભ્રાંતિવાદ ટકી શકે જ નહી.

આ તો કૃષ્ણના હૃદયની ભાવના છે. ગીતામાં ભગવાન કૃષ્ણના ગુણ કર્મ, પ્રભાવનું વર્ણન છે. તેવું અનન્યોમાં નથી. ભગવાને ગીતામાં કહ્યું આ સૃષ્ટિમાં મનુષ્ય, પંખી વનસ્પતિ, જળ, અગ્નિ વગેરે છે તે બધુ (મારા) કૃષ્ણને લીધે છે અને હે માનવ ! તું તારા બધા કર્તવ્યો ને કર્મો મારામાં પરોવીને કર અને પછી બધા તજી ને તું એક સર્વશક્તિ. સર્વાધાર (મારા) શ્રીકૃષ્ણને શરણે આવી જા હું તને બધા પાપોથી મુક્ત કરી દઈશ અને તારા બધા કાર્યો પણ હું કરીશ. આમ ગીતા ભલે હજારો વર્ષ પૂર્વે ગવાઈ પણ આજે એમાં માનવ જીવનના સમાધાન મળી આવે છે. તેથી સૌ કોઈએ ગીતાજીના અધ્યાયના પાઠ કરવા જોઈએ અને તેનું પૂજન પણ કરવું જોઈએ.

**ગીતાજીનું ભજન**

ગીતામાના ધામમાં હો, સાચાને સ્થાન છે.
માયાના રંગમાં હો, મુર્ખાને માન છે.
ગીતામાના ધામમાં હો સાચાને સ્થાન છે.
ગીતામા છે આંકળાને ભક્તો છે રાંકડા (૨)
ગીતામાના પ્રેમમાં હો, પ્રેમીને તાન છે.
ગીતામાના ધામમાં હો સાચાને સ્થાન છે.
મોહમાં માર છે ને ગીતામાં સાર છે.
આત્માના રંગમાં હો આનંદ અપાર છે.
ગીતામાના ધામમાં હો સાચાને સ્થાન છે.
ગીતામાં શોભે છે અદ્ભુત જ્ઞાનથી
ગીતાજીના દર્શનમાં હો ભક્તો રંગાય છે.
ગીતામાના ધામમાં હો સાચાને સ્થાન છે.
કુબુદ્ધિ ટાળીને સદ્બુદ્ધિ આપે
દુઃખ દૂર થાય છે હો ગીતાવાંચનથી
ગીતામાના ધામમાં હો સાચાને સ્થાન છે.
બેઉ કરી જોડીને ભક્તો કહે છે
ભવ જળ તરાય છે હો ગીતાપુરાણથી
ગીતામાના ધામમાં હો સાચાને સ્થાન છે.

***જય ગીતા માતા***

# નારી શક્તિ તથા પ્રભુ ભક્તિમાં સુંદર સમન્વય સમુહ ભાગવત સપ્તાહ - ભુજ

મોહન પોમલ - ભુજ

શ્રી મારૂ કંસારા મહિલા સત્સંગ મંડળ કારોબારી

| | |
|---|---|
| નીલા એમ. પોમલ | મુખ્ય સંચાલીત |
| ભાવના એ. ચનાણી | મુખ્ય સંચાલીત |
| મીતા એમ. સોલંકી | સહયોગી |
| દિપ્તી પી. ગુજરાતી | સહયોગી |
| રેખા એ. હેડાઉ | સહયોગી |
| જ્યોત્સના કે. કટ્ટા | સહયોગી |
| ગીતા એસ. હેડાઉ | સહયોગી |
| ગીતા જે. પોમલ | સહયોગી |
| રીટા ડી. બુદ્ધભટ્ટી | સહયોગી |
| ગીતા આઈ. મચચા | સહયોગી |
| નયના વી. ચનાણી | સહયોગી |
| માલતી એન. ગુજરાતી | સહયોગી |
| જીજ્ઞા આર. સોલંકી | સહયોગી |
| દયાબેન પી. સોલંકી | સહયોગી |
| કવિતા કે. સોલંકી | સહયોગી |

કુલ ૧૨૫ સભ્ય બહેનોના સત્સંગ મંડળની ઉપરોક્ત ૧૫ બહેનોની ૧૧ મહિનાની અથાગ મહેનતની ફલશ્રુતિ રૂપે ભુજના પબુરાઈ ફલીયામાં ચારે બાજુ આવેલા મંદિરોની વચ્ચે



ભુજના એક નામી ભક્તજનની ખાનગી માલિકીના વિશાળ પ્લોટ ઉપર આપણી જ્ઞાતિના દરેક સેવા કાર્યમાં હંમેશા તૈયાર રહેતા ભુજના શ્રી નિતીનભાઈ અમૃતલાલ હેડાઉની રાહબરી હેઠળ તૈયાર થયેલ સુંદર બેઠક વ્યવસ્થા સાથેના સુશોભિત કથા મંડપમાં કુલગુરુ શ્રી સુમનભાઈ વ્યાસના અધ્યક્ષપદે ભુજના સુપ્રસિદ્ધ કથાકાર જનકરાય મોહનલાલ ભટ્ટ તથા અન્ય ૫૦ ભૂદેવોની હાજરીમાં સંગીતમય શૈલીમાં તા. ૨૨-



૧૧-૨૦૧૨ થી તા. ૨૯-૧૧-૨૦૧૨ સમુહ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન થયું.

**સપ્તાહ દરમ્યાન**

- પ્રથમ દિવસે કાલીકા માતાજીના મંદિરેથી કથા મંડપ સુધી જ્ઞાતિની બહેનો, કળશધારી સુંદર બાળાઓ તેમજ અન્ય ભક્તજનોની ઉપસ્થિતિમાં પવિત્ર પોથી યાત્રા યોજાઈ.
- ૫૦ પોથી ધારક યજમાન પરિવારોએ ભાગ લીધો.
- ભુજના કબીર મંદિરના મહંત શ્રી કિશોરદાસજી તથા ગઢશીશાના અંબામાં ભક્ત ચંદુમા પધારેલ અને ભક્તજનોને આશીર્વચન આપેલ.
- રાસોત્સવમાં ૫૦ વર્ષથી વધુ ઉંમરની બહેનોના ગોપી ગ્રુપ તથા નાની ઉંમરની બહેનોના યશોદા ગ્રુપે સુંદર રાસ રજુ કરેલ.
- અતિ લોકપ્રિય પ્રસંગો શ્રીકૃષ્ણ જન્મ તથા રૂક્ષ્મણી વિવાહ ભક્તજનોએ પરંપરાગત અતિ ભાવ અને આનંદપૂર્વક ઉજવ્યા.





● આ પવિત્ર ધર્મકાર્યમાં ભુજ, સુખપર, માનકુવા, નારાણપર, અંજાર, વીથોણ, માધાપર, કુકમા, ભચાઉ, અમદાવાદ, મુંબઈ તેમજ દાહેસલામ (આફ્રિકા)ના યજમાનો એ પોથીવાહક બની તેઓના પિતૃઓના મોક્ષાર્થે લાભ લીધો.

● માત્ર અને માત્ર બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ સત્સંગ મંડળના આ ધાર્મિક પ્રસંગ જ્ઞાતિના ઈતિહાસમાં પ્રથમ પ્રયાસ.

● ભુજના હડિયા ગ્રુપ દ્વારા દાંડીયારાસ તથા પ્રખ્યાત ભજન યોગેશ પુરીજીની સંતવાણી યોજવામાં આવેલ.

● ભુજના શ્રી સંજય જેન્તીલાલ છત્રાળાએ જણાવ્યું કે આ કાર્યને લીધે તેમના કુટુંબીજનોમાં સંપ અને સહકારની ભાવના વધી.



● ભચાઉના એડવોકેટ શ્રી ચમનભાઈ કંસારાએ જણાવેલ કે હાલની કારમી મોંઘવારીમાં આવા ધાર્મિક કાર્યક્રમ વ્યક્તિગત રીતે યોજવામાં ખૂબ જ ખર્ચ થતો હોઈ માત્ર રૂા. ૭૦૦૦/- (સાત હજાર)ના મામુલી ખર્ચમાં આવા ધર્મકાર્યનો સામુહિક લાભ જ્ઞાતિજનો માટે આશીર્વાદ રૂપ છે.

● દાહેસલામ (આફ્રિકા) થી પધારેલ વતનપ્રેમી દંપતી



શ્રીમતી સુશીલાબેન વિજયભાઈ શીવશંકર કોટડીયા પરિવારે આ કાર્યક્રમના સુંદર આયોજનને બિરદાવી ખૂબ જ લાગણીસભર અભિવ્યક્તિ કરેલ. ભવિષ્યમાં આવા પ્રોગ્રામ વખતે તેઓ ખાસ દાહેસલામથી આવવાનું પસંદ કરશે.

● ભુજના શ્રી ભરતભાઈ બુદ્ધભટ્ટીએ તેમની શારીરિક અસમર્થતાને મહાત આપી પોથીધારક યજમાન બનીને ધર્મપ્રત્યે તેમની શ્રદ્ધા, આસ્થાનું સુંદર દૃષ્ટાંત પુરું પાડ્યું.

● મુખ્ય યજમાનપદે મુંબઈના શ્રી નિતીનભાઈ ચંદ્રકાંત કટ્ટા તથા સહયજમાન પદે મુંબઈના શ્રીમતી રમાબેન કનુભાઈ પોમલ બિરાજમાન રહ્યા.

● તા. ૨૯-૧૧-૨૦૧૨ના રોજ નારાયણ યજ્ઞમાં ભાવભેર આહુતિઓ અપાઈ.

● કાર્યક્રમને સફળ બનાવવામાં જ્ઞાતિપ્રમુખ, કારોબારી સભ્યો મહિલા મંડળ, યુવક મંડળના સાથ સહકાર મળ્યા.

● માઈક વ્યવસ્થા ભુજના શ્રીમતી મીતાબેન સોલંકી તથા મોહન પોમલે સંભાળેલ. ● છેલ્લે દિવસે યજ્ઞબાદ જ્ઞાતિના બટુકો તથા કુમારીકાઓને ભોજનબાદ લંચબોક્સ ગીફ્ટ આપવામાં આવેલ જેની સંખ્યા ૩૫૦ આશરે હતી. ● સત્સંગ મંડળની ધારણાથી પણ વિશેષ આર્થિક યોગદાન આપીને જ્ઞાતિજનોએ આ ધર્મકાર્યને બિરદાવેલ છે. ● પ્રસાદ-ભોજનની વ્યવસ્થા ભુજના દિલીપ પોમલે સંભાળેલી. ● સમગ્ર કાર્યક્રમના ફોટોગ્રાફ્સ તથા ડીવીડી પ્રાપ્ત માટે રીશી છત્રાળા ભુજ મો. ૯૭૨૭૭ ૯૪૯૧૦નો સંપર્ક કરવો.



# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

## અધિવેશન - વડીલ વંદના - ઉચ્ચ શૈક્ષણિક સન્માન - સાંસ્કૃતિક કાર્યક્રમ

**શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતીના પ્રમુખ સ્થાનેથી...**

ઉપરોક્ત મહામંડળની સામાન્ય સભા તથા ત્રિ-વાર્ષિક અધિવેશનનું આયોજન, ભુજ મધ્યે, તા. ૯-૧૨-૨૦૧૨ને રોજ



કરવામાં આવેલ. આ સભા-અધિવેશનની સાથે સાથે વડીલ વંદના તથા ભારતભરમાં ઉચ્ચ શિક્ષણક્ષેત્રે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવેલ. તેમજ ભારતભરના વિવિધ ઘટકોના સહકારથી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. પૂરા દિવસના કાર્યક્રમના આયોજનની શરૂઆત સવારે ૧૦-૦૦ કલાકે સામાન્ય સભા - વડીલ વંદના કાર્યક્રમ યોજાયેલ. જેમાં ભુજ તથા કચ્છના વિવિધ ઘટકોના પ્રમુખશ્રીઓ તથા જ્ઞાતિજનો, મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, સાબરકાંઠા, સિકંદરાબાદ, રાયપુર વિગેરે સ્થળેથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલ.

ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી કિશોરભાઈ જે. ચનાણી, મંત્રી શ્રી દિલીપભાઈ બગ્ગા દ્વારા મહામંડળના હોદેદ્દારોનું ભુજ જ્ઞાતિ વતી સ્વાગત અભિવાદન સાથે સવારે ૧૦-૩૦ કલાકે સામાન્ય સભાની શરૂઆત મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ.

સૌ પ્રથમ કલાકૃતિ મેળાનું ઉદ્‌ઘાટન પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી તથા મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કે. સોલંકીના હસ્તે કરવામાં આવેલ. ત્યારપછી કાર્યક્રમ સંચોજક શ્રી ચંદુભાઈ ચનાણી દ્વારા શાબ્દીક સ્વાગત, સરસ્વતી વંદના, કુ. રિદ્ધિ એસ. સોલંકીએ કરેલ. શ્રી હરિલાલભાઈ એલ. વિશાપરમારે સૌને આવકાર્યા. ત્યારબાદ મિટીંગ પ્રોસેસીંગનું વાંચન હિરાલાલ મોહનલાલ બગ્ગા દ્વારા કરવામાં આવેલ. ઈન્દુભાઈ સોલંકી મિનિટ્સનું વાંચન, ભરતભાઈ ટી. બગ્ગા દ્વારા મિનિટ્સનું વાંચન, વાર્ષિક હિસાબો અંગેની રજુઆત ચંદ્રકાંતભાઈ ચનાણી તથા ઉપપ્રમુખ અમૃતલાલભાઈ સોલંકી દ્વારા વડીલ વંદના અંગેની માહિતી આપવામાં આવી હતી.

**પ્રાસંગિક ઉદ્‌બોધન :**

- પરેશભાઈ ગુજરાતી દ્વારા કન્યાઓના મા-બાપને જણાવેલ કે પોતાની કન્યાઓને લગ્નજીવનનું બોધ આપે.
- વિરેન્દ્રભાઈ પોમલ દ્વારા જણાવાયું કે વડીલો એજ દેવાધિદેવ મહાદેવનું સ્વરૂપ છે.
- વેલજીભાઈ પોમલ દ્વારા જણાવાયું કે મેડીકલમાં સભ્ય ફી રાખી, સહાય આપવાનું પ્લાન વિચારવું.
- અતુલભાઈ બગ્ગા દ્વારા મહામંડળની રચનાત્મક પ્રવૃત્તિ અંગે તેમજ શિક્ષણ અંગેની વ્યવસ્થા ભુજ અને અમદાવાદ મુકામે થાય તેવી કોશીશ કરવી જોઈએ.
- કિશોરભાઈ જટુભાઈ ચનાણી દ્વારા મહામંડળને વધુ સક્રીય કરવા માટે ફંડ એકઠો કરવો જરૂરી છે તેમાં દરેક ઘટક પાસેથી લાણેદાર દીઠ સભ્ય ફી રૂા. ૫૦ લેવી જોઈએ. દર બે વર્ષે દાતાશ્રી પાસેથી દાન મેળવવા જવું જોઈએ. વડીલ વંદના કાર્યક્રમ માટે શુભેચ્છા અને અભિનંદન આપ્યા.
- મહામંડળના પ્રમુખશ્રી ખેતશી ગુજરાતીએ આજના સમારંભ માટે ખૂબ જ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે મંડળ હવે પ્રગતિ કરવા થનગની રહ્યું છે તે માટે જ્ઞાતિજનોએ આર્થિક સહકાર આપવા ભારપૂર્વક વિનંતી કરેલ. દરેક જ્ઞાતિ ઘટક અને જ્ઞાતિજન તન-મન-ધનથી સેવા કરશે તો મહામંડળ દીપી ઉઠશે અને ધાર્યા કામો થઈ શકશે. મહામંડળ માટે ખૂબ જ પ્રચાર-પ્રસાર કરવા જ્ઞાતિજનોને અપીલ કરેલ.
- મહામંડળના મહામંત્રીશ્રી પ્રેમજીભાઈ સોલંકીએ જણાવ્યું કે મહામંડળને મજબૂત કરવા માટે બધાનો સહયોગ ખૂબ જ જરૂરી છે જે મળતો રહે તેવી અપેક્ષા.
- શ્રી પી.જી. દાસ દ્વારા વડીલ વંદના કાર્યક્રમ અંગે શરૂઆત કરતા પહેલા શાબ્દીક સ્વાગત અને વડીલ વંદનાનો હેતુ કવિતા દ્વારા સમજાવેલ.

તમામ વડીલોનું મહામંડળના અગ્રણીઓ દ્વારા સન્માનપત્ર તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. જેમાં ૭૫ વર્ષની ઉપરના અંદાજીત ૨૫૫ વડીલો પૈકી ૧૨૮ વડીલો હાજર રહેલ.

મુંબઈ જ્ઞાતિના માજી પ્રમુખશ્રી બાબુભાઈ સાકરીયાનું વિવિધ ક્ષેત્રે ઉમદા કામગીરી બદલ મહામંડળ પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીના હસ્તે મોમેન્ટો અને શાલ આપી સન્માન કરવામાં આવેલ.

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ઉપક્રમે તા. ૯-૧૨-૨૦૧૨ના રોજ મહામંડળના

ત્રિવાર્ષિક અધિવેશનના વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે ઉચ્ચ શિક્ષણ સમન્વય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા મારું કંસારા સોની જ્ઞાતિના ભાઈ-બહેનો કે જેઓએ ઉચ્ચ શિક્ષણના વિવિધ અભ્યાસક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરીને પદવીઓ પ્રાપ્ત કરી છે. તેમનું ચંદ્રકો, ટ્રોફી અને ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

શરૂઆત સ્વાગત ગીત ક્રિષ્ના કનૈયાલાલ બારમેડા, મીરા નરેન્દ્ર બારમેડા દ્વારા કરવામાં આવેલ. વિવિધ ઉચ્ચ



ડિગ્રીધારક કુલ ૭૨ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાંથી ગુજરાતી વિવેક પરેશભાઈએ પોતાનું પ્રથમ પગાર સમાજમાં દાનની જાહેરાત કરી હતી તેમજ અમેરિકા સ્થિત સાકરીયા મીરાજ દિનેશભાઈએ ૧૦૦ ડોલરના દાનની જાહેરાત કરી હતી તથી પોમલ જીલ અનિલભાઈનું રાષ્ટ્રીય કક્ષાએ હેન્ડ બોલમાં સ્થાન મેળવવા બદલ મોમેન્ટ તથા ગિફ્ટ આપી સન્માન કરવામાં આવેલ.

પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી, મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કેશવજી સોલંકી, ઉપપ્રમુખશ્રી હરીલાલ સોની અને ચેરમેનશ્રી ચેતનભાઈ બારમેડા તેમજ ભુજ જ્ઞાતિના પ્રમુખ કિશોરભાઈ જે. ચનાણી દ્વારા વિવિધ કક્ષામાં પદવી પ્રાપ્ત કરતા ભાઈ-બહેનોનું સન્માન કર્યું હતું.

ઈનામમાં ટ્રોફી, ચંદ્રકો અને ગિફ્ટ આર્ટીકલના સ્પોન્સર થવા બદલ મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી, ઉપપ્રમુખશ્રી હરિલાલ વિશાપરમાર અને ગાંધીધામ ઉત્કર્ષ મંડળ વતી શ્રી ભરતભાઈ ટી. બગ્ગા તેમજ વિડીયોગ્રાફીના સ્પોન્સર શ્રી હીરાલાલ એન. બગ્ગાનું શાલ ઓઢાળી મહામંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રી ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડાએ કરી હતી. સહાયક ઉદ્‌ઘોષક તરીકે એકતા એચ. કટ્ટાએ સેવા આપી હતી. કાર્યક્રમની સફળતા માટે સર્વશ્રી શિશિરભાઈ હેડાઉ, જયશ્રીબેન પરમાર, મુળજીભાઈ કટ્ટા, હિતેશ બીજલાણી, પ્રદીપ બીજલાણી, કિશોરભાઈ ચૌહાણ, નીતિનભાઈ હેડાઉ, હિતેશભાઈ પોમલ સહિત શિક્ષણ સમિતિના સભ્યોએ જહેમત લીધી હતી.

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા કલા સાંસ્કૃતિક સમિતિ આયોજીત તા. ૯-૧૨-૨૦૧૨ રવિવાર રાત્રે ૯ થી ૧૨ દરમિયાન ભુજ જ્ઞાતિના સહયોગથી અને ભુજ આંગણે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં દરેક ઘટકમાંથી કુલ ૧૫ વિવિધ કૃતિઓનો સમાવેશ કરવામાં આવેલ અને કુલ ૮૨ કલાકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

કાર્યક્રમની શરૂઆતમાં કલા-સાંસ્કૃતિક સમિતિના ચેરપર્સન સુધા એ. બુદ્ધભટ્ટીએ મહેમાનોને આવકારી હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત ભક્તિ ડાન્સથી કરવામાં આવેલ જેની સુંદર રજુઆત થઈ હતી.

*કલા છે ભોજય મીઠી ભક્તિ વિણ કલા નહીં કલાવાન છે. કલા સાથે ભક્તિ વિણ મળે નહીં - કલાપી*

દરેક વ્યક્તિમાં કોઈપણ કલા છુપાયેલી હોય છે. કોઈ વ્યક્તિ સાહિત્યકાર હોય કે મ્યુઝિકમાં નિષ્ઠા હોય અથવા ડાન્સમાં નિપુણ હોય. ટૂંકમાં કંઈ પણ કલા છુપાયેલી હોય છે. આવા કેટલાય રત્નકલાકારો આપણી જ્ઞાતિમાં છુપાયેલા છે. આવા કલાકારોની કલાને જાગૃત કરવા મહામંડળ કલા સાંસ્કૃતિક સમિતિ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ઉપર્યુક્ત કાર્યક્રમમાં ભક્તિ ડાન્સ કલાસીક, સેમિકલાસીક, એકપાત્રીય અભિનય તેમજ અન્ય અનેરી કૃતિઓ રજુ કરવામાં આવેલ. અંજાર ઘટક દ્વારા વિવિધતામાં એકતા અંગે ડાન્સ રજુ કરી લોકોના દિલ જીતી લીધા હતા. આ ઉપરાંત દરેક કૃતિઓ વૈવિધ્યસભર તેમજ અવર્ણનીય રહી હતી. આ કાર્યક્રમની મુખ્ય વિશેષતામાં છ વર્ષની બાળાઓથી માંડીને દરેક ઉંમરની વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહામંડળની પ્રગતિમાં એક અનેરો ઓપ આપ્યો હતો.

સમૂહલગ્નની પૂર્વ સંધ્યાએ યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભુજ જ્ઞાતિએ સહયોગ આપ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક કલાકારોને પ્રતિક ભેટ મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી તરફથી આપવામાં આવેલ. ઉપરાંત સંભારણા સમી ડી.વી.ડી. તૈયાર કરવા સમગ્ર કાર્યક્રમની વિડીયોગ્રાફી ખર્ચ હીરાલાલ મોહનલાલ બગ્ગા તરફથી કરવામાં આવેલ. વિશાળ મેદની વચ્ચે લોકોએ આ કાર્યક્રમને ઉત્સાહપૂર્વક માણ્યું હતું. દિવસભરના કાર્યક્રમની વ્યવસ્થાશ્રી ચંદ્રકાંતભાઈ ચનાણીના નેજા હેઠળ પાર પાડવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ચંદ્રકાંતભાઈ જે. ચનાણી, શ્રી ચેતનભાઈ આઈ. બારમેડા, કુ. એકતા એચ. કટ્ટા તેમજ શ્રી સુરેશભાઈ બીજલાણી અને શ્રી અતુલભાઈ બગ્ગાએ સંભાળ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં ભુજ ઘટકના કાર્યકરોનો સાથ સહકાર મળેલ જેનાથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડેલ.

# વડીલ વંદના કાર્યક્રમ

અમૃતભાઈ જે. સોલંકી




તા. ૧૬-૯-૨૦૧૨ના રોજ શ્રી અખિલ ભારતીય મારું કંસારા સોની જ્ઞાતિ મહામંડળના હોદ્દેદારો - સભ્યોની એક મિટીંગ મહામંડળની ઓફિસે મળેલ. આ મિટીંગ ત્રિ-વાર્ષિક જનરલ સભા (અધિવેશન) તેમજ ઉચ્ચ શૈક્ષણિક સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ૭૫ વર્ષથી ઉપરના વડીલોનું સન્માનના કાર્યો કરવા માટે મળેલ.



ઉપરોક્ત કાર્યો ભુજ ખાતે તા. ૧૦-૧૨-૨૦૧૨ના રોજ યોજાનારા સમૂહ લગ્નના આગલા દિવસે એટલે કે તા. ૯-૧૨-૨૦૧૨ રવિવારના રોજ ચારે કાર્યો કરવાનું સર્વાનુમતે નક્કી થયેલ. આ કાર્યોને સરળતાથી સફળ બનાવવા માટે નીચે લખ્યા મુજબ જવાબદારીઓ સોંપવામાં આવેલ.

(૧) જનરલ મિટીંગનું સંચાલન : શ્રી પ્રેમજીભાઈ સોલંકી - મહામંત્રી, શ્રી ચંદ્રકાંતભાઈ ચનાણી - ખજાનચી

(૨) વડીલ વંદનાના કાર્ય માટે : શ્રી અમૃતલાલ સોલંકી - ઉપપ્રમુખ વડીલ વંદના સંયોજક


(૩) ઉચ્ચ શૈક્ષણિક સન્માન કાર્ય માટે : ચેતનભાઈ બારમેડા - શૈક્ષણિક સમિતિ ચેરમેન

(૪) સાંસ્કૃતિક કાર્યક્રમના કાર્ય માટે : સુધાબેન બુદ્ધભટ્ટી - સાંસ્કૃતિક સમિતિ ચેરમેન

ઉપરોક્ત કાર્યોને સમયસર સફળતા માટે શ્રી ચંદ્રકાંતભાઈ ચનાણીને સંયોજક તરીકેની વિશેષ જવાબદારી સોંપવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યોમાં વડીલ વંદનાનું કાર્ય નવું હોતા તેનું કાર્ય એક માસથી પણ વહેલા શરૂ કરવામાં આવેલ. જેમાં વિવિધ ઘટકના પ્રમુખો, મહામંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો વિગેરેને આ કાર્ય માટેની જાણકારી આપેલ અને ૭૫ વર્ષથી ઉપરના વડીલો જેમાં મહિલા-પુરુષ બંનેના નામો તેઓના વિસ્તારમાંથી મોકલવાનું જણાવેલ. અલગ અલગ વિસ્તારમાંથી આવેલ નામોની ખરાઈ કરી લિસ્ટ તૈયાર કરવામાં આવેલ અને તેના આધારે બધા જ ૨૬૦ વડીલોને ૧૫ દિવસ અગાઉ આ કાર્યક્રમમાં પધારવાના આમંત્રણો મળી જાય તે રીતે રવાના કરવામાં આવેલ. કચ્છ તેમજ કચ્છ બહારથી ઘણા આમંત્રિતોએ તેમને આમંત્રણ મળેલ છે તેવી જાણ ફોન દ્વારા કરેલા આ કાર્યને આગળ ધપાવવા ભુજ ખાતે કાર્યકરોની અવારનવાર મિટીંગો મળેલ અને કેટલાક ચોક્કસ નિર્ણયો લીધેલ તે મુજબ (૧) વડીલોને સન્માન પત્ર (૨) સાલ ઓઢાડવાનું તથા આ કાર્ય બપોર પહેલા પુરું કરી લેવાનું નક્કી થયેલ તેમજ તેઓ તા. ૯-૧૨-૨૦૧૨ના સ્થળ પર આવે ત્યારે તેઓનું નામ ત્યાં મુકવામાં આવેલ લિસ્ટમાં તેમની હાજરી નોંધી તેમને ગળામાં પહેરાવી ઓળખકાર્ડ આપવાનું નક્કી થયેલ.

તા. ૯-૧૨-૨૦૧૨ના રવિવાર સવારે ૯-૩૦ કલાકેથી વડીલોનું આગમન શરૂ થઈ ગયેલ. તેઓની હાજરીની નોંધ લઈ તેઓને ઓળખકાર્ડ પહેરાવી સ્ટેજ સામે નક્કી કરવામાં આવેલ અલાયદી બેસવાની જગ્યાએ યુવક મંડળના કાર્યકરો તેમને બેસાડતાં હતા. વડીલોનો આવવાનો પ્રવાહ ચાલુ હતો અને ચા-નાસ્તો પણ ચાલુ હતો. જ્ઞાતિજનો આવતા બેઠકો પર તેમનું સ્થાન લેતા હતા. ત્યારે ૧૦-૩૦ કલાકે મિટીંગ શરૂ થવાનું એલાન થયેલ જે થોડા સમયમાં દિપ-પ્રાગટયથી મિટીંગનું કાર્ય શરૂ થયેલ. મિટીંગનું કાર્ય ૧૨-૩૦ કલાક સુધી અવિરત ચાલુ રહેલ અને ત્યાર બાદ તેને બ્રેક આપવામાં આવેલ અને વડીલ વંદનાનો કાર્ય શરૂ કરવા સંયોજક ચંદ્રકાંતભાઈએ જણાવતા આ કાર્યની શરૂઆત જ્ઞાતિના કવિ ‘દાસ’ ભાઈ પી.જી. સોની એ કાવ્યરૂપે શબ્દોથી વડીલોની વંદના કરી તેઓએ ખૂબ જ સારા શબ્દો અને આગવી શૈલીમાં વડીલોનું અભિવાદન કરેલ. વડીલ વંદનાના કાર્ય વિશેની માહિતી મિટીંગ દરમ્યાન વડીલ વંદનાના સંયોજક અમૃતલાલ સોલંકીએ આપી દીધેલ. વડીલોના આશીર્વાદના આ કાર્ય માટે તેમને જવાબદારી મળતાં તેઓ ધન્યતા અનુભવેલ છે તેવું જણાવેલ.



અન્ય રજૂઆતો ન હોતા વડીલોને સન્માનવાનું કાર્ય શરૂ કરેલ. મંચ પરના હોદ્દેદારો તેમને સન્માનવા વડીલો જ્યાં બેઠા હતા ત્યાં જઈ તેમને સન્માનપત્ર સાથે સાલ ઓઢાડી સન્માન કરેલ. સ્થળ પર ૧૧૮ સન્માનપાત્ર વડીલો હાજર રહેલા અને તેમનું સન્માન થયેલ. આ ભાવનાત્મક કાર્ય વખતે ઘણા વડીલોની આંખો ખુશીની આંસુથી ભરાઈ ગયેલ તેવી જ રીતે સન્માન કરનારાઓમાં પણ ઘણા ભાવવિભોર બની જતાં જોવામાં આવેલ તેમજ કેટલાક સન્માન કરવાવાળા તેઓ આ મોકો મળવા બદલ ખુબ નસીબદાર હોવાનું જણાવેલ.

**વડીલોનું સન્માન કરનાર મહાનુભાવો**

શ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી - ભુજ
શ્રી પ્રેમજીભાઈ સોલંકી - વડાલી
શ્રી હરીલાલભાઈ વીશાપરમાર - અંજાર
શ્રી ભરતભાઈ બગ્ગા - ગાંધીધામ
શ્રી કિશોરભાઈ ચનાણી - ભુજ
શ્રી જેન્તીલાલભાઈ સાકરીયા - મુંબઈ
શ્રી લખમશીભાઈ કોટડીયા - નખત્રાણા
શ્રી હેમેન્દ્રભાઈ ગુજરાતી - નખત્રાણા
શ્રી સુરેશભાઈ સોલંકી - માંડવી
શ્રી હિરાલાલભાઈ બગ્ગા - નખત્રાણા
શ્રી મનુભાઈ કોટડીયા - અમદાવાદ
શ્રી અતુલભાઈ બગ્ગા - અમદાવાદ
શ્રી રાજેશભાઈ વીશાપરમાર - અંજાર
શ્રી ઈન્દુભાઈ સોલંકી - ભુજ

ઉપરોક્ત નામના વડીલોના વરદ્ હસ્તે વડીલોનું સન્માન થયેલ. આ સન્માનનું કાર્ય એક કલાકમાં પુરું કરવામાં આવેલ. આ કાર્ય સંપન્ન થતાં સુધી બપોરના ભોજનનું સમય થઈ ગયેલ હોઈ મિટીંગનું બાકીનું કાર્ય ભોજન બાદ કરવાનું જણાવતા બધા ભોજન માટે ભોજન શાળામાં ગયેલા ભોજનમાં વડીલો માટે ટેબલ-ખુરશીની અલાયદી વ્યવસ્થા ગોઠવેલ હોઈ વડીલોને ટેબલ-ખુરશી પર જમાડવામાં આવેલ. આ બધી ભોજન વ્યવસ્થા ભુજ યુવક મંડળના સભ્યોએ ખાસ ગોઠવણ કરેલ અને ખુબ જ આદર-પ્રેમથી વડીલોને બધા સાથે ભોજન કરાવેલ. ભોજન બાદ વડીલ વંદનાનું કાર્ય કંઈ બાકી ન રહેતા તે સમયે તે કાર્યને પુર્ણ થયેલ જાહેર કરેલ.

**વડીલ વંદના માટે વડીલોના નામો મોકલનારા પ્રમુખશ્રીઓ તથા કાર્યકરો**

શ્રી જેન્તીલાલ હિરજી સાકરી - પ્રમુખશ્રી મુંબઈ જ્ઞાતિ
શ્રી રમેશભાઈ વેલજી પોલમ - પ્રમુખશ્રી અમદાવાદ જ્ઞાતિ
શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા - માજી પ્રમુખશ્રી અમદાવાદ
શ્રી નરેન્દ્રભાઈ મગનલાલ મહિચા - પ્રમુખશ્રી સાબરકાંઠા જ્ઞાતિ
શ્રી રાજેશભાઈ કેશવલાલ વિશાપરમાર - પ્રમુખશ્રી અંજાર જ્ઞાતિ
શ્રી લખમશીભાઈ ઈશ્વરલાલ કોટડીયા - પ્રમુખશ્રી પશ્ચિમ કચ્છ જ્ઞાતિ
શ્રી હિરાલાલ મોહનલાલ બગ્ગા - પ્રમુખશ્રી નખત્રાણા જ્ઞાતિ
શ્રી સુરેશભાઈ પ્રાગજી સોલંકી - પ્રમુખશ્રી માંડવી જ્ઞાતિ
શ્રી રમેશચંદ્ર રાઘવજી લાયચા - પ્રમુખશ્રી કોટડા-જડોદર જ્ઞાતિ
શ્રી કાંતિલાલ દામજી પોમલ - પ્રમુખશ્રી કોઠારા જ્ઞાતિ
શ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણી - પ્રમુખશ્રી ભુજ જ્ઞાતિ
શ્રી કાંતિલાલ વાલજી હેડાઉ - કાર્યકર રાજકોટ જ્ઞાતિ
શ્રી દિપેશભાઈ ત્રિકમદાસ પોમલ - કાર્યકર ગઢશીશા જ્ઞાતિ
શ્રી આશિષ પ્રભુલાલ કટ્ટા - કાર્યકર મુન્દ્રા જ્ઞાતિ

**વડીલ વંદના કાર્યને સફળ બનાવનારા**

ચંદ્રકાંત જટુભાઈ ચનાણી - મુખ્ય સંયોજક, તા.૯-૧૨-૨૦૧૨ના બધા કાર્યો
અમૃતલાલ જેઠાલાલ સોલંકી - સંયોજક, 'વડીલ વંદના' કાર્ય
પ્રદિપભાઈ જીવરામ બીજલાણી - સહયોગી 'વડીલ વંદના' કાર્ય
નિતીનભાઈ અમૃતલાલ હેડાઉ ''
ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા ''
મુરજીભાઈ નાનાલાલ કટ્ટા ''
રાહુલભાઈ ચંદ્રકાંત ચનાણી ''
હિતેષભાઈ ધીરજલાલ પોમલ ''
દિપકભાઈ ધીરજલાલ પોમલ ''
અશોકભાઈ કિશોરભાઈ બગ્ગા ''
રિયાબેન નિતીનભાઈ છત્રાળા ''
રાજેન્દ્રભાઈ વિશનજી બુદ્ધભટ્ટી ''

ઉપરોક્ત નામો ઉપરાંત યુવક મંડળ ભુજના પ્રમુખ અનિલભાઈ છત્રાળા તેમના બધા જ હોદ્દેદારો અને કારોબારીના સભ્યો સાથે વડીલ વંદનાના વડીલોને પોતાના વડીલો સમજી ખૂબ જ આદર સત્કાર સાથે સંભાળ રાખી કાર્યને સફળ બનાવેલ.

## વડીલ વંદના

ઉપરોક્ત કાર્યક્રમ અંતર્ગત નોંધાયેલ વડીલો (૭૫ વર્ષથી ઉપરના)ના નામો

| ક્રમ | નામ | ઉંમર |
|---|---|---|
| | **મુંબઈ** | |
| ૧ | લક્ષ્મીબેન દેવજીભાઈ બારમેડા | ૭૬ |
| ૨ | શારદાબેન વસંતલાલ બારમેડા | ૭૬ |
| ૩ | ધનજીભાઈ વેલજીભાઈ બુદ્ધભટ્ટી | ૭૬ |
| ૪ | દેવકુંવરબેન રમણીકલાલ બુદ્ધભટ્ટી | ૯૦ |
| ૫ | સરસ્વતીબેન રતીલાલ બુદ્ધભટ્ટી | ૭૫ |
| ૬ | શાન્તાબેન સુંદરજી બુદ્ધભટ્ટી | ૮૮ |
| ૭ | લક્ષ્મીદાસ માધવજી બુદ્ધભટ્ટી | ૭૬ |
| ૮ | ચાંદુબેન મગનલાલ બુદ્ધભટ્ટી | ૮૦ |
| ૯ | મુક્તાબેન લક્ષ્મીદાસ બુદ્ધભટ્ટી | ૭૭ |
| ૧૦ | મધુબેન કાનજી બુદ્ધભટ્ટી | ૭૫ |
| ૧૧ | હરિલાલ કેશવજી કટ્ટા | ૭૮ |
| ૧૨ | લક્ષ્મીબેન ગંગારામ છત્રાળા | ૯૭ |
| ૧૩ | બાબુભાઈ નારાણજી સાકરીયા | ૮૨ |
| ૧૪ | નાનાલાલ નારાણજી સાકરીયા | ૭૮ |
| ૧૫ | શાંતીલાલ નેણશી સોલંકી | ૭૫ |
| ૧૬ | દયાબેન જેઠાલાલ બીજલાણી | ૭૬ |
| ૧૭ | પ્રાણલાલ સુંદરજી સોલંકી | ૭૭ |
| ૧૮ | વિમળાબેન પ્રાણલાલ સોલંકી | ૭૫ |
| ૧૯ | ચંદાબેન જાદવજીભાઈ બુદ્ધભટ્ટી | ૭૬ |
| | **અમદાવાદ** | |
| ૨૦ | કાંતિલાલ નાગજી બારમેડા | ૭૬ |
| ૨૧ | મોતીબેન કલ્યાણજી સોલંકી | ૮૧ |
| ૨૨ | હંસરાજભાઈ ઠાકરશી ગોહિલ | ૭૭ |
| ૨૩ | હંસાબેન હંસરાજ ગોહિલ | ૭૫ |
| ૨૪ | ઠાકોરલાલ કેશવલાલ સાકરીયા | ૮૧ |
| ૨૫ | ગંગાબેન જેઠાભાઈ કોટડીયા | ૮૧ |
| ૨૬ | મણીબેન વિઠ્ઠલદાસ કોટડીયા | ૮૩ |
| ૨૭ | ખીમજીભાઈ ડુંગરશીભાઈ મહિચા | ૭૬ |
| ૨૮ | દિવાળીબેન પ્રતાપરાય પરમાર | ૮૦ |
| ૨૯ | જેઠાલાલ ટોકરશી બારમેડા | ૭૫ |
| ૩૦ | નર્મદાબેન મોહનલાલ પોમલ | ૭૫ |
| ૩૧ | રતનબેન કેશવલાલ પોમલ | ૭૫ |
| ૩૨ | વલ્લભદાસ કેશવજીભાઈ બુદ્ધભટ્ટી | ૭૭ |
| ૩૩ | શાંતાબેન શાંતિલાલ બીજલાણી | ૮૨ |
| ૩૪ | દલપતભાઈ નરશીભાઈ બુદ્ધભટ્ટી | ૮૫ |
| ૩૫ | નર્મદાબેન દલપતભાઈ બુદ્ધભટ્ટી | ૭૫ |
| ૩૬ | રંજનબેન શ્યામભાઈ બુદ્ધભટ્ટી | ૮૦ |
| | **રાજકોટ** | |
| ૩૭ | ગોપાલદાસ નવલરામ બુદ્ધભટ્ટી | ૭૭ |
| ૩૮ | ચુનીલાલ ગોપાલજી કટ્ટા | ૯૧ |
| ૩૯ | જયાબેન દેવરામભાઈ બુદ્ધભટ્ટી | ૮૦ |
| ૪૦ | પોપટલાલ વીરજીભાઈ બારમેડા | ૮૦ |
| ૪૧ | અમરતબેન હિરાલાલ બારમેડા | ૮૪ |
| ૪૨ | કેશવલાલ તુલસીદાસ બગ્ગા | ૭૭ |
| | **કોટડા જડોદર (નખત્રાણા)** | |
| ૪૩ | જયંતીલાલ ચત્રભુજ કોટડીયા | ૭૬ |
| ૪૪ | વેલુબેન ખીમજી લાયચા | ૭૭ |
| ૪૫ | અરજણ (બાબુભાઈ) લાલજી બુદ્ધભટ્ટી | ૭૬ |
| ૪૬ | નાનબાઈ ગંગારામ બગ્ગા | ૭૯ |
| ૪૭ | રૂક્ષ્મણીબેન ભાણજી લાયચા | ૭૬ |
| | **નખત્રાણા** | |
| ૪૮ | ખીમજી વલ્લભજી બારમેડા | ૭૫ |
| ૪૯ | વિસનજીભાઈ ડુંગરશી કટ્ટા | ૮૦ |
| ૫૦ | શાન્તાબેન ભગવાનજી કટ્ટા | ૭૫ |
| ૫૧ | હરિલાલ હેમરાજ સોલંકી | ૭૬ |
| ૫૨ | ડાઈબેન વિશનજી બગ્ગા | ૭૮ |
| ૫૩ | કસ્તુરબેન કરશનદાસ કટ્ટા | ૮૧ |
| ૫૪ | નર્મદાબેન વિસનજી કટ્ટા | ૮૩ |
| ૫૫ | નર્મદાબેન ડુંગરશી કટ્ટા | ૭૬ |
| ૫૬ | સરસ્વતીબેન બેચરલાલ કટ્ટા | ૭૭ |
| ૫૭ | રતિલાલ હંસરાજ કટા | ૭૬ |
| ૫૮ | શાંતાબેન ભગવાનજી કટ્ટા | ૭૬ |
| ૫૯ | ભચીબેન મોહનલાલ ગુજરાતી | ૭૬ |
| ૬૦ | લાલજી ડુંગરશી પરમાર | ૭૬ |
| ૬૧ | અમૃતલાલ વિઠ્ઠલદાસ બગ્ગા | ૭૫ |
| ૬૨ | પરસોત્તમ તુલસીદાસ બારમેડા | ૭૫ |
| ૬૩ | ધનજી કાનજી બુદ્ધભટ્ટી | ૮૫ |
| ૬૪ | સાકરચંદ વેલજી સોલંકી | ૮૪ |
| | **માંડવી** | |
| ૬૫ | રંભાબેન ધનજીભાઈ બુદ્ધભટ્ટી | ૭૬ |
| ૬૬ | જયંતિભાઈ હરિરામ બુદ્ધભટ્ટી | ૭૬ |
| ૬૭ | દમયંતીબેન ત્રિભોવન કોટડીયા | ૭૬ |
| ૬૮ | વેલજી પ્રેમજી પોમલ | ૭૭ |
| ૬૯ | મોતીબેન કરશનદાસ સોલંકી | ૮૦ |
| | **નાગલપુર (માંડવી)** | |
| ૭૦ | પ્રભાબેન લક્ષ્મીદાસ સોલંકી | ૭૭ |

| | | |
|---|---|---|
| | **ગઢશીશા (માંડવી)** | |
| ૭૧ | ઝવેરબેન શંભુલાલ બારમેડા | ૭૬ |
| ૭૨ | મુલબાઈ વાલજી બુદ્ધભટ્ટી | ૮૪ |
| ૭૩ | ત્રિકમદાસ રવજી પોમલ | ૮૨ |
| ૭૪ | ગંગાબેન કાનજી બારમેડા | ૮૧ |
| | **મુંદ્રા** | |
| ૭૫ | મણીબેન મોહનલાલ પોમલ | ૮૫ |
| ૭૬ | અમૃતલાલ જીવરામ સોલંકી | ૮૩ |
| ૭૭ | લક્ષ્મીદાસ પ્રેમજી પોમલ | ૯૦ |
| | **અંજાર** | |
| ૭૮ | હિરાલાલ દામજી પોમલ | ૭૫ |
| ૭૯ | પ્રેમીલાબેન મોરારજી બુદ્ધભટ્ટી | ૭૭ |
| ૮૦ | મુક્તાબેન રામજી બુદ્ધભટ્ટી | ૭૬ |
| ૮૧ | મટુબેન વિસનજી સાકરીયા | ૭૮ |
| ૮૨ | દેવશીભાઈ ચત્રભુજ હેડાઉ | ૭૫ |
| ૮૩ | લીલાવંતીબેન હિરાલાલ બુદ્ધભટ્ટી | ૭૮ |
| ૮૪ | છોટાલાલ હિરજી મેવચા | ૭૫ |
| ૮૫ | જયાબેન છગનલાલ પોમલ | ૮૧ |
| ૮૬ | કાન્તાબેન પ્રેમજી મહિચા | ૭૬ |
| ૮૭ | મણીબેન વાલજીભાઈ બુદ્ધભટ્ટી | ૮૦ |
| ૮૮ | પુષ્પાબેન પ્રાણલાલ ગોહીલ | ૭૫ |
| ૮૯ | પ્રેમજી ગાંગજી મહિચા | ૮૦ |
| ૯૦ | નર્મદાબેન હરિરામ બારમેડા | ૭૭ |
| ૯૧ | મણીબેન વેલજી બારમેડા | ૯૦ |
| ૯૨ | કાન્તાબેન મુળજી મહિચા | ૭૫ |
| ૯૩ | નાનાલાલ પરસોત્તમ પરમાર | ૮૨ |
| ૯૪ | સરસ્વતીબેન ગોપાલજી પરમાર | ૭૯ |
| ૯૫ | નટવરલાલ પોપટલાલ મૈચા | ૭૯ |
| ૯૬ | કમળાબેન નટવરલાલ મૈચા | ૭૫ |
| ૯૭ | રતનબેન કાન્તીલાલ છત્રાળા | ૮૧ |
| ૯૮ | હેમરાજ જેરામ બુદ્ધભટ્ટી | ૭૬ |
| ૯૯ | કંચનબેન શાંતીલાલ પોમલ | ૭૬ |
| ૧૦૦ | કસ્તુરબેન શંકરલાલ બગ્ગા | ૭૬ |
| ૧૦૧ | દેવકાબેન દેવજી સાકરીયા | ૭૫ |
| ૧૦૨ | કાન્તાબેન પોપટલાલ સાકરીયા | ૮૦ |
| | **ભુજ** | |
| ૧૦૩ | દયાબેન નાનાલાલ સોલંકી | ૭૬ |
| ૧૦૪ | પાર્વતીબેન પ્રેમજી સોલંકી | ૮૨ |
| ૧૦૫ | ભચીબેન નાનાલાલ બુદ્ધભટ્ટી | ૮૨ |
| ૧૦૬ | દિવાળીબેન જદુરામ બુદ્ધભટ્ટી | ૭૯ |
| ૧૦૭ | જવેરીલાલ દેવશી સોલંકી | ૮૪ |
| ૧૦૮ | સાવિત્રી જવેરીલાલ સોલંકી | ૭૯ |
| ૧૦૯ | ગં.સ્વ. ઝવેરબેન મોતીલાલ બારમેડા | ૮૧ |
| ૧૧૦ | વિજયાબેન હરીરામ બુદ્ધભટ્ટી | ૮૪ |
| ૧૧૧ | બાબુલાલ રતનશી બુદ્ધભટ્ટી | ૭૯ |
| ૧૧૨ | વેલજીભાઈ રામજી કટ્ટા | ૭૮ |
| ૧૧૩ | જટાશંકર બેચરદાસ કટ્ટા | ૮૦ |
| ૧૧૪ | ગં.સ્વ. રતનબેન પોપટલાલ કટ્ટા | ૮૧ |
| ૧૧૫ | ગં.સ્વ. ચતુરાબેન નાનાલાલ પોમલ | ૭૯ |
| ૧૧૬ | ગં.સ્વ. જયાલક્ષ્મીબેન અમૃતલાલ હેડાઉ | ૭૬ |
| ૧૧૭ | ઝવેરબેન મેઘજી બગ્ગા | ૮૯ |
| ૧૧૮ | હરિલાલ પ્રેમજી પોમલ | ૮૨ |
| ૧૧૯ | ગં.સ્વ. દિવાળીબેન જીવરામ બીજલાણી | ૮૭ |
| ૧૨૦ | જયાબેન જટાશંકર બારમેડા | ૭૬ |
| ૧૨૧ | ઝવેરબેન શામજી બુદ્ધભટ્ટી | ૮૬ |
| ૧૨૨ | ઈન્દુલાલ કેશવજી બુદ્ધભટ્ટી | ૮૧ |
| ૧૨૩ | મણીબેન ભવાનજી બુદ્ધભટ્ટી | ૮૨ |
| ૧૨૪ | ગૌરીબેન શીવલાલ બીજલાણી | ૭૯ |
| ૧૨૫ | પ્રેમકુંવરબેન મીઠુભાઈ સોલંકી | ૭૫ |
| ૧૨૬ | ઝવેરબેન જેઠાલાલ બીજલાણી | ૯૨ |
| ૧૨૭ | લખમશી માવજી પોમલ | ૮૫ |
| ૧૨૮ | લીલાવંતી લખમશી પોમલ | ૭૬ |
| ૧૨૯ | ચુનીલાલ કાનજી બુદ્ધભટ્ટી | ૭૭ |
| ૧૩૦ | જમનાબેન માવજી બુદ્ધભટ્ટી | ૯૪ |
| ૧૩૧ | પ્રભાબેન પ્રેમજી બીજલાણી | ૭૯ |
| ૧૩૨ | ગૌરીબેન રાયશી બુદ્ધભટ્ટી | ૮૦ |
| ૧૩૩ | ઉમિયાબેન રણછોડદાસ પોમલ | ૮૪ |
| ૧૩૪ | પ્રાણલાલ માવજી હેડાઉ | ૮૪ |
| ૧૩૫ | દયાકુંવરબેન શંભુલાલ કટ્ટા | ૭૫ |
| ૧૩૬ | સુંદરજી ખેંગાર બીજલાણી | ૭૬ |
| ૧૩૭ | હરીલાલ ખીમજી પોમલ | ૭૬ |
| ૧૩૮ | ધનલક્ષ્મીબેન નારણદાસ બીજલાણી | ૭૭ |
| ૧૩૯ | કાન્તાબેન ઘનશ્યામ બીજલાણી | ૮૫ |
| ૧૪૦ | કસ્તુરબેન કાનજી બગ્ગા | ૮૯ |
| ૧૪૧ | શાંતાબેન દેવશી બુદ્ધભટ્ટી | ૮૩ |
| ૧૪૨ | પ્રાણકુંવર કરશનદાસ બુદ્ધભટ્ટી | ૮૨ |
| ૧૪૩ | મનસુખલાલ શીવજી પોમલ | ૭૬ |
| ૧૪૪ | મનહરલાલ જટાશંકર બુદ્ધભટ્ટી | ૭૭ |
| ૧૪૫ | મોતીલાલ દેવકરણ બુદ્ધભટ્ટી | ૭૯ |
| ૧૪૬ | વિઠ્ઠલદાસ પ્રાગજી બારમેડા | ૭૭ |
| ૧૪૭ | વાલજીભાઈ ખેતશીભાઈ ગુજરાતી | ૮૦ |
| ૧૪૮ | સૂર્યકાંત નાનજી પોમલ | ૭૮ |
| ૧૪૯ | ગં.સ્વ. શારદાબેન મુળજીભાઈ બીજલાણી | ૭૭ |
| ૧૫૦ | ધનજી નાનજી બુદ્ધભટ્ટી | ૭૬ |
| ૧૫૧ | જેન્તીલાલ રામજી પોમલ | ૭૮ |
| ૧૫૨ | નર્મદાબેન માવજી બારમેડા | ૮૬ |
| ૧૫૩ | જયાબેન કેશવજી સોલંકી | ૭૬ |
| ૧૫૪ | જદુરામભાઈ લખમશી કોટડીયા | ૮૩ |

૧૫૫ દયાબેન જદુરામભાઈ કોટડીયા ૭૯
૧૫૬ લીલાબેન ઈશ્વરલાલ બુદ્ધભટ્ટી ૭૬
૧૫૭ ચંચળબેન લાલજી બુદ્ધભટ્ટી ૮૫
૧૫૮ સાવિત્રીબેન દેવશી પોમલ ૭૮
૧૫૯ વિશનજી ભગવાનજી બુદ્ધભટ્ટી ૭૬
૧૬૦ ગં.સ્વ. વિમળાબેન હરિવદન પરમાર ૮૨
૧૬૧ હીરાકુંવરબેન મોહલાલ બારમેડા ૭૯
૧૬૨ ગં.સ્વ. જમનાબેન કેશવલાલ બારમેડા ૮૧
૧૬૩ સરસ્વતીબેન પ્રાણલાલ છત્રાળા ૭૮
૧૬૪ રામજી દેવજી પોમલ ૭૯
૧૬૫ ગં.સ્વ. કાન્તાબેન માધવજી પોમલ ૭૯
૧૬૬ ધનલક્ષ્મીબેન રવજી બારમેડા ૭૭
૧૬૭ પાર્વતીબેન પિતાંબર મયેચા ૭૭
૧૬૮ દયાબેન સાકરચંદ બારમેડા ૭૭
૧૬૯ બાબુલાલ નરશી પોમલ ૮૦
૧૭૦ વિદ્યાબેન વિઠ્ઠલદાસ પોમલ ૮૦
૧૭૧ કલ્યાણજી નથુભાઈ બારમેડા ૮૯
૧૭૨ રૂક્ષ્મણીબેન કલ્યાણજી બારમેડા ૭૮
૧૭૩ સરસ્વતીબેન ધનજી બુદ્ધભટ્ટી ૯૬
૧૭૪ કાન્તાબેન જટાશંકર બગ્ગા ૭૫
૧૭૫ વિમળાબેન ભાઈલાલ કટ્ટા ૭૭
૧૭૬ ગં.સ્વ. સાવિત્રીબેન ગોરધનદાસ બારમેડા ૭૬

**માધાપર**

૧૭૭ મંગળાબેન હીરાલાલ કટ્ટા ૭૯
૧૭૮ ગં.સ્વ. કબુબેન તુલસીદાસ બગ્ગા ૮૦
૧૭૯ ગોવિંદ ધારશી કટ્ટા ૭૭
૧૮૦ અમૃતબેન વીરજી કટ્ટા ૮૬
૧૮૧ ધનગૌરીબેન અમૃતલાલ બુદ્ધભટ્ટી ૭૬
૧૮૨ ગં.સ્વ. ભાનુબેન ભાઈલાલ પોમલ ૮૯
૧૮૩ ગં.સ્વ. મણીબેન નરભેરામ બુદ્ધભટ્ટી ૭૯
૧૮૪ જેરામ વિરજી બારમેડા ૮૦
૧૮૫ પ્રભાબેન જેરામ બારમેડા ૭૫
૧૮૬ ગૌરીબેન જેરામભાઈ વિશાપરમાર ૮૨
૧૮૭ રામજી જેરામ કટ્ટા ૭૭
૧૮૮ રતનબેન ઓધવજી પોમલ ૯૪
૧૮૯ વૃજલાલ દેવચરણ મયેચા ૮૧
૧૯૦ કાન્તાબેન વિશનજી ચૌહાણ ૮૩
૧૯૧ લખમશી વિશનજી બારમેડા ૮૫
૧૯૨ જવેરબેન ધનજી બારમેડા ૭૬
૧૯૩ કાંતિલાલ નરસિંહ બારમેડા ૭૮
૧૯૪ ગોદાવરીબેન નારાણદાસ બારમેડા ૮૪
૧૯૫ જમનાબેન ઝવેરીલાલ ગુજરાતી ૮૪
૧૯૬ વેલજી ગોપાલજી કોટડીયા ૭૭
૧૯૭ ચંચળબેન વેલજી કોટડીયા ૭૬

**બળદિયા**

૧૯૮ અમૃતબેન રણછોડ સોલંકી ૮૯
૧૯૯ ગં.સ્વ. હિરાબેન હરિલાલ સાકરીયા ૭૭
૨૦૦ જેરામભાઈ ગોરધનભાઈ બારમેડા ૭૯
૨૦૧ કસ્તુરબેન જીવરામ પોમલ ૮૫

**મીરઝાપર**

૨૦૨ જયાબેન જટાશંકર બુદ્ધભટ્ટી ૭૭
૨૦૩ જયાબેન પીતાંબર બુદ્ધભટ્ટી ૭૯
૨૦૪ જયાબેન જેરામભાઈ બીજલાણી ૭૮

**હિંમતનગર**

૨૦૫ મણીબેન માધવજી બારમેડા ૭૮

**વડાલી**

૨૦૬ માણેકબેન કલ્યાણજી બુદ્ધભટ્ટી ૮૧

**વડોદરા**

૨૦૭ શિવલાલભાઈ મોતીભાઈ બુદ્ધભટ્ટી ૭૬

**દહેગામ**

૨૦૮ દયારામ કાનજીભાઈ સોલંકી ૭૮

**નડિયાદ**

૨૦૯ ભગવાનદાસ કરશનદાસ કટ્ટા ૭૮

**ઈડર**

૨૧૦ જયંતીલાલ ચત્રભુજ કોટડીયા ૭૬

**દેશલપર**

૨૧૧ શાન્તાબેન ડુંગરશી પોમલ ૮૮
૨૧૨ ગં.સ્વ. ડાઈબેન તુલસીદાસ સોલંકી ૮૬

**વિરાણી તા. નખત્રાણા**

૨૧૩ ચાંપશી પ્રધાન સોલંકી ૮૦
૨૧૪ લક્ષ્મીબેન ડુંગરશી કટ્ટા ૭૯

**રવાપર (કચ્છ)**

૨૧૫ રતિલાલ ગોવિંદજી બારમેડા ૭૭

**ઘડાની (કચ્છ)**

૨૧૬ શિવજીભાઈ ખીમજીભાઈ બારમેડા ૮૬
૨૧૭ સાકરબેન શિવજી બારમેડા ૮૪
૨૧૮ પાર્વતીબેન ઉમરશી બારમેડા ૮૨

**વિથોણ (કચ્છ)**

૨૧૯ સાવિત્રીબેન શિવજી બારમેડા ૭૮
૨૨૦ લક્ષ્મીબેન હરિરામ પરમાર ૭૫

**દયાપર તા. લખપત**

૨૨૧ હંસરાજ હિરજી બારમેડા ૭૫
૨૨૨ બાલકૃષ્ણ જાદવજી પરમાર ૮૧
૨૨૩ ભગવતીબેન બાબુલાલ બારમેડા ૭૬

**જંગડિયા (તા. અબડાસા)**

૨૨૪ લક્ષ્મીબેન દેવજી કટ્ટા ૮૬

**હાજાપર (તા. અબડાસા)**

૨૨૫ નાનજી લક્ષ્મીદાસ પોમલ ૭૫

| | | |
|---|---|---|
| | **નલિયા (તા. અબડાસા)** | |
| ૨૨૬ | વેલાબેન રતનશી પોમલ | ૭૯ |
| ૨૨૭ | સંતોકબેન રવજી સાકરીયા | ૮૧ |
| | **ગાંધીધામ** | |
| ૨૨૮ | પ્રાણલાલ જેરામ સોલંકી | ૭૬ |
| | **નાગલપુર મોટી તા. અંજાર** | |
| ૨૨૯ | કસ્તુરબેન રમણીકલાલ બારમેડા | ૮૫ |
| | **સુખપર** | |
| ૨૩૦ | બચુબેન જેરામ હેડાઉ | ૮૪ |
| | **માનકુવા** | |
| ૨૩૧ | રતિલાલ ભાણજી ગુજરાતી | ૭૬ |
| ૨૩૨ | વિજયાબેન નથુભાઈ મચેચા | ૮૭ |
| | **કેરા** | |
| ૨૩૩ | અમૃતબેન ઠાકરશી મચેચા | ૮૯ |
| ૨૩૪ | હીરાબેન ગોપાલદાસ રતનપાળ | ૭૯ |
| | **આણંદસર** | |
| ૨૩૫ | શાંતાબેન વિઠ્ઠલદાસ જસમતીયા | ૭૯ |
| | **દહીંસરા** | |
| ૨૩૬ | રતનબેન શાંતિલાલ ગુજરાતી | ૭૬ |
| ૨૩૭ | કમળાબેન કાંતિલાલ સાકરીયા | ૭૬ |
| | **નારાણપર** | |
| ૨૩૮ | નર્મદાબેન ગાંગજી બારમેડા | ૭૭ |
| ૨૩૯ | મુક્તાબેન વિશનજી મચેચા | ૮૪ |
| | **ભચાઉ** | |
| ૨૪૦ | હરિલાલ દામજી સોલંકી | ૭૮ |

## સમાજ અગ્રણીઓના પ્રતિભાવ

**વડીલ વંદના**

### વડીલ વંદના કાર્યક્રમ દર ત્રણ વર્ષે યોજાય

**કિશોર જે. ચનાણી-પ્રમુખ, દિલીપ બગ્ગા-મંત્રીશ્રી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ**

તા. ૯-૧૧-૨૦૧૨, રવિવારના રોજ મહામંડળ દ્વારા યોજાયેલ મહાસંમેલન પ્રસંગે યોજવામાં આવેલ 'વડીલ વંદના' કાર્યક્રમ મારફ્તે વડીલોનું સન્માન કરવામાં આવ્યું તે એક સુખદઃ ઘટના હતી. આપણે આપણા જીવનમાં બનતી સુખદઃ ઘટનાઓ હોય કે દુઃખદ ઘટનાઓ હોય તેમાંથી બહાર નીકળતી વખતે હંમેશા વડીલોના પુણ્ય- વડીલોના આશીર્વાદના કારણે જ આમ થયું છે તેમ માનતા હોઈએ છીએ. જે એક સત્ય હકીકત છે. જે અનેકવાર આપણે અનુભવ્યું છે. માટે વડીલોના રસ્તે ચાલતા આપણી ભાવી પેઢીને શીખવી આપણું જીવન સાર્થક કરવું જોઈએ. મહામંડળે વડીલ વંદના કાર્યક્રમ દર ત્રણ વર્ષે યોજવું જોઈએ અને વડીલોના આશીર્વાદ મેળવવા જોઈએ તેવું મારું સૂચન છે.

### 'વડીલ વંદના' સાથે મહામંડળ 'વડીલ વેદના' પણ સમજે..

**સોની હરીલાલ લખમશી - અંજાર**

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળનો એક સરસ કાર્યક્રમ મહાસંમેલન અને જનરલ સભા રૂપે સંપન્ન થયો. આ દરમ્યાન 'વડીલ વંદના' નો એક કાર્યક્રમ યોજાયો જે દરમ્યાન વડીલો પાસે જઈને જ્ઞાતિ અગ્રણીઓએ તેમને સન્માન્યા. ભાવસભર દૃશ્ય ખડું થયું. કદાચ કોઈક એવી વ્યક્તિઓ પણ હોય કે જેમના માટે સન્માન પામવાનો જીંદગીમાં પહેલો અને એક માત્ર પ્રસંગે બન્યો હોય. નાનકડી પણ જીવન જીવવાનું પ્રેરક બળ પુરું પાડી શકે તેવી મોટી વાત છે.

મહામૂલી જીંદગીમાં આ પ્રત્યક્ષ કે પરોક્ષ સન્માન પણ જીવન જીવવાનું બળ પુરું પાડી શકે છે. મહામંડળ 'વડીલ વંદના' સાથે મહામંડળ 'વડીલ વેદના' પણ સમજવાની કોશીષ કરે એવું આયોજન થાય એવો એક વિચાર ઘણા બધા બૌધિકો સાથેની ચર્ચા પછી મળ્યો છે. ભવિષ્યમાં વિચારી શકાય. દરેક ઘટકમાંથી અગ્રણીઓ વડીલોની મુલાકાત લે તેમની સાથે વાતચીત કરે અને એ પણ એવી રીતે કે વડીલ તથા એમના સંતાનો કે પરિવારજનોનું સ્વમાન ભંગ ન થાય અને તેમને માનસિક અગવડ ઉભી ન થાય તેનું ખાસ ધ્યાન રાખજો.

સમાજમાં ઘણા વડીલો એવા હશે કે જેમને હૂંફની જરૂર હોય છે. આમ જોઈએ તો દરેક વડીલને ફ્ક્ત હૂંફની જરૂર હોય છે. મોટા ભાગના વડીલો-વૃદ્ધોની જરૂરીયાતો ઓછી હોય છે. ફ્ક્ત પ્રેમ-લાગણી કે આદર સહિત તેમના સાથે થોડો સમય ગાળો એટલે ભયો.. ભયો.. આ કાર્ય મહિલાઓ પણ ખૂબજ સારી રીતે કરી શકે એવું મારું માનવું છે.

મહામંડળના ઉપક્રમે શ્રી અમૃતલાલભાઈ સોલંકીએ 'વડીલ વંદના'નું ખૂબ સરસ રીતે આયોજન કર્યું તે બદલ તેઓ અભિનંદનનો અધિકારી છે. — અસ્તુ

### વડીલોની મુશ્કેલીઓ કે જરૂરીયાતો પુરી કરવી જોઈએ..

**ભરતભાઈ બગ્ગા - ગાંધીધામ**

વડીલ વંદના કાર્યક્રમ આપણા સ્વર્ણીમ સમાજ માટે કંઈ અનોખો - અને જરા હટકે કહી શકાય. આ કાર્યક્રમ દરેકને ગમ્યો હશે એવું તે વખતે અનુભવાતું હતું. આ કાર્યક્રમ દર ૨-૩ વર્ષે થવો જોઈએ. વડીલો સાથે સંતાનો પણ આ કાર્યક્રમથી ખુશ થયા હશે. આ પ્રસંગે વડીલો તથા પરિવારજનોના પ્રતિભાવો પણ લેવા જોઈએ. એમની કંઈ પણ મુશ્કેલીઓ કે જરૂરીયાતો હોય તો પુરી કરવા પ્રયત્નો કરવા જોઈએ. વડીલોના આશીર્વાદ સંતાનો અને સમાજને મળતા રહે એજ અભ્યર્થના..

વડીલ
વંદના

## વડીલોના અનુભવ કે કાબેલિયતનો લાભ સમાજે લેવો જોઈએ..

**પ્રાણલાલ એન. સોની - ભુજ**

વડીલ વંદના કાર્યક્રમ બહુ જ સરસ કહી શકાય એના માટે મહામંડળ તેમજ કાર્યક્રમના કન્વીનર અમૃતલાલ જે. સોલંકીને ખૂબ ખૂબ અભિનંદન. મારે ફક્ત એટલું જ કહેવાનું છે કે જે તે ધંધા-રોજગાર કે અન્ય ક્ષેત્રમાં વડીલો નિવૃત્ત થાય છે કે થવાના છે એમના અનુભવ કે કાબેલિયતનો લાભ સમાજને મળવો જોઈએ. વડીલોએ સતત પ્રવૃત્તિમય જીવન જીવવું જોઈએ એજ અભ્યર્થના.

## પરિવારજનોને પ્રેરણારૂપ કાર્યક્રમ

**ભરતભાઈ સોની - નખત્રાણા**

વડીલ વંદના કાર્યક્રમ બહુ જ સરાહનીય રહ્યો. આ કાર્યક્રમથી વડીલો તો ખુશ થાય છે જ, સાથે એમના સંતાનો - પરિવારજનોને પણ આનંદ થાય છે કે અમારા માવિત્રોનું સમાજે આજે સન્માન કરીને અમોને પણ સારી પ્રેરણા અને શીખ આપી છે. અમારો વડીલો પ્રત્યે જે આદર હતો તેનાં કરતા હવે અમે વધારે આદર કરીશું.

એક ખરેખર પ્રેરણાદાયી પ્રસંગ કહી શકાય. આ પ્રસંગો દર બે વર્ષે ઉજવી શકાય એવું મારું નમ્ર પણે માનવું છે, સૂચન છે અને આ માટે મારા તરફથી તમામ યોગદાનની ખાત્રી આપું છું.

## વડીલ વંદના પ્રેરક પ્રસંગ : મહામંડળે એક પ્રેરક રાહ ચિંધ્યો છે..

**ચુનીભાઈ પોમલ, ધનજીભાઈ સોની - કોઠારા**

મને લાગે છે કે વડીલો અને એમના પરિવારજનોમાં જે આનંદ અને ગૌરવની લાગણી જોઈ શકાતી હતી. એ માટે ખરેખર મહામંડળ અભિનંદનના અધિકારી છે. આ કાર્યક્રમ ઉત્સવ સમાન લાગ્યો.

હવે ઉમેરવાનું એજ કે ફક્ત સન્માન કરીને સંતોષ ન માની લેતા સ્થાનિક અને તાલુકા જીલ્લાના અગ્રણીઓએ અવાર નવાર કે પ્રસંગોપાત આ વડીલોના ખબર અંતર પૂછતા રહેવું જોઈએ. મહામંડળે તો એક પ્રેરક રાહ ચિંધ્યો છે.

## સમાજ સેવા એ જ સમાજનું ઋણ

**– એ. જે. સોલંકી સંયોજક 'વડીલ વંદના' ઉપપ્રમુખ મહામંડળ**

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા ત્રિ-વાર્ષિક અધિવેશન (જનરલ સભા)ના દિવસે યોજાતા ઉચ્ચ શૈક્ષણિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અખિલ ભારતના જ્ઞાતિજનોને ધ્યાને લઈ કાર્ય થાય છે. તેવી રીતે આ વખતે અખિલ ભારતના ૭૫ વર્ષ કે તેથી ઉપરના આયુષ્યના તમામ મહિલા-પુરુષ વડીલોના સન્માન 'વડીલ વંદના' નું કાર્ય કરવાનું નિર્ણય લઈ તા. ૯-૧૨-૨૦૧૨ના રવિવારે ઉચ્ચ શિક્ષણ સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે 'વડીલ વંદના' નું કાર્ય કરી વડીલોના આશીર્વાદ મેળવ્યા. આ કાર્ય ખૂબ જ ભાવાત્મક અને આપણી જ્ઞાતિની સંસ્કૃતિને દર્શાવતો કાર્ય રહેલ.

અખિલ ભારતના જ્ઞાતિજનોને લક્ષમાં રાખી આવા કાર્યો થકી મહામંડળ ગામો ગામ દરેક કુટુંબ સુધી તેમની ઓળખ પહોંચાડશે. જેના ફાયદારૂપે સંગઠનને ખૂબ જ મજબુતી આપી શકાશે. આવા કાર્યો વધુને વધુ થાય તેવી શ્રી મહાકાલીકા માતાજી પાસે હૃદય પૂર્વકની પ્રાર્થના.

તા. ૯-૧૨-૨૦૧૨ રવિવારના રોજ એક જ દિવસમાં મહામંડળના ચાર કાર્યો જનરલ સભા, વડીલ વંદના, ઉચ્ચ શૈક્ષણિક સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સફળતાથી પાર પાડવા બદલ.

મહામંડળના પ્રમુખશ્રી હોદ્દેદારો તથા કારોબારી સભ્યો ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી હોદ્દેદારો તથા કારોબારી સભ્યો, યુવક મંડળ ભુજના પ્રમુખશ્રી હોદ્દેદારો, કારોબારી સભ્યો તેમજ આ કાર્યમાં યોગદાન આપનાર તમામ કાર્યકરને મારા ખૂબ ખૂબ અભિનંદન. જય માતાજી.. જય સમાજ.

## માતૃદેવો ભવઃ અને પિતૃદેવો ભવઃ કાર્યક્રમ એટલે જ 'વડીલ વંદના'

– લત્તા સોલંકી, રોહિણી બુદ્ધભટ્ટી, અરૂણાબેન બુદ્ધભટ્ટી, સુધાબેન બુદ્ધભટ્ટી - મહિલા મંડળ-ભુજ

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા તા. ૯-૧૨-૨૦૧૨ના રોજ 'મહા અધિવેશન' દરમિયાન વડીલ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમે આપણી ભારતીય સંસ્કૃતિની યાદ અપાવી. જેમાં 'માતૃ દેવો ભવઃ' અને 'પિતૃ દેવો ભવઃ' ના ગંભીર પણ મધુર નાદે વાતાવરણને પહેલા વરસાદ જેવો ભીની ભીની ખુશ્બુ જેવું આનંદમય બનાવ્યું.

આવું એક અદ્વિતીય સાંસ્કૃતિક વાતાવરણ મંડપમાં બંધાયું. મહામંડળના હોદ્દેદારો સ્વયં વડીલો પાસે જઈ વંદન કરી સન્માનિત કરી ખૂબ જ ધન્યતા અનુભવતા હતા.

વડીલ વંદનાનો આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. આ સફળતામાં ચાર ચાંદ લાગે એવા થોડા વિચારો વ્યક્ત કરતા આનંદ અનુભવું છું.

વડીલ વંદનાના કાર્યક્રમ પછી પણ આપણે આ વડીલોને વારે તહેવારે યાદ કરવા જોઈએ. નવા વર્ષની શુભેચ્છા પાઠવીએ. તેઓના જન્મ દિવસે એક શુભેચ્છા સંદેશ પાઠવી તેમના સ્વસ્થ્ય અને દીર્ઘાયુની કામના કરીએ. વર્ષમાં બે-ત્રણ વાર તેઓની તબિયતના હાલ-ચાલ પુછીએ તો વડીલોને પણ ઉંમરની પાનખરમાં વાસંતી વાયરાનો અનુભવ થાય. ડાયરીમાં મળેલ સૂકી પાંખડીયું જેવું આયખું મહેકતું લાગે. વડીલોના પરિવારજનોને પણ મહામંડળ પોતીકું લાગે.

મહામંડળ પણ આવા સ્તુત્ય કાર્યક્રમો વારંવાર યોજતા રહી સમસ્ત જ્ઞાતિજનોના તનમનને પ્રફુલ્લિત કરતા રહી જ્ઞાતિજનોના અભિનંદનના અધિકારી બને.

## વડીલોએ અનુભવનું ભાથું છે.

– જીનલ સોલંકી 'યાદ' માંડવી

તાજેતરમાં અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા 'વડીલ વંદના' કાર્યક્રમ યોજાઈ ગયો. 'વડીલ વંદના' એ આજના યુગમાં જવલ્લે જ જોવા મળતી ઘટના છે, જેને અવસર રૂપે આપણી જ્ઞાતિએ ઉજવી એટલે અવિસ્મરણીય કહી શકાય. ત્યારે કહેવાની ઈચ્છા થાય કે,

''લોકો કરે છે 'પર્ણો'ની વંદના<br>
સલામ આપણી જ્ઞાતિને<br>
એણે સાંભળી છે થડોની 'વેદના'... !''

વડીલો એ અનુભવનું ભાથુ છે. કોમર્સની ભાષામાં કહું તો વપરાયેલી મૂડી છે, જીવનમાં કેમ વપરાવાય એ એની પાસેથી શીખવાનું છે. વડીલો એ ઘરનો છાંયડો છે. ૨૧મી સદીની ફાસ્ટ જનરેશનને વડીલોના ધીમા અને સંભાળેલા પગલે ચાલવું નથી ગમતું અને એટલે જ જોવા મળતા હોય છે બે પેઢીઓ વચ્ચેના વિચાર ભેદો, મન ભેદો...

હું એવું પણ માનું છું કે, વડીલો એ 'વેરાતી સંધ્યા' છે. જ્યારે બાળકો એ વેરાતી સવાર છે. સંધ્યા અને સવારનું સૌંદર્ય કાયમ તમામના મનને હરી લેતું હોય છે. એટલે આપણામાં કહેવાતું પણ હોય છે કે વૃદ્ધો અને બાળકો બેઉ સરખા પણ, આપણું માનસ ? લોકો કાયમ ઉગતા સુરજને પાણીનો લોટો ચડાવશે !! 'ઢળકતા સૂરજને' કેમ નહિ ?? શું આખો દિવસ તપીને સુરજ તરસ્યો નહિ થયો હોય ?

આજ હું હૃદયપૂર્વક આપણી જ્ઞાતિના આ ઉમદા કાર્યને નતમસ્તક વંદન કરું છું. એમનું કાર્ય પ્રશંસનીય એટલા માટે કહી શકાય કે એમણે વડીલોના અસ્તિત્વને જાહેરમાં સ્વીકાર થવા દીધો છે. કરચલીઓ પડેલા ચહેરામાં હાસ્યની રેખાઓને પ્રવેશવા દીધા છે. ડાબલીની બત્રીસીને દેખાડવા દીધી છે. હસાવવા દીધી છે...

અંતે તો એટલું કહીશ<br>
''ઊગતી ઉષા તો સૌ પુંજશે,<br>
ઢળકતી સંધ્યા પૂજે એ વીર,<br>
વસંતોનો વૈભવ તો સૌ જોશે<br>
વીતેલી વસંતો જુએ એ અમીર !!''

## શ્રી પશ્ચિમ કચ્છ મારું કંસારા સોની જ્ઞાતિ અને એજ્યુકેશન ટ્રસ્ટ

લખમશી ઈશ્વરભાઈ સોની-પ્રમુખ, હેમેન્દ્ર કંસારા-મંત્રી

મહામંડળ આયોજીત વડીલ વંદના કાર્યક્રમને હૃદયપૂર્વકની વંદના વડીલોનું થતું સન્માનના પ્રતિભાવે વડીલોની આંખોમાં એનો આનંદ જોયો ત્યારે થયું કે આપતો કદાચ વહેલા જાગ્યા હોત તો ! છતાં પણ આયોજકને ધન્યવાદ. સાથે અમારા અહોભાગ્ય કે અમોને પણ વડીલોનું સન્માન કરવાની તક મળી.

ભુલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહીં. આ રીતે વડીલોનું ઋણ ચુકવીએ છીએ.

# 'વડીલ વંદના'... એક પ્રેરક અને ભાવનાત્મક પહેલ..

**પી. જી. સોની 'દાસ'**

થંભ થડકે મેડી હસે, ખેલણ લાગી ખાટ, (મંચ)..

ભલે વડીલો તમે આવીયા, અમે જોતા જેની વાટ.

આપણા સ્વર્ણીમ સમાજનાં સોના-ચાંદી, હિરા-મોતી કે ઝવેરાત સમા આપણા માવિત્રો જેઓએ પોતાના આયખાની અનેક તડકી-છાંયડી જોઇને પોણી સદી ૭૫ વર્ષ કે તે ઉપર પસાર કર્યા છે, આપના સૌના માટે વંદનીય છે. એમનો સન્માનવાનો આ 'વડીલ વંદના' પ્રસંગ એક મહોત્સવ સમાન છે. આ જ તો આપણી ભારતીય સંસ્કૃતિ છે, સંસ્કાર છે, ધર્મ છે. જેમાં આપણે કંઇ નવાઈ કે ભલાઇ કરતા નથી. માત્રને માત્ર આપણી ફરજ નિભાવીએ છીએ. વડીલોનું ઋણ ચૂકવીએ છીએ.

વડીલ શબ્દ વડ ઉપરથી આવ્યો છે, કારણકે એક વિરાટ વડલામાંથી અનેક વડવાઈઓ ફૂટે છે, પાંગરે છે, અને એના મૂળ ઊંડા જાય છે. એ વટવૃક્ષ શીતળ છાંયડો આપે છે એ રીતે આપણા આ વડલા સમાન વડીલોની છત્રછાયામાં પરિવાર - સમાજ વિગેરેને શાંતિ મળે છે, હૂંક મળે છે.

વડીલ શબ્દ એટલે વડો (મોટો) એમ પણ કહી શકાય.

આ ભૌતિકવાદના જમાનામાં ક્યાંક સંતાનો તથા પરિવાર મા-બાપની ઉપેક્ષા કરતા હોય છે એમની સલાહ કે સૂચનની અવજ્ઞા કે અનદેખી કરતા હોય છે. વડીલો માટે સમય ઓછો ફાળવતા હોય છે. જૈફ વયે વડીલોને વધારે લાગણીની જરૂર હોય છે. હવેથી આ ન થાય તો સારું અને તો જ આપણો આ વડીલ વંદના પ્રસંગ સાર્થક થયો ગણાશે.

આપણા વડીલો એટલે...

માની આંખો ગંગા જમના, બાપનું હૈયું હરિદ્વાર,
માની ગોદ તો કાશી જેવી, બાપનું દિલ ગિરનાર.
ચારધામની યાત્રાને, તિરથ અમારા વડીલો,
વડીલોને વંદન કરીએ, સાથે કુટુંબ કબીલો.

સંતાનો ઉપેક્ષા કરે, છતાં મા-બાપના હૈયામાંથી તો સ્નેહ અને આશીર્વાદ સદાય વસતા જ હોય છે.

ભલે અમારાથી બોલો નહીં, તમે હસો તોય ઘણું,
અમે ફળની આશા નથી રાખતા, તમે ફૂલો તોય ઘણું.

માતા - પિતાને સાથે રાખીને જીવન વિકાસ કરી, આદર્શ જીવન જીવી બતાવે એજ સાચો સપૂત..


આજે વડીલો પણ સતત વિચારતા હોય છે કે, હવે તો બુઢાપો આવ્યો, અત્યાર સુધી સંતાનો માટે મેં મારી જાત ઘસી નાખી. હંમેશા પરિવારના સુખનો વિચાર કર્યો, મેં મારા માટે કંઇજ કર્યું નથી, મારી કોઇને કદર નથી અને આમ જીવનમાં ઉદાસી પ્રવેશે છે. આવા વિચારોથી જીવનમાં ખાલીપો લાગે છે. ઘરમાં પણ એકલતા પીડે છે. તો આપણા પૂ. વડીલોને ખાસ વિનંતી કે આવા નકારાત્મક વિચારોને બદલે આવો, આપણે વિચારીએ-ચિંતન કરીએ કે 'જીવન-સંધ્યા'ને સુખમય, સુવાસમય અને ખુશનુમા કેમ બનાવવી ?

- ક્યારેય ચિંતા ન કરો.
- હંમેશા વર્તમાનનો વિચાર કરો.
- અપેક્ષા ઓછી રાખો.
- ક્યારેય ક્રોધ ના કરો.
- કોઇને વણમાગી સલાહ ન આપો.
- બીજાનાં વખાણની ઝંખના ના રાખો.
- તમારી શક્તિમાં વિશ્વાસ રાખો.
- તમે તમારી ફરજ ના ચૂકો.
- બીજાને બદલવાની કોશીશ ના કરો.
- કોઈપણ એક શોખ કેળવો.
- ઈશ્વરમાં શ્રદ્ધા રાખો.

તા.ક. : અંજારના 'યશ ટ્રાવેલ્સ' વાળા દિનેશભાઈ સી. પોમલે નહીં નફો - નહીં નુકશાનના ધોરણે તમામ વડીલોને યાત્રા પ્રવાસ કરાવવા તત્પરતા બતાવી છે. જે દાતાઓના સહકારથી સંપન્ન કરી શકાય. — 'દાસ'

## વડીલ વંદના

**— ઠાકોરલાલ કંસારા**



ઠાકોરલાલ કંસારા - અમદાવાદ જણાવે છે કે 'વડીલ વંદના' કાર્યક્રમ દ્વારા મહામંડળે વડીલોનું ભુજ ખાતે સન્માન કરેલ છે તે ખરેખર સારી વાત છે. હું સ્ટેટ બેંક ઓફ બિકાનેર અને જયપુરમાંથી રિટાયર્ડ થયા બાદ સુખપૂર્વક જીંદગી વિતાવું છું. મારો એક પુત્ર કેનેડા છે અને બીજો અમદાવાદમાં છે. બંને પુત્રો મને ખૂબ માનપુર્વક રાખે છે. ૮૦ વર્ષની વયે મારું સ્વાસ્થ્ય સારું છે હું અવારનવાર કેનેડા જાઉં છું. અને દેશ-પરદેશ ફરવા પણ જતો હોઉં છું. મડામંડળને આભાર અને જ્ઞાતિસેતુને સેવાકીય પ્રવૃત્તિઓ માટે મારી હાર્દિક શુભકામના છે. ભગવાન સૌનું ભલુ કરે.

# 'રામ રાખે તેમ રહિએ, કોઈને કાંઈ ન કહીએ'

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ આયોજીત જનરલ સભા તથા મહા સંમેલન કાર્યક્રમ ભુજ ખાતે તા. ૯-૧૨-૨૦૧૨ના રવિવારે સવારે ૯ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી યોજાયો હતો. તેમાં ખાસ કરીને ૭૫ વર્ષ કે તેથી વધુ ઉંમરનાં વરિષ્ઠ ભાઈ-બહેનોનો વંદના કાર્યક્રમ સરાહનીય રહ્યો. સૌ ઉપસ્થિત વડીલો તથા એમના પરિવારજનોમાં આનંદ અને હર્ષની લાગણી ભીના ભાવસભર દૃશ્યો પણ જોવા મળ્યા. ઉપરાંત મહામંડળના હોદ્દેદારો તેમજ આયોજકોમાં પણ એક ઉમદા અને મહત્વનો કાર્ય કર્યાનો સંતોષ અને અહોભાવ જોવા મળતો હતો.

હા તો આજે 'સેતુ' ના માધ્યમથી એક અનોખા અને અનુઠા એવા 'વડીલ વંદના' કાર્યક્રમની વાત કરવી છે. વડીલોના પ્રતિભાવોની વાત કરવી છે. આ ઉત્સવ જેવા પ્રસંગે વડીલોનું સાલ અને પ્રશસ્તીપત્ર અર્પણ કરીને જ્યારે વડીલોનું એમના સ્થાન પર જઈને મોભીઓ અને આયોજકો દ્વારા બહુમાન થઈ રહ્યું હતું. ત્યારે 'સેતુ' ની ટીમે વડીલોના પ્રતિભાવો જાણવા એમની રૂબરૂ મુલાકાત લીધી હતી. એમાંના ઘણા ખરા વડીલોએ પ્રતિભાવમાં ટૂંકાણમાં અમોને સંતાનો કે પરિવાર તરફથી સારું છે. સંતોષ છે, સુખી છીએ. એવા હકારાત્મક જવાબો આપ્યા હતા. વડીલોનાં પ્રત્યુતરમાં આપણા સ્વર્ણીમ સમાજના સંસ્કારો ખાનદાની દેખાઈ આવતી હતી. આમ મોટા ભાગના વડીલોનો સુર એવો હતો કે જમાના અનુસાર ચાલો તો મજા છે. બાંધછોડ કે જતુ કરવાની ભાવના હોવી જોઈએ. બાકી તો રામ રાખે તેમ રહીએ, કોઈને કંઈ ન કહીએ. છતાં પણ અમુક વડીલોને આત્મીયતાથી આગ્રહ ભરી વિનંતી કરતા એમનાં પ્રતિભાવો મહદ્ અંશે ધ્યાન ખેંચે એવા હતા.

એક વડીલ બહેને કહ્યું કે, ભાઈ દિકરાઓ તો છે - સુખી છે પણ હું કમનસીબે છતે દિકરાઓએ જુદી રહું છું. પણ ભઈલા આ બધું લખતા નહીં હો અને નામ તો લખતા જ નહીં હો ! ક્યાંય મારા દિકરાઓનું ખરાબ ન લાગવું જોઈએ. ખેર ! હશે ! પત્યું ! ક્યાંક મારા ઉછેરમાં કમી રહી ગઈ હશે ! અંતે તો મારું પેટ છે ને, આ છે એક માની આંતર વેદના.. છતાં પણ એની આંતરડી તો એનાં સંતાનો માટે સદાય દુવાઓ આપતી જ રહેતી હોય છે.

એક અન્ય વડીલને આ લખનારે સહજભાવે પૂછ્યું. કેમ છો ? દિકરાઓ કે પરિવારજનો તમોને બરાબર સાચવે તો છે ને ? ત્યારે એક સુખી અને ભાગ્યશાળી વડીલના શબ્દો સાંભળો : હું વિકલાંગ હોવા છતાં મને દિકરાઓ પરિવાર ખૂબ જ સાચવે છે. સેવા-ચાકરી કરે છે. અરે.. પાણી માંગતા દૂધ હાજર કરે છે. હું ખૂબ જ રાજી છું. આનાથી વિશેષ મારે શું જોઈએ.

છેલ્લે...

આજે જ્યારે મોટા ભાગે સંયુક્ત પરિવારની પ્રણાલી પડી ભાંગી છે. ત્યારે હવે સંયુક્ત પરિવારનો આગ્રહ પણ ન રાખી શકાય અને મોભીઓ. વડીલો પણ હવે 'જી જમાને કે...' એ અનુસાર મન મનાવી લેતા હોય છે.

અંતમાં આયોજકો શ્રી અમૃતલાલભાઈ સોલંકી, ચંદ્રકાંતભાઈ ચનાણી તથા એમની સમગ્ર ટીમે મહામંડળના નેજા હેઠળ આ મહોત્સવ સમો કાર્યક્રમ સુપેરે પાર પાડ્યો એ બદલ 'સેતુ' પરિવાર દ્વારા અભિનંદન અને ભવિષ્યમાં પણ આનાથી વધારે સરસ કાર્યો કરીને વડીલોના ઋણ ઉતારતા રહો એજ અપેક્ષા... અભ્યર્થના.. અસ્તુ.

**પી. જી. સોની 'દાસ'**

## સાત સંકલ્પ

**આજ કી શામ વડીલો કે નામ**

- **વડીલોએ મહિનામાં એક વખત મળવું.**
- **જે તે વિસ્તાર, ગામ કે શહેરના અગ્રણીઓ, હોદ્દેદારોએ વડીલોને મળવા જવું - પુછા કરવી.**
- **વડીલો માટે ધાર્મિક કે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું. સત્સંગ કે કથા વાર્તા વિગેરે.**
- **વડીલો માટે મેડીકલ ચેકઅપ જરૂરી.**
- **વડીલો માટે યાત્રા પ્રવાસ-દાતાઓના સહકારથી.**
- **વડીલોના ફોટાઓનું આલબમ બનાવવું. (જે તે કાર્યાલયમાં મૂકી શકાય)**
- **નિવૃત્તિમાં પ્રવૃત્તિ : વડીલોએ પ્રવૃત્ત રહેવું.**

# વડીલ વંદના

**વિનોદ વી. કંસારા - માંડવી**



તા. ૯-૧૨-૨૦૧૨, રવિવાર મહામંડળની જનરલ મિટીંગ ભુજમાં મળી ત્યારે યોજવામાં આવેલ વડીલ વંદના કાર્યક્રમ ખૂબ જ પ્રશંસનીય રહ્યો. આપણી જ્ઞાતિના વડીલો જેમણે પોતાના જીવનના પંચોતેર વર્ષ પસાર કરી પોતાનો સ્થાન આ કાર્યક્રમના પ્રસ્થાપિત કરેલ છે. જ્ઞાતિ અગ્રણીઓ જ્યારે તેમને વિશાળ જ્ઞાતિજનોની હાજરી વચ્ચે વંદન કરી શાલ અર્પણ કરી ત્યારે જ્ઞાતિ અગ્રણીઓના વરદ હસ્તે સન્માનિત થતાં વડીલોના મુખેથી આશીર્વચનો આપોઆપ સરી પડતા અને ભાવવિભોર અવસ્થામાં તેમની આંખોમાં અશ્રુબિંદુનું આવવું સહજ અને સ્વાભાવિક બને છે.

સમયાનુસાર હાલની પરિસ્થિતિ પર નજર કરતાં એવું પ્રતિત થાય છે કે આજનો સંસ્કાર વિહીન યુવાન વર્ગ સંયુક્ત પરિવારની ભાવનાથી વિમુખ થતાં અને 'હું અને મારું' એમાં જ જીવન નિર્વાહ કરતાં જોવા મળે છે. પોતાના પરિણત સંતાનો વૃદ્ધત્વને આરે પહોંચેલા માતા-પિતાની સંભાળ લેવાના સમયે પુત્રો તેની જવાબદારીમાંથી પોતાને મુક્ત રાખી એકબીજાને સોંપતા હોય છે અને તેમની સંપત્તિમાં પોતાને સરખા હિસ્સાના આગ્રહી રહેતાં જરા પણ સંકોચ અનુભવતા નથી ? જે વડીલોએ પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું તેમના માટે થોડો સમય અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કરે તે અત્યારના સમયની માંગણી છે.

તા. ૨૨-૭-૨૦૧૨ના મહામંડળની કારોબારીની મિટીંગ રાયપુર મુકામે યોજાયેલ જેમાં માંડવી જ્ઞાતિના હોદ્દેદારો શ્રી સુરેશભાઈ સોલંકી, શ્રી રમેશભાઈ બીજલાણી, શ્રી પ્રવિણભાઈ સોલંકી તથા મારી હાજરી પણ હતી. મહામંડળના હોદ્દેદારોની હાજરીમાં જ્યારે રાયપુર જ્ઞાતિ દ્વારા યોજવામાં આવેલ વડીલ વંદના કાર્યક્રમ નિહાળી આવો જ કાર્યક્રમ મહામંડળ દ્વારા ભુજમાં યોજવો અને જ્ઞાતિના ૭૫ વર્ષથી ઉપરના તમામ વડીલોને સન્માનિત કરવાનું વિચાર્યું હશે એમ મારું માનવું છે, આવા સુંદર આયોજનો વડે વડીલો પ્રત્યે આદરભાવમાં ઉત્તરોત્તર પ્રગતિસહ સંસ્કારી સંતાનો માટે પથદર્શક બની રહેશે એ જ આશા સાથે અસ્તુ...

## માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોનાં ભરણપોષણનો ખરડો, ૨૦૦૭માં કઈ જોગવાઈઓ છે ?

માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોનાં ભરણપોષણ અંગનો ખરડો, ૨૦૦૭ સામાજિક ન્યાય અને અધિકાર માટેની મંત્રાલયની એક પહેલ છે. આ ખરડો ૨૦ માર્ચ ૨૦૦૭ના રોજ લોકસભામાં રજૂ કરાયો હતો. ખરડામાં જણાવાયું છે કે અરજદાર વ્યક્તિના પરિવારના પુખ્ત સંતાનો તથા એમનાં સંતાનો પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ પોતાના માતાપિતા અને દાદા-દાદીનું ભરણપોષણ કરે અને સંભાળ લે. ભરણપોષણનું તાત્પર્ય યોગ્ય આહાર, કપડાં, ઘર અને સારવારને લગતુ છે. માતાપિતામાં જન્મ આપનાર, દત્તક અને સાવકા માતાપિતાનો સમાવેશ થાય છે. કોઈ વરિષ્ઠ નાગરિકનો સંબંધી, જેની પાસે આ વરિષ્ઠ નાગરિકની સંપત્તિ છે અથવા તો ભવિષ્યમાં એ એનો ઉત્તરાધિકારી બની સંપત્તિ મેળવવાનો હોય તો એમનાં ભરણપોષણની વ્યવસ્થા કરવા માટે તે જવાબદાર છે. આ ખરડાની ખાસ વિશેષતા એ છે કે આ ખરડો ફક્ત ૬૦ વર્ષ કે એથી વધુ વયનાં માતાપિતાને જ સંરક્ષણ નહીં આપે, પરંતુ જે માતાપિતાને એની જરૂર છે એ દરેકનું રક્ષણ કરશે.

ખરડામાં પ્રત્યેક જિલ્લામાં અદાલતો સ્થાપવાનો પ્રસ્તાવ મુકાયો છે, જ્યાં દુઃખી માતાપિતા એમની અવગણના માટેની ફરિયાદ કરી શકે છે. પોતાની આવક અને સ્વમાલિકીની મિલકતમાંથી પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ હોય એવા દરેક વરિષ્ઠ નાગરિક અરજી કરી શકે છે. ભરણપોષણ અર્થે કેટલી રકમ આપવામાં આવે એ બાબત અદાલત દ્વારા નક્કી કરાશે. બાળકો, પૌત્ર-પૌત્રી અથવા સગાવહાલાને આ કામ ન કરવાથી જેલની સજા થઈ શકે છે, દંડ થઈ શકે છે અથવા વસિયત કરેલી સંપત્તિના ઉત્તરાધિકારમાંથી વંચિત પણ કરી શકાય છે.

**સૌજન્ય : દિવ્યભાસ્કર**

# વરિષ્ઠ નાગરિકને મળતા ફાયદા

**શ્રી ભાઈલાલભાઈ કે. પટેલ**

વિકસિત દેશોમાં સામાજીક સુરક્ષા નીતિ (Social Securiky Scheme) હેઠળ સમામ નાગરીકોને નિશ્ચિત વય મર્યાદા પછી નાણાકીય અને અન્ય રીતે સહાય આપવામાં આવે છે. આ રીતે, ભારતમાં નિવૃત્ત સરકારી કર્મચારીઓને પેન્શનનો લાભ આપવામાં આવે છે. પરંતુ સામાન્ય નાગરીકને કે જેણે વર્ષો સુધી આવકવેરો ભરીને દેશની તિજોરીઓ ભરી હોવા છતાંય આવી કોઈ સામાજીક સુરક્ષા નીતિ કે અન્ય રીતે કોઈ રકમ કે સહાય આપવામાં આવતી નથી.

હકીકતમાં, ભારતના અર્થતંત્રમાં આવી જોગવાઈ આવશ્યક અને અનિવાર્ય હોવા છતાં તેનો કોઈ પ્રબંધ નથી તે વાસ્તવિક્તા છે. આવા સંજોગોમાં વરીષ્ઠ નાગરીકોએ પોતાના પશ્ચાત જીવન નિર્વાહ માટે માત્ર બચતના માધ્યમથી નાણાંકીય સંસ્થાઓ કે ઈન્સ્યોરન્સ કંપની સાથે નિયમિત રકમની આવક માટે આયોજન કરવું જરૂરી જ નહીં પણ આવશ્યક બને છે. જેથી તે વરીષ્ઠ નાગરીક પેન્શનને પાત્ર નથી. તેમણે પોતે કમાતા હોય તે કાળ દરમ્યાન બચતનું યોગ્ય આયોજન કરી નિયમિત આવક પ્રાપ્ત થાય તેવી ગોઠવણ કરવી જરૂરી બને છે.

> શ્રી ભાઈલાલભાઈ કે. પટેલ કચ્છમાં નખત્રાણા તાલુકાના જીયાપર ગામના વતની છે પરંતુ તેમના કુટુંબનો “કંપો” અન્ય અનેક પટેલ કુટુંબોના હોય છે એ રીતે, સાબરકાંઠામાં હોવાથી તેમનો ઉછેર તથા શિક્ષણ સાબરકાંઠામાં થયેલ છે. છેલ્લા ૩૦ વર્ષથી અમદાવાદમાં બી. કે. પટેલ એન્ડ કું.ના નામથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકેનો વ્યવસાય સંભાળે છે. તેઓશ્રી અનેક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. “સંવેદના ફાઉન્ડેશન” તેમજ “મિડવેસ્ટ યુ.એસ.એ. ગુજરાત રિલીફ ફંડ” નામના ટ્રસ્ટોના માનદ્ મંત્રી, “ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ્સ”ની રાષ્ટ્રીય કારોબારીના સભ્ય, શ્રી કચ્છી સમાજ - અમદાવાદની કારોબારી સમિતિના સભ્ય તેમજ અન્ય અનેક સામાજિક સંસ્થાઓમાં પોતાની સેવા આપી રહેલ છે. અગાઉ તેઓશ્રી “ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન - અમદાવાદ” તેમજ “ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ્સ”ના પ્રમુખ તેમજ “ઈન્સ્ટીટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા”ની પશ્ચિમ ભારતની રીજીયોનલ કાઉન્સિલના મેમ્બર છે. તેઓશ્રી ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં અન્ડર ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને તેમજ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના કોચિંગ ક્લાસમાં વિઝિટીંગ ફેકલ્ટી તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. તેઓશ્રી પટેલ બ્રધર્સ ફાઉન્ડેશનના પણ માનદ્ મંત્રી છે. જે સંસ્થાએ તાજેતરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે નમૂનેદાર નર્સીંગ કોલેજની સ્થાપના કરી છે.

આમ, ભારતના વરીષ્ઠ નાગરીકો માટે સામાજીક સુરક્ષા નીતિ જેવી કોઈ સ્કીમ ન હોવા છતાં તેમને આડકતરી રીતે કેટલાક ફાયદા કે સહાય આપવાનું સરકારે જાહેર કર્યું છે. તેમાં કેટલીક અગત્યની ગણી શકાય સેવી રાહતો નીચે મુજબ છે :

- **આવકવેરા કાયદા (ઈન્કમટેક્ષ એક્ટ) હેઠળ મળતા ફાયદાઓ :**

આવકવેરા કાયદા મુજબ, જે કરદાતાની ઉંમર ૬૫ વર્ષ કે તેથી વધારે હોય તેઓને સીનીયર સિટીઝન તરીકે ગણવામાં આવે છે.

સીનીયર સિટીઝનને આવકવેરા કાયદા હેઠળ નીચે મુજબના ફાયદાઓ મળે છે :

૧. સીનીયર સિટીઝન સિવાયના પુરૂષ કરદાતાઓ માટે વાર્ષિક કરપાત્ર આવકની મર્યાતા રૂા. ૧,૬૦,૦૦૦/- અને મહિલા કરદાતાઓ માટે વાર્ષિક કરપાત્ર આવકની મર્યાદા રૂા. ૧,૯૦,૦૦૦/- છે. જ્યારે સીનીયર સિટીઝન કરદાતાઓ માટે વાર્ષિક કરપાત્ર આવકની મર્યાદા રૂા. ૨,૪૦,૦૦૦/- છે.

૨. કલમ-૮૦ડી મુજબ મેડિકલ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ ભર્યાને લગતી કપાત (ડિડક્શન) :

આ કલમ હેઠળ જો કરદાતાએ મેડિકલ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ ભર્યું હોય તો તે પ્રીમિયમ કરપાત્ર આવકમાંથી બાદ મળે છે જેની જોગવાઈ નીચે મુજબ છે.

સામાન્ય કરદાતાને મહત્તમ રૂા. ૧૫,૦૦૦/- સુધીની કપાત મળે છે જ્યારે સીનીયર સિટીઝન કરદાતાઓ માટે મહત્તમ રૂા.૨૦,૦૦૦/- સુધીની મર્યાદા રાખેલ છે.

**૩. કલમ-૮૦ડીડીબી મુજબ – અમુક ચોક્કસ રોગોની સારવાર માટેના ખર્ચને લગતી કપાત (ડિડક્શન) :**

આ કલમ હેઠળ જો કરદાતાએ અમુક ચોક્કસ રોગોની સારવાર માટે ખર્ચ કરેલ હોય તો તે ખર્ચ કરપાત્ર આવકમાંથી બાદ મળે છે કે જેની જોગવાઈ નીચે મુજબ છે:

સામાન્ય કરદાતાને મહત્તમ રૂા. ૪૦,૦૦૦/-ની કપાત મળે છે જ્યારે સીનીયર સિટીઝન કરદાતાઓ માટે

મહત્તમ રૂા. ૬૦,૦૦૦/-ની મર્યાદા રાખેલ છે.

**૪. કલમ-૧૯૪એ મુજબ વ્યાજની ચુકવણી પર કર કપાત (ટી.ડી.એસ.) :**

આ કલમ હેઠળ જો કરદાતા વ્યાજની ચુકવણી કરે તો તે વ્યાજની ચુકવણી કર કપાત (ટી.ડી.એસ.)ને પાત્ર છે કે જેની જોગવાઈ નીચે મુજબ છે.

જો સામાન્ય કરદાતાને વ્યાજની વાર્ષિક ચૂકવણી રૂા. ૫,૦૦૦/-થી વધે તો કર કપાત (ટી.ડી.એસ.)ને પાત્ર છે. જ્યારે સીનીયર સિટીઝન કરદાતાઓને વ્યાજની વાર્ષિક ચૂકવણી રૂા. ૧૦,૦૦૦/- થી વધે ત્યારે જ કર કપાત (ટી.ડી.એસ.) ને પાત્ર થાય છે.

**૫. કલમ-૮૦સી મુજબ :**

સીનીયર સિટીઝન કરદાતાઓને સીનીયર સિટીઝન સેવિંગ સ્કીમમાં અથવા પાંચ વર્ષીય પોસ્ટ ઓફિસ થાપણના ખાતામાં નામા રોકવા બદલ કરપાત્ર આવકમાંથી કપાત (ડિડક્શન) મળે છે.

**૬. રીવર્સ મોર્ટગેજ સ્કીમ મુજબ :**

જો સીનીયર સીટીઝન કરદાતાઓ પોતાનું મકાન બેંક પાસે આ સ્કીમ હેઠળ ગીરવે મૂકે તો તેઓ માસિક આવક લોન સ્વરૂપે મેળવી શકે છે.

- **હેલ્થ કેર હેઠળ મળતા ફાયદા :**

૧. સરકારી દવાખાનાઓમાં સીનીયર સિટીઝન માટે અલગથી લાઈન રાખવામાં આવે છે, તેમજ તેમને પ્રાથમિકતા આપવામાં આવે છે.

૨. સીનીયર સિટીઝન માટે ભારત સરકારે અલગથી ખાસ દવાખાનાઓનું નિર્માણ કરેલ છે. કે જેમાં તેમની ઝડપથી અને ઓછા ખર્ચે સારવાર થઈ શકે છે.

- **બેન્કિંગ ક્ષેત્રે મળતા ફાયદાઓ :**

૧. સીનીયર સિટીઝને મૂકેલી થાપણ પર સામાન્ય વ્યક્તિ કરતા વધારે વ્યાજ આપવામાં આવે છે.

૨. સીનીયર સિટીઝનને બેંક (એસ.બી.આઈ.) દ્વારા અપાતી વિવિધ સેવાઓ જેવી કે નકલ પાસબુક ઈશ્યુ કરવી, નવી ચેક બુક ઈસ્યુ કરવી, સહીની ચકાસણી કરાવવી, ખાતામાં જરૂરી લઘુત્તમ બેલેન્સ રાખવું વગેરેના ચાર્જમાં ૫૦ ટકા સુધી રાહત આપવામાં આવે છે.

- **મુસાફરી (ટ્રાવેલીંગ)માં મળતા ફાયદાઓ :**

ભારત સરકારે નીચેના ફાયદાઓ માટે જે વ્યક્તિની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધારે હોય તેઓને સીનીયર સિટીઝન તરીકે માન્ય રાખવામાં આવે છે.

૧. સીનીયર સિટીઝનને ભારતીય રેલ્વે દ્વારા રેલ્વે મુદાફરી માટેની ટિકિટ બુકીંગ પર બેઝીક ભાડામાં ૩૦% વળતર આપવામાં આવે છે.

૨. સીનીયર સિટીઝનને ઈન્ડિયન એરલાઈન્સ તેમજ એર ઈન્ડિયા દ્વારા હવાઈ મુસાફરી માટેની ઇકોનોમિક વર્ગની ટિકીટ બુકીંગ પર બેઝીક ભાડામાં ૫૦% સુધી વળતર આપવામાં આવે છે.

૩. સીનીયર સિટીઝન માટે રાજ્ય સરકાર પરિવહન નિગમ દ્વારા બસ મુસાફરીમાં દરેક બસમાં બે સીટ અનામત રાખવામાં આવે છે તેમજ બસ ભાડામાં રાહત પણ આપવામાં આવે છે.

- **ટેલી કોમ્યુનિકેશન ક્ષેત્રે મળતા ફાયદા :**

૧. સીનીયર સિટીઝને કરેલી અરજી કે ફરિયાદોને અન્ય વ્યક્તિઓએ કરેલી અરજીઓ કે ફરીયાદો કરતા વધારે પ્રાથમિકતા આપવામાં આવે છે.

૨. સીનીયર સિટીઝન માટે BSNL / MTNL દ્વારા ટેલીફોન સેવાઓમાં ૨૫% સુધી વળતર આપવામાં આવે છે.

- **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ (આર.ટી.આઈ.) હેઠળ મળતા ફાયદા :**

આ કાયદા હેઠળ, સીનીયર સિટીઝને કરેલી અરજીને અન્ય વ્યક્તિઓએ કરેલી અરજીઓ કરતાં વધારે પ્રાથમિકતા આપવામાં આવે છે.

આમ વરીષ્ઠ નાગરીકોને ઉપર જણાવેલા આંગળીના વેઢે ગણી શકાય તેવી રાહતો કે ફાયદાઓ આપવાનો ભારત સરકારે પ્રયત્ન કરેલ છે. હકીકતમાં, જે વ્યક્તિએ પોતાની કમાણીમાંથી નિષ્ઠાપૂર્વક નાગરીક તરીકેની ફરજો બજાવી ટેક્ષ ભરેલ હોય તેણે આપેલા યોગદાન કે જેનો લાભ સમગ્ર દેશને પ્રાપ્ત થયો હોય ત્યારે વૃદ્ધાવસ્થાના દિવસોમાં વરીષ્ઠ નાગરીક તરીકે તેમની યોગ્ય કાળજી લેવાની રાષ્ટ્રની પણ ફરજ બને છે. સમગ્ર રીતે વિચારીએ તો ઉપરની રાહતો પૂરતી છે કે કેમ તે ચર્ચાની બાબત છે. ■

વય એ તો મનનો ગુણ છે.
તમારા સ્વપ્નાં તમે જો પાછળ મૂકી દીધા હોય,
આશા થીજી ગઈ હોય,
આગે જોવાનું તમે બંધ કર્યું હોય,
મહત્વાકાંક્ષાનો અંગાર ઠરી ગયો હોય,
તો તમે વૃદ્ધ છો.
પરંતુ જીવનમાં ઉત્સાહ હોય
જીવનમાંથી શ્રેષ્ઠ તમે લેતા હો
તો તમે યુવાન છો !

**– જયવતીબેન કાજી**

# ‘વૃદ્ધાવસ્થા’ જીવનનો એક અંતિમ અને મહત્વનો તબક્કો

વિરેન્દ્ર એસ. પોમલ - અંજાર



પૃથ્વીલોકમાં માનવ જીવનનાં મુખ્ય ત્રણ તબક્કા ગણવામાં આવે છે. બચપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા. ભારત વર્ષોથી આ ત્રણેય તબક્કાના જીવનના મહત્વને ખૂબ માન આપે છે આદર કરે છે.

બચપણમાં રમતોથી, ઉછળકૂદથી, આનંદ-પ્રમોદથી જીવનને હર્યુભર્યુ રાખવામાં આવે છે. ધીરે ધીરે વય વધતાની સાથે જ સંસ્કાર અને શિક્ષણની તાલીમ, અવનવી રમતો, મિત્રો સાથેની નિખાલસ વાતોમાં બાળપણ વીતા છે યુવાનીમાં પ્રવેશતાં જ વ્યાયામ, પુરુષાર્થ, વિદ્યા પ્રાપ્તિ થયા બાદ કમાણી, ધાર્મિકતા, સુસંસ્કારયુક્ત ગૃહસ્થી જીવન અને ભવિષ્યની બચત વ્યવસ્થા જાળવી રાખવાનું શીખવવામાં આવે છે.

જીવનનો ત્રીજો અને અંતિમ તબક્કો એ વ્યવહાર અનુભવનો ભાથો છે પહેલા અને બીજા તબક્કા દરમ્યાન આ સંસારના થયેલા કડવા મીઠા અનુભવોના સારરૂપ જીવન જીવવા અને જેમણે આ ધરતી પર મોકલ્યા છે તેવા વિશ્વેશ્વરને જીવનનો હિસાબ આપવાનો તબક્કો ગણવાામાં આવે છે. આ તબક્કામાં જર્જરીત કાયા, દુર્બળતા, પરવશતા, માંદવી, પંચેન્દ્રિયોની વિપરીત અસર સ્પષ્ટ જોઇ શકાય છે અનુભવી શકાય છે.


સરકારી રાહે કર્મચારીને ૫૮ કે ૬૦ વર્ષની વયે ક્ષમતા શિથિલ થવાને કારણે કર્મચારી વયમર્યાદા અથવા સ્વૈચ્છીક નિવૃત્ત જાહેર કરવામાં આવે છે પરંતુ સમાજમાં સામાજીક પ્રવૃત્તિઓમાં વ્યક્તિ ક્યારેય નિવૃત્ત થતો નથી. જેમકે આપણા રાજકારણીઓ ૮૦ કે ૯૦ વર્ષની ઉંમરે પણ સક્રિય થવા કે સક્રિય રહેવા પ્રયત્નો કરતા હોય છે તેમની વૃદ્ધાવસ્થાની અસર તેમના કાર્ય પર શું ક્યારેય વર્તાતી નહીં હોય ? માત્ર અને માત્ર સામાજિક માન-મોભો જાળવી રાખવા આવા પ્રયત્નો થતાં હશે જે ખરેખર સમાજ માટે એક વિચારણીય મુદ્દો છે. સમાજે પણ વિચારવા જેવું છે.

જે કામ યુવાનો જે ગતિથી કરે છે તે કામ વૃદ્ધજનો કરી શકે નહીં તે સ્વાભાવિક છે માટે વયને અનુરૂપ સામાજિક કાર્યનો ભાર સોંપાય તે જરૂરી છે. હા, વડીલોની સલાહ જરૂર કામ લાગે. તેમનો અનુભવ જ નવયુવાનો માટે પ્રેરક બળ બની રહે છે. માટે વૃદ્ધજનોએ ધંધાનો કારોબાર, સામાજિક વ્યવહાર, ઘર ગૃહસ્થી માટે ઘરના કાર્યોની જવાબદારી યુવા પેઢી પર મુકવી જોઇએ.

કહેવાય છે કે વૃદ્ધાવસ્થા એટલે આર્યલોકોની ચાર આશ્રમ વ્યવસ્થાનો અંતિમ ભાગ છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યતાશ્રમ ૭૫ વર્ષની વય એ સંન્યતાશ્રમની શરૂઆત છે આ ઉંમરમાં લોકોએ સંસારનો મોહ છોડી વનમાં ઝૂંપડી બનાવી ઈશ્વર સાધના કરવાની હોય છે. ઘર છોડીને વનમાં જવાનું તે સમય શક્ય બનતું હશે. માટે લોકો તેમ કરતા હશે તેમ માની શકાય પરંતુ આજના યુગમાં વૃદ્ધ લોકોને ઘર છોડવાને બદલે ઘરમાં જ ઈશ્વર સ્મરણ કરવું જોઇએ, માળા ફેરવવી જોઇએ, સમયાંતરે નજીકના તીર્થોના દર્શનનો લાભ લેવો જોઇએ. નાના બાળકોને રમાડવામાં, વાર્તા કહેવામાં બાળકોને જોઇતી અને નુકશાન ન કરે તેનો ખ્યાલ રાખીને, વિવેક જાળવીને રમકડા કે ખાવા-પીવાની ચીજો લાવી આપવી જોઇએ.

આખરે તો જેમ ‘દિલ એક મંદિર છે’ તેમ ‘ઘર પણ એક મંદિર જ છે ને !’ ઈશ્વરે રચેલી સૃષ્ટિને સુંદર, સુવ્યવસ્થિત સ્વચ્છ અને આકર્ષક રાખવામાં જેટલી ઉપયોગી થવાય એમાં જ જીવનની સાર્થકતા છે.

વર્ષો પહેલા વૃદ્ધ પુરુષો માથે ટોપી, આંખે ચશ્મા અને હાથમાં બંકોડો રાખતા ક્યાંક તો માથા પર પાઘડી અને ખભે ખેસ પણ જોવા મળતા. વૃદ્ધ સ્ત્રીઓ માથે ઓઢેલું હોય, આંખે ચશ્મા હોય અને હાથમાં બજરની ડબ્બી રાખતા તે રીતે તેઓ સમાજમાં અલગ તરી આવતા અને તેમને બાળકો, યુવાનો ખૂબ મદદરૂપ થતા. જેમ કે હાથ પકડીને રસ્તો પાર કરાવવામાં, જોઇતી વસ્તુ લાવી આપવામાં, મુસાફરી માટે બસ કે ટ્રેનમાં




બેસવાની જગ્યા આપવામાં, દવાખાનામાં પાનુ કઢાવી આપવાથી કરીને નિદાન માટે ડોક્ટર પાસે લઈ જવામાં, દવા લાવી આપવામાં મદદરૂપ થતા હતા હજુ પણ ક્યાંક ક્યાંક આ સેવા થતી જોવા મળે છે. તે ખૂબ જ ઉપકારક છે. વડીલોએ સમાજ માટે આપેલ ભોગ-બલિદાનનો ઋણ અદા કરવાનો આ શ્રેષ્ઠ અવસર હોય છે.



વડીલોમાં આ ઉંમરે ક્યાંક ચિડીયો સ્વભાવ, ટકટક કરવાનો સ્વભાવ હોય તો સ્વભાવમાં બદલાવ લાવીને યુવા પેઢીને સમજવાની કોશીષ કરવી જોઈએ. કોઈપણ બાબત માટેનો હઠાગ્રહ રાખવાનો કે વાતવાતમાં ઉતારી પાડવાનો સ્વભાવ હોય તો વડીલો માટે તે સારી બાબત ન ગણાય. આજની યુવા પેડીને સમજો તેના વિચારો ઓળખો, સરળ સ્વભાવ દાખવીને યોગ્ય સલાહ-સૂચનો કરવા જોઈએ, આગ્રહ છોડીને, યુવાનોમાં વિશ્વાસ રાખીને, ભૂલ થાય તો સમજાવીને કોઈપણ બાબતો ઉકેલ લાવવામાં મદદરૂપ થવું જોઈએ.

આપણો દેશ લોકશાહી દેશ છે. વૃદ્ધોને સિનીયર સીટીજનની ઉપમા મળી છે. એટલું જ નહીં સરકારી રાહે મળવાપાત્ર લાભોની જાણકારી મેળવીને દરેક વૃદ્ધજનોએ લાભ પ્રાપ્ત કરવા - કરાવવાનાં પ્રયત્નો કરવા જોઈએ. જ્ઞાતિના ધોરણે પણ સમાજ દ્વારા પ્રાપ્ત આદર સત્કાર માટે, જરૂરિયાત પૂર્તિ માટે, જ્ઞાતિના આગેવાનોના સંપર્કમાં રહેવું જોઈએ, તાજેતરમાં શ્રી મારું કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા 'વડીલ વંદના' કાર્યક્રમ અંતર્ગત ૨૫૪ થી પણ વધારે વૃદ્ધોને સાલ ઓઢાડી, સન્માનપત્ર અર્પણ કરીને, ઉત્તમ ભોજન કરાવીને જે બહુમાન કરવામાં આવ્યું તે ખૂબ જ પ્રશંસનીય અને સંસ્કૃતિ પોષક કાર્ય થયું છે તે બદલ મહામંડળ ધન્યવાદને પાત્ર છે.




'જન્મ તે જાયતે' ના સિદ્ધાંત અનુસાર 'જેનું જન્મ છે તેનું મરણ નિશ્ચિત છે' એ સનાતન સત્ય છે. પરંતુ ઈશ્વરે માનવીને આપેલા સો, સવાસો, દોઢસો કે બસો વર્ષનું આયુષ્ય સુખમય, આરોગ્યમય, પ્રવૃત્તિમય, આનંદમય, સંસ્કૃતિમય અને ધર્મમય રીતે એજ હેતુ હોવો જોઈએ. હેતુ વિના, લક્ષ્ય વિના, દિશા વિના, સુકાન વિનાનું જીવન અંધકારમય બની જતું હોય છે. તેથી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને જ્ઞાનરૂપી ઉજાસ તરફ પ્રગતિ કરવા અને અંધકારમાં અટવાતાને સાચો માર્ગ દેખાડીને જીવનને સફળ બનાવવા સતત જાગૃતિ કેળવવાની જરૂર છે, આશા છે. આપણા વૃદ્ધજનો સમાજને દિવાદાંડી સમાન બની રહેશે.

આજના યુગનું સત્ય કહો કે વાસ્તવિકતા કહો એ બાબત ચોંકાવનારી છે કે એક બાપને ત્યાં બે, ત્રણ કે ચાર દિકરા ઉછરીને મોટા તો થઈ જાય છે. પરંતુ મોટા થયા પછી પરણીને દિકરાઓ અલગ અલગ રહીને માતા-પિતાને સારી રીતે સાચવી શકતા નથી. દિકરીઓ પરણીને સાસરે જાય છે ને મા-બાપ જાણે એકલા પડી જાય છે. શું પરણીને આવેલી વહુને પોતાના મા-બાપ માટે જેટલો આદર હોય છે એટલો જ આદર તેમના સાસુ-સસરા માટે નહીં હોય ? આ એક વિચારવા જેવી વાત છે વહુને દિકરાઓ સમજદાર હશે ત્યાં વૃદ્ધાશ્રમો ક્યારેય દેખાશે નહીં ને આમેય વૃદ્ધાશ્રમો એ હિન્દુ સંસ્કૃતિ માટે લાંછનરૂપ છે.

વિદેશીઓ ભલે ફાધર્સ કે મધર્સ ડે ઉજવતા હોય પરંતુ ભારતીયો ક્યારેય એવા ડે ઉજવવાની આદત હતી જ નહીં, છે જ નહિ, આદત પાડવાની જરૂર જ નથી કેમ કે અહીં તો નિત્ય વડીલ વંદના ઘરે ઘરે થતી આવતી પરંપરા છે. માતા - પિતાને પગે લાગીને જ બહાર કામ માટે સવારે નીકળવું એ સંતાનોની ઉત્તમ રીત છે. તે જાળવી રાખવાની જરૂર છે.

સંયુક્ત કુટુંબપ્રથા એ હિન્દુસ્તાનની એકતાની મિશાલ હતી. વિભક્ત કુટુંબ પ્રથાએ આ મિશાલને તોડી પાડી છે. પરિણામે આજે પરિવારમાં સુખ, શાંતિ, સમૃદ્ધિમાં ક્યાંકને ક્યાંક ઓટ જોવા મળે છે. એક સાંધો ત્યાં તેર તૂટેની સ્થિતિ હોય તો પણ સંયુક્ત કુટુંબમાં માનવીને એકબીજાની હૂંફ મળતી હતી આજે સૌ પોતપોતાનું કરવામાં પડ્યા હોવાથી એકબીજા પ્રત્યે માન-સન્માન, સહકાર અને પ્રગતિમાં સહભાગી બની શકતા નથી. વિરોધી વલણનું પ્રમાણ વધતુ જાય છે. અબાલ વૃદ્ધ સૌ અવનવી સમસ્યાઓમાં અટવાય છે તે દૂર થાય તે માટે સંયુક્ત કુટુંબપ્રથા અપનાવીએ, બાળકોના હિત માટે, વડીલોની સાચવણી માટે, ઘરનો દ્વાર સતત ખુલ્લુ રહે તે માટે સૌ એક તાંતણે ગૂંથાઈને રહેવામાં જે મજા છે જે સલામતી છે તે વિભક્તમાં નથી તે સમજવાની આવશ્યકતા છે સમયની માંગ છે એક સાથે રહીએ, એક સાથે જીવીએ, 'હમ સાથ સાથ હૈ' બોલીએ.

**વડીલ વંદના**

# વડીલોને વિલાપ કરાવનારા સંતાનોના ઘરમાંથી સુખ શાંતિ સરકી જાય છે

– પ્રા. સૂર્યકાંત ભટ્ટ-ભુજ

ભારતમાં હિંદુ ધર્મશાસ્ત્ર વિધાન અન્વયે ભાદરવા માસની એકમથી અમાવસ્થા સુધી શ્રાદ્ધ પક્ષમાં આ લોકમાંથી પરલોકમાં સિધાવેલા પિતૃઓ માટે સંતાનો શ્રાદ્ધ કરતા હોય છે. જેમાં પિતૃઓના મોક્ષાર્થે બ્રહ્મભોજ કરાવી બ્રાહ્મણોને દાન દક્ષિણા આપતા હોય છે. કોઇક વળી મંદિરોમાં દાનદ્રવ્ય અર્પણ કરે છે. આજે તો પુત્રીઓ પણ શ્રાદ્ધ કરતી હોય છે. બ્રહ્મ ભોજના અંતે કાગવાસ નાખે અને તુલસી ક્યારે પાણી રેડે તેવો શાસ્ત્રીય પ્રબંધ અનુસરતા હોય છે.

પરંતુ આજે સમાજમાં એક નજર કોઇ સંયુક્ત પરિવાર પર કરીએ અથવા વૃદ્ધાશ્રમ પર જઇને વૃદ્ધોની આપવિતી સાંભળીએ તો ભલભલાના હૃદય દ્રવી જાય છે. જે માતા-પિતા જીવીત છે તેમને ઘરની કોઇ એક નાની અસ્વચ્છ ખોલીમાં ગોંધી રાખી વારંવાર તેમનું અપમાન કરનાર સંતાનો તેમના આવા વડીલોના મૃત્યુ બાદ શ્રાદ્ધ કે તર્પણ કરે ત્યારે આવા વડીલોના આત્માને કેટલી શાંતિ પ્રાપ્ત થાય એ યક્ષ પ્રશ્ન છે. તેથી જ કહેવાય છે કે, 'બચપણમાં જેમણે તમને પાળ્યા, ઘડપણમાં એમના હૈયાં બાળ્યા તો યાદ રાખજો કે તમારા ભાગ્ય પરવાર્યા.'

પોતાના જ ઘરમાં હડધૂત થવાનું, ડગલેને પગલે સંતાનોના સણસણતા વેણ સાંભળી સમસમી જવાનું એટલે જ વૃદ્ધત્વ. આવી દુર્દશામાં ડોકિયું કરી દયા ભાવ લાવવાની, તે પણ નિજ માતાપિતાને તેમની વેદનાઓ, આકાંક્ષાઓને સમજવાની કેટલી પુત્રો કોશિષ કરે છે તે સંશોધનનો વિષય બની રહ્યો છે. સંતાનો પાસે તંદુરસ્તી હોય, દ્રવ્ય હોય, સ્ત્રી પુત્ર પરિવાર હોય પછી તેને વૃદ્ધ વડીલોની આવશ્યકતા કેટલી ? કેટલા બધા કષ્ટો વેઠી માતા-પિતાએ સંતાનોનો ઉછેર કર્યો છે, છતાં જાણે આપમેળે જ પુખ્ત થઇ ગયા હોય તેમ માની આખા દિવસ દરમ્યાન સંતાનોને તેમની સાથે વાતચીત કરવાની ફુરસદ જ હોતી નથી.

વૃદ્ધવયમાં વૃદ્ધ વડીલોને સંતાનો મીઠાશથી બોલાવે, તેઓ કોઇ નાની અમથી સલાહ આપે તો સાંભળી લે, કોઇક ગમતી ભાવતી ચીજ વસ્તુ લાવી આપે, થોડીવાર તેમની પથારી પાસે બેસી વાતચીત કરે કે આધ્યાત્મિક પુસ્તકો વાંચી સંભળાવે, થોડી ચરણ ચંપી કરે પોતાના બાળકોને તેમની સેવા કરવા સલાહ આપે આ બધું જ વૃદ્ધ માતા અને વૃદ્ધ પિતાને ખૂબ જ પસંદ પડે પરિણામે તેઓની જીવાદોરી લંબાઇ જાય.

પરંતુ માત્ર શાબ્દિક પ્રહારો જ કરવામાં આવે, તમે લપ લપ ન કરો, શાંતિથી બેસી રહો, અમને બધો જ ખ્યાલ છે, અમને તમારી સલાહની કોઇ જરૂર નથી, કેટલીવાર કહીએ ? માણસ છો કે રાક્ષસ છો ? આવા શબ્દો અસક્ષ્મ હોય, ડોસા ડોસી બીજું શું કરે. ટુંટિયું વાળી શાબ્દિક પ્રહારોથી કણસતા પડ્યા રહે. તેઓ સામે જવાબ આપવા કે સમજાવવા આવા પુત્રો પાસે લાચાર બની જાય. વૃદ્ધોના મનને આઘાર લાગતા તેમને વિચાર વાયુ થઇ જતા ચક્કર આવે, માથું દુઃખે, હાથપગ ઠંડા થઇ જાય, હાઇ કે લો બી.પી. થઇ જાય અને હાર્ટ એટેક પણ આવી જાય. પણ તેની સ્વચ્છંદ પુત્રોને પરવા ન હોય. સમાજમાં કોઇ સંયુક્ત પરિવારમાં વિધવા માતા કે વિધુર પિતા હોય અને જો તેમના પુત્ર આવી અસભ્યતા દાખવે તો અસહ્ય વેદનાથીઓ પીડાય. પરંતુ 'કર અને જો' તથા 'જેવું કરે તેવું પામે' ના દુન્વયી ન્યાય અનુસાર આવી મનોદશા વૃદ્ધોની કરનારને એક દિવસ તેની પોતાની જ વૃદ્ધદશામાં પરમતત્વ તેને સભાન કરાવે છે.

જે ઘરમાં વડીલોને વિલાપ કરવો પડ્યો હોય તે ઘરમાંથી સુખ, સંપત્તિ અને શાંતિ ચૂપકીદીથી સરકી જાય છે. સંતાનોની કઠોરતા વડીલોને સહન કરવી પડે છે. કિન્તુ ભગવાન તેને ન્યાય આપે છે. વડીલો સાથે કરેલુ અભદ્ર વર્તન, અસભ્યતા આદિ પાપ કર્મનો ભાંડો ક્યારે ફૂટે તે તો વિભોના હાથમાં હોય છે, છતાં ઇશ્વર આવા પીડિતોની વ્યથા સાંભળે જ છે.

***અપમાનિત શબ્દોના પહાડ તૂટી પડે, હિંમત પ્રતિકારની વિખૂટી પડે***

***વૃદ્ધોનું હૈયુ વેદનાથી ખળભળે, ત્યારે તેઓ પ્રભુને પ્રાર્થે પળે પળે.***

વાસ્તવમાં જીવનમાં આવા અસંખ્યાત આપખુદી કરતા સંતાનોને નિસર્ગ કોઇ અવનવા પ્રસંગોએ, કોઇક વિટંબણાઓમાં એવી શિખામણ આપી જ દે છે કે જ્યારે પોતાના દુષ્ટ વર્તનનો પશ્ચાતાપ કરવાનો, મૃત વડીલો કે માતાપિતાની માફી માગવાનો સમય આવી રહે છે. જીવનમાં જો સારુ વાવીએ તો જરૂરથી સારું લણી શકીએ. સમાજમાં કોઇ બંધનમાંથી છટકી શકાય પરંતુ ભગવાનની ન્યાયિક અદાલત અને તેમના કાનૂન અને તેમણે કરેલો ન્યાય સ્વીકારવો જ રહ્યો.

## વિચારી જુઓ...!!

બસ, એમ કરો, આજે બધુ જ થંભાવી જુઓ,
બંધ કરી આંખો જરા, સ્વને સ્વમાં સમાવી જુઓ.
હાથ લંબાવી ઊભા રહો છલકાતી ક્ષણો સુધી;
કોઇને ક્યારેક દિલના આલિંગનથી દબાવી જુઓ.
એમ કરો, બંધ કવરમાં થોડી લાગણી નિચોવી જુઓ,
ને .. શબ્દનો આ જાદુ, સુવાળા નયનોમાં સમાવી જુઓ.

– ડો. મધુકાંત આચાર્ય

મહામંડળની ત્રિ-વાર્ષિક સામાન્ય સભા દરમ્યાન અભ્યાસમાં વિવિધ ક્ષેત્રે ઉત્તીર્ણ છાત્ર/છાત્રાઓનું પ્રોત્સાહન સન્માન થયું.

## એમ.બી.એ.



**કોટડીયા કલ્પેશ દિનેશભાઈ**
એ-ગ્રેડ - જામનગર



**મચેચા ઉત્પલ રસીકભાઈ**
ફ્સ્ટ કલાસ - ગાંધીધામ



**હેડાઉ વિજય ગોપાલભાઈ**
બી-પ્લસ - ભુજ



**બુદ્ધભટ્ટી નિશા નરેશભાઈ**
૮૧.૪% - ભુજ



**બુદ્ધભટ્ટી હાર્દિક જગદીશભાઈ**
૬૦.૧૮% - ભુજ



**બગ્ગા અમીત વિનોદભાઈ**
૭૮.૧૬% - ભુજ




**મચેચા જલ્પા દિનેશભાઈ**
૬૭.૮% - ભુજ



**બુદ્ધભટ્ટી જય જેન્તીલાલ**
૮૧.૪% - ભુજ




**ચનાણી શ્રુતિ હર્ષદભાઈ**
૬૭% - ભુજ



**પરમાર રોહન પ્રફુલચંદ્ર**
૫૩% - ભુજ

**બુદ્ધભટ્ટી મહેશ ચંદ્રકાંતભાઈ**
મુંબઈ




**લાયચા અર્જુન રમેશચંદ્ર**



**બારમેડા ભાવિકા છગનભાઈ**
ડિસ્ટીંક્શન - રાયપુર (છત્તીસગઢ)



**સોની સંજય સુરેશભાઈ**
૭.૪- રાયપુર (છત્તીસગઢ)



**પોમલ રાહુલ નરેશભાઈ**
રાયપુર (છત્તીસગઢ)



**બારમેડા કૌશલ નરેન્દ્રકુમાર**
ફ્સ્ટ કલાસ - રાજકોટ

## એમ.ડી. (ગાયનેકોલોજી)

**બારમેડા ડો. શ્રદ્ધા કિશોરભાઈ**
મુંબઈ

## બી.એચ.એમ.એસ.

**બારમેડા ડો. હાર્દિકા દ્વારકાદાસ**
અમદાવાદ



**બુદ્ધભટ્ટી ડો. ઝિંકલ વિનુભાઈ**
અમદાવાદ

## એમ. ફીઝીયોથેરાપી (ન્યુરો)



**બુદ્ધભટ્ટી ડો. મમતા વિજયકુમાર**
૬૨.૦% - અમદાવાદ

## સી.એ.



**સોની મિતલ દિનેશભાઈ**
ભુજ



**સોની ભાવિક જયેશભાઈ**
૫૦% - મુંબઈ

## એફ.સી.એ.

**બુદ્ધભટ્ટી મિતુલ કીર્તિભાઈ**
ભુજ

## પી.જી.ડી.સી.એ.

**બારમેડા હિરેન મહેન્દ્રભાઈ**
ફસ્ટ કલાસ - નખત્રાણા

## એમ.કોમ.



**મચેચા પ્રિયેન વિજયકુમાર**
૪૬.૩૭% - ગુજરાત યુનિ.



**મચેચા કૃપાલી જયંતિલાલ**
૪૪.૯૩% - સૌરાષ્ટ્ર યુનિ.



**પોમલ નિલમ રાજેન્દ્રભાઈ**
ભુજ



**ગુજરાતી પંક્તિ લકીકુમાર**
ભુજ



**બારમેડા હની મહેન્દ્રભાઈ**
ભુજ



**બુદ્ધભટ્ટી સ્મિતા નીતિનભાઈ**
ભુજ



**બારમેડા સોનાલી ઘનશ્યામભાઈ**
૫૨.૫% - ભુજ



**બુદ્ધભટ્ટી નિલમ પ્રદીપકુમાર**
૪૮% - ભુજ



**સોની શ્રુતિ જયંતિલાલ**
૬૨.૬% - કોટડા જડોદર



**સોલંકી દુર્ગા કિરણભાઈ**
૫૯.૨૫% - અંજાર

## એમ.એસ.



**કોટડીયા આરોહી રાજેશભાઈ**
અમદાવાદ



**સાકરીયા મિરાજ દિનેશભાઈ**
ફસ્ટ કલાસ - મુંબઈ



**બુદ્ધભટ્ટી દુલારી જગદીશભાઈ**
૮૫% - ભુજ



**બગ્ગા પુનીત અતુલકુમાર**
યુએસએ. યુનિ.

## એમ.એસ.સી.



**બુદ્ધભટ્ટી રીમ્પલ નિકેતભાઈ**
૫૭% - ભુજ



**ગુજરાતી વિવેક પરેશભાઈ**
૬૪% - ભુજ

**સોલંકી કોમલ પંકજભાઈ**
૫૦% - વડાલી

**સોલંકી વિરલબેન પંકજભાઈ**
વડાલી



**બારમેડા કિર્તીકાંત શશીકાંતભાઈ**
સેકન્ડ ક્લાસ - અંજાર



**પોમલ જયેશકુમાર મોહનલાલ**
૫૧% - કોઠારા



**કટ્ટા સુનીલ બાબુભાઈ**
૫૮% - કામરાજ

## એમ. ઈ.



**સોલંકી નિખીલકુમાર એચ.**
આદીપુર

## એમ.સી.એ.

**પોમલ નિશા નરેશભાઈ**
ફ્સ્ટ ક્લાસ-રાયપુર (છત્તીસગઢ)

## વિશિષ્ટ સિદ્ધી (હેન્ડ બોલ)



**પોમલ જીલ અનિલભાઈ**
રાષ્ટ્રીય કક્ષાએ - ભુજ

## બી.ઈ.




**બુદ્ધભટ્ટી રીનુ જગદીશચંદ્ર**
પ્રથમ- સૌરાષ્ટ્ર



**કોટડીયા કુંજ રાજેશભાઈ**
૬૮.૪૩% - અમદાવાદ

**બારમેડા વૈશાખી દિનેશકુમાર**
૭૧.૩૦% - તલોદ



**બુદ્ધભટ્ટી રોહન પ્રકાશભાઈ**
૬૫.૬૩% - ભુજ



**પોમલ રિશી શશીકાંત**
૭૦% - ભુજ



**બુદ્ધભટ્ટી બંસી જયંતભાઈ**
૬૫% - મુંબઈ



**પોમલ રિદ્ધિ જયેન્દ્રભાઈ**



**બુદ્ધભટ્ટી નીકિતા જે.**
૫૮.૬% - મુંબઈ

## બી. આર્કીટેક્ટ

**બુદ્ધભટ્ટી ચંદન યોગેશભાઈ**
ડિસ્ટીક્શન - રાયપુર (છત્તીસગઢ)

## એમ.ફાર્મ

**સોલંકી સ્વાતી સુરેશભાઈ**
ફસ્ટ ક્લાસ - ગુજરાત યુનિ.



**સોની નિલમ મનસુખભાઈ**
૬૬% - મુંબઈ

## એમ.એ.



**પોમલ રાજશ્રી વિનોદભાઈ**
૫૫.૮% - નોર્થ ગુજ. યુનિ.

## એમ.ફીલ.



**સોલંકી નેહા શ્યામભાઈ**
૫૭% - ભુજ

**પોમલ ફાલ્ગુની જગદીશભાઈ**
૬૮% - ભુજ



**બારમેડા હેતલ ઈશ્વરલાલ**
સુરત

## એમ.એ.



**સોની એકતાબેન ભરતભાઈ**
૫૫% - ધનસુરા



**સોની પુજા ઈશ્વરભાઈ**
૬૦% - તલોદ



**બારમેડા પૂર્વી મહેન્દ્રભાઈ**
૬૪% - માધાપર



**મચેચા રાધિકા કીર્તિકુમાર**
૫૩.૫% - ભુજ

## એમ.ઈ.ડી.



**મચેચા નિરાલી જયંતીલાલ**
૬૩.૦% - ભુજ



**બારમેડા પ્રિયા નરશીદાસ**
૭૭% - ભુજ

**બારમેડા રવિ ઘનશ્યામભાઈ**
૬૪% - ભુજ


## એમ.એસ.ડબલ્યુ



**બારમેડા માનસી રાજેન્દ્રભાઈ**
૬૦% - કચ્છ

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધી મેળવવા બદલ ઉપરોક્ત તમામ વિદ્યાર્થી મિત્રોને 'જ્ઞાતિ સેતુ' પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભકામના...

## તેજસ્વી તારલા



**બુદ્ધ હર્ષ સચિનભાઈ**
**ધોરણ-3 GRADE-A (અંજાર)**



**બુદ્ધ દેવાંશી અમિતભાઈ**
**L.K.G. GRADE-A+ (અંજાર)**

# સાંસ્કૃતિક કાર્યક્રમનો અહેવાલ

સુધા એ. બુદ્ધભટ્ટી - ભુજ



શ્રી અખિલ ભારતીય મારું કંસારા સોની જ્ઞાતિ મહામંડળ કલા સાંસ્કૃતિક સમિતિ દ્વારા સમુહ લગ્નની પૂર્વસંધ્યાએ એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



કલા સાંસ્કૃતિક સમિતિના ચેરપર્સન સુધા એ. બુદ્ધભટ્ટીના કહેવા પ્રમાણે સમગ્ર ઘટકોના સહયોગથી આ કાર્યક્રમ પરિપૂર્ણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૮૧ કલાકારોએ ભાગ લીધો હતો. જેમાં ભુજ ૬, અંજાર ૨, નખત્રાણા ૨, પશ્ચિમ કચ્છ ૧, માંડવી ૧, મુંબઈ ૨, ઈન્દોર ૧ આ રીતે કુલ ૧૫ એન્ટ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યું હતું. ૨૦૦૯ના મહાસંમેલન વખતે યાદગાર સાંસ્કૃતિક કાર્યક્રમ થયેલ એ જ રીતે આ વખતે પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમય મર્યાદાને ધ્યાનમાં રાખી હજુ ઘણા જ કલાકારોને આપણે સામેલ કરી શક્યા ન હતા તે બદલ તેમજ સંજોગવસાત દામ્પત્ય જીવનને વર્ણવતી સાબરકાંઠાની કૃતિ અને જુનાગઢની ભરતનાટ્યમ્‌માં વિશારદ એવા કુ. નમ્રતા એસ. પરમારની કૃતિ સામેલ ના કરાઈ તે બદલ સમિતિ તેમજ મહામંડળ ખેદ અનુભવે છે. આ ઉપરાંત અમદાવાદ-રાયપુરની કૃતિઓની આ કાર્યક્રમ થોડું વંચિત રહે... આશા રાખીએ ભવિષ્યના પ્રોગ્રામમાં તેમની કૃતિઓ સક્ષમ રહે.

આ કાર્યક્રમની વિશેષ વાત કરીએ તો ભુજ, અંજાર, નખત્રાણા, માંડવી આમ વિવિધ ઘટકોમાં સમિતિની બેઠક ગોઠવી સમિતિના સભ્યોએ સિલેક્ટ કરેલ આઈટમોમાં ભારતીય સંસ્કૃતિને ધ્યાનમાં રાખી ઘડવામાં આવેલ આ કાર્યક્રમની શરૂઆત માંડવીની બાળાઓએ ગણપતિ સ્તુતિથી કરેલ. ત્યારબાદ ત્યૌહારિક કૃતિ (હોળી ગીત), કાલ્પનિક કૃતિ, મુંબઈની લાવણી તેમજ ભાંગડા, પશ્ચિમ કચ્છની લગ્નગીત, નખત્રાણા તેમજ ઈન્દોરની રાજસ્થાની, ભુજની દેશભક્તિ ગીત, ભક્તિગીત, ગુજરાતી ગરબા, કચ્છી ગરબા, અંજારની ભરતનાટ્યમ તેમજ દરેક રાજ્યની વિશિષ્ટતાને એક જ કૃતિમાં જોડી અનેકતામાં એકતા થીમ અંતર્ગત કૃતિઓ અગ્રેસર રહી આમ સમગ્ર કૃતિઓનો સંગમ એક જ સ્ટેજ પર જોવા અને માણવા જેવું હતું. દરેક પ્રદેશની લાક્ષણિકતા આબેહુબ હતી. ઈન્દોરની બાળાએ થાળી ગ્લાસ કે ખીલા પર પોતાના કુમળા પગને નૃત્યના થરકારથી જોડ્યો હતો અને લોકોની પ્રશંસા મેળવી હતી. દરેક ઘટકના કલાકારોએ તેમની અદાઓમાં ખૂબ જ સુંદર આઈટમો રજુ કરી હતી. આ પરથી આપણને ખ્યાલ આવે છે કે આપણી જ્ઞાતિમાં ખૂબ જ સારા કલાકારો દેશના ખૂણે ખૂણે છે જેને એકઠા કરવાનું અને સ્ટેજ પર લાવવાનું કાર્ય મહામંડળે કર્યું છે.

આ કાર્યક્રમને સુપેરે પાર પાડવા કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક કલાકારને સમિતિ તરફથી ભેટ આપવામાં આવેલ જે ખર્ચના સ્પોન્સર શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી હતા. આ ઉપરાંત દરેક કૃતિને ઉપસ્થિત જ્ઞાતિજનો દ્વારા રોકડ ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. દિવસભરના સમગ્ર કાર્યક્રમના વિડિયોગ્રાફીના સ્પોન્સર નખત્રાણાના શ્રી હિરાલાલભાઈ મોહનલાલ બગ્ગા રહ્યા હતા. તદુપરાંત શ્રી મારું કંસારા સોની જ્ઞાતિ - અંજાર, શ્રી સાબરકાંઠા કચ્છ મારું કંસારા સોની જ્ઞાતિ મંડળ અને નખત્રાણાના યુવક મંડળના પ્રમુખશ્રી મહેશભાઈ કે. બુદ્ધભટ્ટી તરફથી આર્થિક સહયોગ મળ્યો હતો. દિવસભરના સમગ્ર કાર્યક્રમને મોતીઓમાં પરોવવાનું કામ ઈન્ચાર્જ શ્રી ચંદ્રકાંતભાઈ જે. ચનાણીએ કર્યું હતું. શ્રી સુરેશભાઈ એલ. બીજલાણી તેમજ અમદાવાદના શ્રી અતુલભાઈ એ. બગ્ગાએ તેમની સુંદર લાક્ષણિક અદાઓમાં સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ભુજ જ્ઞાતિ યુવક મંડળના સભ્યો તેમજ મહિલા મંડળા સભ્યોએ જહેમત ઉઠાવી હતી.



# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ મહિલા સેલ



મહામંડળ અધિવેશન તા. ૯-૧-૨૦૧૨ અને ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ આયોજીત સમૂહલગ્ન તા. ૧૦-૧૨-૨૦૧૨ દરમિયાન મહામંડળ મહિલા સેલ દ્વારા આપણી જ્ઞાતિના કલાકાર ભાઈઓ બહેનોની કલાકારીગરીને ઉજાગર કરી પ્રોત્સાહન પુરું પાડવા કલાકૃતિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મેળામાં ૧૨ કલાકાર ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. કલાકૃતિ મેળામાં જુદી જુદી કલાઓનું નિદર્શન કરવામાં આવેલ. માનકુવાના યુવાન કલાકાર દ્વારા પેઈન્ટીગ અને મડવર્કના નમુના મુકવામાં આવ્યા હતા. સમાજની બહેનોએ ભરત ગુંથણ મોતીકામ, જડતર, કુર્તી સાડી જેવા વસ્ત્રો પર ટ્રેડીશનલ વર્ક કરેલા વસ્ત્રોના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. મેળામાં સાડી સાથે મેચીંગ મોતીના દાગીનાના સ્ટોલે ખાસ આકર્ષણ જગાવ્યું હતું. ગૃહ સુશોભન માટેના તોરણો, લટકન વોલ પીસ અને કટલરીના અને ચણીયા ચોળીના સ્ટોલ પર લોકોની ભીડ જામી હતી.

કલાકૃતિ મેળાનો આ દ્વિતીય પ્રયાસ હતો મેળાને સારો આવકાર મળ્યો હતો. કલાકૃતિ મેળા દાતાઓને સપ્રેમે દાન આપ્યું હતું અને આ દાન થકી કલાકૃતિ મેળાના સ્ટોલ ધારકોને તદ્દન નિઃશુલ્ક સ્ટોલ ફાળવી શક્યા હતા.

કલાકૃતિ મેળાનું ઉદ્દ્ઘાટન મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતીના હસ્તે થયું હતું. પ્રભુદાસભાઈએ મહામંડળના અન્ય હોદ્દેદારો પ્રેમજીભાઈ સોલંકી, હરિલાલભાઈ વીસાપરમાર, કિશોરભાઈ ચનાણી, ઈન્દુભાઈ સોલંકી, અતુલભાઈ સોની, મનુભાઈ કોટડિયા, અમુભાઈ સોલંકી, પી.જી. સોની (દાસ), લત્તા આઈ. સોલંકી, રોહિણી બી. બુદ્ધભટ્ટી, સ્મીતાબેન એચ. વીસાપરમાર સાથે દરેક સ્ટોલની મુલાકાત લઈ કલાકારોને પ્રોત્સાહન આપ્યું હતું.

બંને દિવસે મેળામાં મુલાકાતીઓની સતત ભીડ રહી હતી. તા. ૧૦-૧૨-૧૨ના રોજ સાંજે મેળાના સમાપન સમારોહમાં સ્ટોલ ધારક કલાકારોને પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી અને સાવિત્રીબેન પ્રભુદાસભાઈ અને મહામંડળના મહિલાસેલના કન્વીનર લત્તા આઈ. સોલંકીના હસ્તે સ્મૃતિ ચિહ્ન આપવામાં આવ્યા હતા. પ્રભુદાસભાઈ કલાકારોને પ્રોત્સાહિત કરતા પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આવા જ્ઞાતિ મેળાવળામાં અનુભવનું ભાથું મેળવી આપ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો ઉપરાંત તેઓએ કલાકારોને મદદરૂપ થવાની ખાત્રી આપી કહ્યું કે કોઈપણ કામ હોય તો નિઃસંકોચ એમણે જણાવી શકે છે. તેઓશ્રીએ હંમેશા મદદ કરવાનો કોલ આપ્યો હતો. મહિલા સેલના કન્વીનર લત્તાબેન સોલંકીએ મેળામાં ભાગ લેવા બદલ કલાકારોને અભિનંદન આપ્યા હતા અને ગૃહિણીઓ ઘરનું સુચારુ રૂપે સંચાલન કરી પોતાના કલાકારીથી આર્થિક ઉપાર્જન કરી અન્ય બહેનો માટે પ્રેરણારૂપ બનશે એવી શુભેચ્છા પાઠવી હતી. ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઈએ કલાકારોને બીરદાવ્યા હતા. મેળાના આયોજનમાં ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી



સંપૂર્ણ સાથ સહકાર આપ્યો હતો. રોહિણીબેન બુદ્ધભટ્ટી, જયશ્રીબેન છત્રાળા, નીતિનભાઈ હેડાઉ, અરૂણાબેન બુદ્ધભટ્ટી વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી. રોહિણીબેને આભારવિધિ કરી હતી. મેળામાં સહભાગી કલાકારોએ સમસ્ત દાતાશ્રીઓ, ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ, મહામંડળના હોદ્દેદારો અને સમસ્ત જ્ઞાતિજનો તરફથી મળેલ સાથ સહકાર બદલ મહિલા સેલ આભારી રહેશે. એવી ભાવના વ્યક્ત કરી હતી.

**કલાકૃતિ મેળાના આયોજન માટે સમાજના દાતાશ્રીઓની યાદી :-** શ્રી સોની ખેતશી ખેંગાર ગુજરાતી ટ્રસ્ટ - હ. પ્રભુદાસભાઈ (ભુજ) રૂા. ૨૫,૦૦૦/-, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ (અંજાર) રૂા. ૫,૦૦૦/-, શ્રી જયેશભાઈ બાબુભાઈ પોમલ (રાયપુર) રૂા. ૫,૦૦૦/-, શ્રી યોગેશભાઈ નાનાલાલભાઈ બુદ્ધભટ્ટી (રાયપુર) રૂા. ૨,૧૦૦/-

# કલાકૃતિ મેળાના કલાકારો





**રીટા જગદીશ બુદ્ધભટ્ટી**
ભરત ગુંથણ
ભુજ (કચ્છ)



**શીતલ અરૂણભાઈ બુદ્ધભટ્ટી**
ભરત ગુંથણ, મોતીકામના
હેન્ડીક્રાફ્ટ આઈટમ ભુજ (કચ્છ)



**હીમાબેન સંજયભાઈ ગુજરાતી**
ભરત ગુંથણ
આદિપુર (કચ્છ)



**રીના પ્રશાંતભાઈ બારમેડા**
ભરત ગુંથણ અન્ય
ભુજ (કચ્છ)



**નેહા શ્યામ સોલંકી**
ભરત ગુંથણ
ભુજ (કચ્છ)



**સુધા એ. બુદ્ધભટ્ટી**
મોતીકામ
ભુજ (કચ્છ)



**નીશા ડી. સોની**
ડ્રેસ ડીઝાઈનર
મુંબઈ (મહારાષ્ટ્ર)



**અનિલ મહેશભાઈ સાકરીયા**
મડવર્ક પેઈન્ટીંગ
માનકુવા (કચ્છ)



**અરૂણા જીજ્ઞેશભાઈ બીજલાણી**
સુડી ચપ્પુ
માંડવી (કચ્છ)



**હીના બી. પરમાર**
પેપર વર્ક
ભુજ (કચ્છ)



**પારૂલ રાજેશભાઈ પોમલ**
સીલ્વર જ્વેલરી
ભુજ (કચ્છ)

# શ્રી મારું કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ - ૨૭મો સમુહ લગ્ન



શ્રી મારું કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા આયોજીત ૨૭મો સમુહ લગ્નોત્સવ તા. ૧૦-૧૨-૨૦૧૨, સોમવારના રોજ ભવ્ય રીતે સંપન્ન થયો જેની અંદર ૧૭ યુગલોએ પ્રભુતાના પગલા માંડ્યા. આ શુભ અવસરે નવદંપતીઓને શુભાશિષ આપવા દેશભરમાંથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આ શુભ અવસરના માંગલિક પ્રસંગોમાં સવારે ૯-૩૦ કલાકે ગણેશપુજા ધાર્મિક ખર્ચના દાતાશ્રી ભૂપેન્દ્રભાઈ જેઠાલાલ સોલંકી-ભુજના વરદ્ હસ્તે કરવામાં આવી. મંડપારોપણ સવારે ૧૦-૩૦ કલાકે લગ્નવિધિ સવારે ૧૧-૩૦ કલાકે, ભોજનસમારંભ બપોરે ૧૨-૦૦ કલાકે, સત્કાર સમારોહ બપોરે ૩-૦૦ કલાકે તેમજ વિદાય સાંજે ૬-૦૦ કલાકે આપવામાં આવી. સમગ્ર ધાર્મિક વિધિ સમાજના ગોરશ્રી સુમનભાઈ વ્યાસના વરદ હસ્તે કરવામાં આવી.

આ શુભ પ્રસંગે યોજવામાં આવેલ સત્કાર સમારોહની શરૂઆત મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત જ્ઞાતિ મંત્રીશ્રી દિલીપભાઈ બગ્ગા, સમુહલગ્ન સમિતિના કન્વીનરશ્રી નિતીનભાઈ હેડાઉ દ્વારા કરવામાં આવ્યું. ત્યાર બાદ જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઈ ચનાણી, મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી, ગોરશ્રી સુમનભાઈ વ્યાસ તેમજ મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ ગોરશ્રી સુમનભાઈ વ્યાસે નવદંપતિઓને આશીર્વચન આપી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી.

સત્કાર સમારોહના મુખ્ય મહેમાન તરીકે શ્રી ભરતભાઈ તુલસીદાસ બગ્ગા-ગાંધીધામ, શ્રી પ્રાણલાલભાઈ નરભેરામ સોલંકી-ભુજ, શ્રી પ્રદીપભાઈ મગનભાઈ ચનાણી-ભુજ તેમજ અતિથિવિશેષ તરીકે શ્રી રસિકભાઈ ઝવેરીલાલ બુદ્ધભટ્ટી-ભુજ, શ્રી જગદીશચંદ્ર દયારામ ચૌહાણ-ભુજ, શ્રી દિલીપભાઈ જદુરામ કોટડીયા-ભુજ, શ્રી ભરતભાઈ બેચરલાલ બગ્ગા-નખત્રાણા, શ્રી કિશોરભાઈ લખમશી કોટડીયા-નખત્રાણા, શ્રી વિનોદભાઈ શાંતિલાલ ગુજરાતી-દહીંસરા, શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા-અમદાવાદ, શ્રી નિતીનભાઈ ચંદ્રકાંત ઝવેરી-મુંબઈ, શ્રી અશ્વિનભાઈ બાબુભાઈ બુદ્ધભટ્ટી-રાયપુર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા તેમજ મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી તથા પશ્ચિમ કચ્છ ઘટકના પ્રમુખશ્રી લખમશીભાઈ કોટડીયા વિગેરે મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો આપ્યા હતા. સત્કાર સમારોહના પ્રમુખ તેમજ જ્ઞાતિના પ્રમુખશ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણીએ નવદંપતિઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને શીખ આપતા જણાવ્યું હતું કે પતિ-પત્ની અને બાળકોને પોતાનો પરિવાર ન સમજતાં પરિવારના તમામ સભ્યોએ મારો પરિવાર છે તેમ સમજશો અને કુટુંબ ભાવના વિકસાવશો.

પ્રમુખશ્રીએ જ્ઞાતિ ટ્રસ્ટે કરેલા નિર્ણયો અંગે જણાવ્યું કે, સમાજના જરૂરિયાતમંદ જ્ઞાતિજનો વિવિધ ગૃહઉદ્યોગમાંથી કોઈપણ જાતનો ગૃહઉદ્યોગ સ્થાપવા માંગતા હશે તેઓને જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી આર્થિક-ટેકનીકલી કે અન્ય બાબતોમાં સહયોગ આપવામાં આવશે. ઉપરાંત સુરલભીટ્ટ રોડ મધ્યે આવેલા જ્ઞાતિના વડાનું વિકાસ કરવાનું જ્ઞાતિ ટ્રસ્ટે નિર્ણય કર્યો છે. તેની જાણકારી આપતા જણાવ્યું કે વયોવૃદ્ધ, વિધવા, વિધુર એવા જરૂરિયાતવાળા જ્ઞાતિજનો માટે એક રૂમ, રસોડું, એટેચ બાથવાળા રૂમો બનાવવામાં આવશે. અત્યારે જે સ્ટ્રક્ચર ઉભો છે તે ઉપર વિવિધ ઉપયોગમાં આવી શકે તેવું હોલ બનાવવું તેમજ બાકી રહેતા ગ્રાઉન્ડનો એવી રીતે વિકાસ કરવું કે સમાજના નાના-મોટા પ્રસંગો ભવ્ય રીતે ઉજવી શકીએ. વધુમાં પ્રમખુશ્રીએ જણાવ્યું કે બે વર્ષથી સ્થાપવામાં આવેલ સમુહલગ્ન કાયમી ફંડના ઉદ્દેશને પાર પાડવા માટે ૨૬માં સમુહલગ્નોત્સવમાં કન્યાઓને પ્રવેશ ફીમાં ૫૦ ટકા રાહત આપવામાં આવી હતી. જે આ ૨૭માં સમુહલગ્નોત્સવમાં કન્યાઓને ફ્રી પ્રવેશ આપવામાં આવ્યો છે. જે કાયમ માટે રહેશે. તેમ આગામી ૨૮માં સમુહલગ્નોત્સવમાં વરને પ્રવેશ ફીમાં ૫૦% રાહત આપવામાં આવશે તેવું જાહેર કરતા જ્ઞાતિજનોએ ઉમળકાભેર વધાવી લીધી હતી.

મેડિકલ કાયમી ફંડના ચેરમેન શ્રી હર્ષલભાઈ ઝવેરીલાલ બુદ્ધભટ્ટીએ ફંડ વિષે જાણકારી આપી હતી અને ફંડના ઉદ્દેશો પાર પાડવા માટે જ્ઞાતિજનોને આર્થિક સહયોગ આપવા અપીલ કરતા રામપર-વેકરાના શ્રી જીવરામભાઈ કેશવજી પોમલ તરફથી રૂા. ૧,૦૧,૦૦૦ જાહેર કરવામાં આવ્યા હતા. તેમજ વડોદરાના શ્રી ચમનભાઈ વેલજી બારમેડા તરફથી રૂા. ૧૧,૦૦૦ જાહેર કરવામાં આવ્યા હતા. જ્ઞાતિજનો તરફથી કન્યાઓને ૩૮ વિવિધ ભેટો મળી હતી તેમજ ગૌદાનના રૂા. ૨૬૦૦/- દરેક કન્યાઓને મળેલ હતા.

આ શુભ અવસરે પશ્ચિમ કચ્છના પ્રમુખશ્રી લખમશી કોટડિયા, માંડવીના પ્રમુખશ્રી સુરેશભાઈ સોલંકી, અંજારના પ્રમુખશ્રી રાજેશભાઈ વિશાપરમાર, જામનગરના પ્રમુખશ્રી હરિશભાઈ બુદ્ધભટ્ટી, મુંબઈના પ્રમુખશ્રી જયંતિભાઈ સાકરીયા,

અમદાવાદના પ્રમુખશ્રી રમેશભાઈ પોમલ તેમજ વિવિધ ઘટકોના યુવકમંડળના પ્રમુખશ્રી, મહિલા મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓ, હોદ્દેદારો આ શુભ અવસરે પધારી નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા. સમુહલગ્ન મારફતે પોતાના સાંસારિક જીવનની શુભ શરૂઆત કરનાર વરરાજા શ્રી હિતેન ભૂપેન્દ્રભાઈ સોલંકીએ જણાવ્યું કે, ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા સમુહલગ્નનું આયોજન કરવામાં આવે છે તેને ભવ્ય અને ઉમદાકાર્ય ગણાવ્યું હતું અને તે માટે પોતે ગૌરવ અનુભવે છે તેમજ સમુહલગ્ન સમિતિ તથા સર્વે કાર્યકરભાઈ-બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. સમુહલગ્ન પ્રસંગે જાહેરાત - સ્ટેશનરી ખર્ચ, ધાર્મિક ખર્ચ, લગ્નપત્રિકા ખર્ચ તેમજ કંકોત્રીમાં ફોટાની સ્કીમમાં જોડાનાર સર્વે દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું.

આજના આ સમગ્ર કાર્યક્રમને સમુહલગ્ન સમિતિ, મહિલા મંડળ તેમજ ભુજ-માધાપર યુવક મંડળના કાર્યકર ભાઈ-બહેનોએ શ્રી નિતીનભાઈ હેડાઉ, શ્રી ચંદ્રકાંતભાઈ ચનાણી, શ્રી અમૃતલાલભાઈ સોલંકી, શ્રી અનિલભાઈ છત્રાળા, શ્રી રાજેશભાઈ સોલંકી, શ્રી મનોજભાઈ બુદ્ધભટ્ટી, શ્રી હિતેશભાઈ પોમલ, શ્રી દિપકભાઈ પોમલ, શ્રી રાહુલભાઈ ચનાણી, શ્રી ગિરીશભાઈ સોલંકી, શ્રી પ્રદિપભાઈ બીજલાણી, શ્રી સચિનભાઈ બુદ્ધભટ્ટી, શ્રીમતી લત્તાબેન સોલંકી, શ્રીમતી રોહીણીબેન બુદ્ધભટ્ટીનું માર્ગદર્શન મેળવી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ચેતનભાઈ બારમેડા, શ્રી દિલીપભાઈ બગ્ગા દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

## Metriomonial



**Name** : Mananjay V Soni
**Mobile** : 9537633646 , 8460147986
**E-Mail** : manic4u4me@gmail.com
**Birth Date** : 20-09-1979
**Birth Place** : Ahmedabad
**Birth Time** : 18:15
**Height** : 5"7'
**Weight** : 58 kg
**Current Occupation** :
1. Lacturer in Audio & TV Production(CPIFT,Gandhinagar, PATAN Uni., NID Ahmedabad)
2. Media Consultant (Freelancer) for Advertising agencies, TV & Radio Media

**Father** : Vinodkumar M Ssoni(maru kansara- Parmar) Retired- Professor (Product design,NID, NIFT)
**Mother** : Lt. Mrudulaben V Ssoni (maru kansara Parmar)
**Sister** : Paragi A Parekh (married)

**QUALIFICATION**


| Degree | Specialization | Institute | Year of Passing | Class |
|---|---|---|---|---|
| Technology Management(Part-time) | Project, Information Communication Systems | CEPT | Perusing | |
| PGD | Sound Engg & TV Production | Film & Telivision Institute of India (ftii pune) | 2004 | First in batch.(gold medal) |
| B.Sc | Mathematics | M.G Science Institute Gujarat Uni, Ahmedabad | 2001 | I |
| Computer Qualification | M.C.S.D (Computers) | Microsoft Certification Ahmedabad | 2002 | I |

**INTERESTS AND HOBBIES**


- Listening music, Reading books, Computers etc.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**રોહીણી બી. બુદ્ધભટ્ટી**



નારી શક્તિના પોંખણા લેવાનું અવસર કદી ચૂક્યું નથી. 'મા અંબા ભવાની' ના નવરાત્રીની ઉપાસના કરતી મહિલાઓ - બાળકોને અમારું મહિલા મંડળ કેમ ભૂલે ? કારણકે નારી શક્તિ એ જ જગદ્ શક્તિ છે સમજીને સદાય કાર્યરત એવું અમારું મહિલામંડળ 'મા જગદંબા ભવાની'ની ઉપાસના નવરાત્રીના નવ દિવસોએ તા. ૧૪-૧૦-૨૦૧૨ થી તા. ૨૨-૧૦-૨૦૧૨ સુધી સતત જોશ અને ઉમંગથી કરી. નવે નવ દિવસ બાળકો તેમજ નાની બાલિકાઓથી વૃદ્ધાઓ સુધીની 'ચનાણી પાર્ટી પ્લોટ' ના પ્રાંગણમાં રંગે રમતી રાચતી હતી. દાતાના દાનની સરવાણી હંમેશ મુજબ સતત વહેતી રહી છે. મુખ્ય દાતાઓ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની, શ્રી જટુભાઈ વેલજી ચનાણી પરિવાર તેમજ સ્વ. મગનભાઈ વેલજી ચનાણી પરિવાર તરફથી માતબર દાનની પ્રાપ્તી થઈ.



ચેરપર્સન જયશ્રીબેન બુદ્ધભટ્ટી તેમજ ભાવનાબેન વિજયભાઈ બુદ્ધભટ્ટીએ સુપેરે વ્યવસ્થા સંભાળી હતી.

દરરોજ બે રાઉન્ડમાં પ્રથમ બાળકો તેમજ બાલિકાઓનો રાઉન્ડ તેમજ ત્યારબાદ બહેનોના રાઉન્ડમાં પણ સિનિયર સિટીઝનમાં ગણતરી થાય તેવી બહેનો એ પણ રંગત જમાવી હતી. નવરાત્રીના અંતિમ દિવસે દાતાઓના હસ્તે વિજેતાઓને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરરોજ બાળકોને વિવિધ પરિવારો તરફથી વિશેષ ભેટો આપવામાં આવતી હતી. તેથી બાળકોનો ઉત્સાહ બેવડાતો હતો. મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી રમનારાઓનો જુસ્સો વધાર્યો હતો.

રવિવારે જ્ઞાતિપ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણી, નિતીનભાઈ હેડાઉ, પી.જી. દાસ, યુવક મંડળ પ્રમુખશ્રી અનિલભાઈ છત્રાળા તેમજ તેમની કારોબારીના હોદ્દેદારો, સભ્યોએ હાજર રહી મહિલામંડળને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ મુખ્ય દાતાશ્રી પ્રભુદાસભાઈ સોનીએ બહેનોને આવા કાર્યક્રમો દર વર્ષે ઉજવવા અનુરોધ કર્યો હતો.

દરરોજ અલગ અલગ ડ્રેસ કોડમાં બહેનો બાળકોને રમતા જોવા એ પણ એક લહાવો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મહિલામંડળની બહેનોએ હિલગાર્ડન ખાતે રોટરી કલબ આયોજિત સ્પર્ધામાં બીજો નંબર મેળવી જ્ઞાતનું ગૌરવ વધાર્યું છે. તેમજ પ્રતાપભાઈ બીજલાણીએ નોબત પર સંગત કરી હતી તો જ્ઞાતિની જ સુપુત્રી એવી કોકિલકંઠી સુધાબેન એ. બુદ્ધભટ્ટી એ માતાજીના ગરબા-છંદ ગાઈને બહેનો-બાળકોને રમતા કર્યા હતા.

તેઓ બધાનું પણ દાતાશ્રી તેમજ મહિલામંડળ પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.





# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર - સ્નેહમિલન-સામાન્ય સભા

**વિરેન્દ્ર પોમલ-માનદ્ મંત્રી**

રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૨ના સાંજે જ્ઞાતિની સમાજવાડી ખાતે સ્નેહમિલન - સામાન્ય સભાનો કાર્યક્રમ યોજ્યો હતો. જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસના આશીર્વચનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે જ્ઞાતિની નવી કારોબારી, યુવા મંડળના હોદ્દેદારો-સભ્યોની વરણીની જાહેરાત કરવામાં આવી હતી. મહિલા મંડળના હોદ્દેદારો - સભ્યોની યાદી પણ જાહેર કરવામાં આવી હતી.

જ્ઞાતિ પ્રમુખશ્રી રાજેશભાઈ કેશવલાલ વિસાપરમારે સ્વાગત પ્રવચન કર્યું હતું અને આગામી પોષ સુદ-૧૪ના મહાકાળી માતાજીના પાટોત્સવ નિમિત્તે યોજાનાર કાર્યક્રમોની જાહેરાત કરી હતી. ભવ્ય સમાજવાડી બનાવવાનું કાર્ય શરૂ થાય તે માટે જ્ઞાતિજનોના સાથ-સહકાર અને ઉત્સાહની જરૂર છે તે વાત પર ભાર મૂક્યો હતો.

કારોબારી સભ્યશ્રી ફોરમ સુરેશભાઈ પોમલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, શિક્ષણ અને તબીબીક્ષેત્રે જરૂરતમંદ જ્ઞાતિજનોને મદદરૂપ થવા પોતે તત્પર છે. ક્યારેય પણ જ્ઞાતિજનો આ સહાય માટે તેમનો સંપર્ક કરી શકે છે. તેમીન આ ઉદારતા માટે સૌએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

નિવૃત્ત શિક્ષક શ્રી હિરાલાલ મણીલાલ બારમેડા, શ્રી પ્રાણલાલ જેરામભાઈ સોલંકીએ જ્ઞાતિના સંગઠનને મજબુત બનાવવાની વાત કરતાં જણાવ્યું હતું કે જ્ઞાતિજનોએ જ્ઞાતિના કાર્યમાં ખૂબ ઉત્સાહ સાથે જોડાવું જોઈએ.

મહિલા મંડળના મંત્રી શ્રીમતી પિંકીબેન કટ્ટાએ કાર્યક્રમમાં સમયસર હાજરી આપવા અપીલ કરી હતી. સહમંત્રી શ્રીમતી અંજનાબેન નરેશભાઈ પોમલે મોક્ષદા એકાદશી ગીતા જયંતિની યાદ અપાવીને કહ્યું હતું કે, એકાદશીએ જ્ઞાતિના મહાકાળી માતાજીના મંદિરે સત્સંગ થાય છે તો બહેનોએ તે સત્સંગનો લાભ લેવો જોઈએ.

આ પ્રસંગે જ્ઞાતિના વડીલ બંધુઓ સર્વશ્રી મોહનલાલ રાઘવજી સોલંકી, ચમનલાલ રાઘવજી સોલંકી, સુરેશભાઈ વિસાપરમાર, હેમરાજભાઈ કંસારા, નરેન્દ્રભાઈ કંસારા, રમેશભાઈ બેંકવાળાએ ખાસ હાજરી આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે જ્ઞાતિના કારોબારી સભ્યો શરદભાઈ પોમલ, શાંતિલાલ બુદ્ધભટ્ટી, હરીશભાઈ મૈચા, જગદીશભાઈ છત્રાળા, કિરણભાઈ સોલંકી, અમૃતલાલ પોમલ, અરૂણભાઈ વિસાપરમાર, કિશોરભાઈ બુદ્ધભટ્ટી વગેરેએ ખૂબ જહેમત લીધી હતી. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા, યુવા મંડળના પ્રમુખશ્રી દેવેનભાઈ હેડાઉ તથા તેમની ટીમે સહયોગ આપ્યો હતો.

ઉપપ્રમુખશ્રી કિરણભાઈ હેડાઉએ જ્ઞાતિજનોને કાર્યક્રમમાં સહભાગી બનવા માટે સૌનો આભાર માન્યો હતો. અંજાર, આદીપુર, ગાંધીધામ, ભચાઉથી લાણેદારો પધાર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કારોબારીના મંત્રીશ્રી વિરેન્દ્રભાઈ પોમલએ કર્યું હતું. જ્યારે આભારવિધી સહમંત્રીશ્રી અનિલભાઈ બગ્ગાએ કરી હતી.

**આગામી તા. ૨૫-૧-૨૦૧૩ના મહાકાળી માતાજીના પાટોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમોની રૂપરેખા**

રવાડી : સવારે ૯-૦૦ કલાકે

હવન : સવારે ૧૧-૩૦ કલાકે

મહાપ્રસાદ : બપોરે ૧૨-૩૦ કલાકે

સરસ્વતી સન્માન : બપોરે ૩-૩૦ કલાકે

સાંસ્કૃતિક કાર્યક્રમ : સાંજે ૫-૦૦ કલાકે

અલ્પાહાર : રાત્રે ૮-૦૦ કલાકે

સરસ્વતી સન્માન સમારોહનું આયોજન યુવા મંડળ-અંજાર દ્વારા જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમ મહિલા મંડળ - અંજાર સંભાળશે.

**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર - કારોબારી સમિતિ**

શ્રી રાજેશભાઈ કે. વિસાપરમાર - પ્રમુખ - ૯૫૮૬૨૭૧૬૭૯

શ્રી કિરણભાઈ કે. હેડાઉ - ઉપપ્રમુખ - ૯૪૨૬૯૨૧૪૭૦

શ્રી વિરેન્દ્રભાઈ એસ. પોમલ - મંત્રી - ૯૯૦૯૭૨૨૭૨૦

શ્રી અનિલભાઈ એસ. બગ્ગા - સહમંત્રી - ૯૮૨૪૨૮૫૨૧૦

શ્રી શરદભાઈ કે. પોમલ - ખજાનચી - ૯૯૭૯૭૨૧૪૩૬

શ્રી જગદીશભાઈ એચ. છત્રાળા - સહખજાનચી - ૯૮૨૫૪૬૧૯૨૦

**કારોબારી સભ્યો**

શ્રી ફોરમભાઈ એસ. પોમલ - ૯૪૨૫૦૩૩૧૦૦

શ્રી ઈશ્વરલાલ વી. બારમેડા - ૦૨૮૩૬-૨૪૨૭૬૦

શ્રી શાંતિલાલ એચ. બુદ્ધભટ્ટી - ૯૮૨૪૨૯૯૨૫૦

શ્રી હરીશભાઈ વી. મહિચા - ૯૮૯૮૪૧૨૧૨૪

શ્રી કિરણભાઈ એમ. સોલંકી - ૯૪૨૭૨૪૯૬૮૮

શ્રી કિશોરભાઈ પી. સોલંકી - ગાંધીધામ-૯૮૨૫૫૩૩૩૭૧

શ્રી અમૃતલાલ જી. પોમલ - ૯૯૭૯૧૪૫૭૬૫૩

શ્રી દેવેનભાઈ કે. હેડાઉ - ૯૮૨૫૧૭૪૭૦૦

શ્રી અરૂણભાઈ પી. વિસાપરમાર - ૯૮૨૪૨૧૪૮૯૫

**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - અંજાર**

શ્રી દેવેન કે. હેડાઉ - પ્રમુખ - ૯૮૨૫૧૭૪૭૦૦

શ્રી સતિષ સી. બુદ્ધભટ્ટી - ઉપપ્રમુખ - ૯૪૨૯૦૪૧૦૩૫

શ્રી અમિત વી. બારમેડા - મંત્રી - ૯૮૯૮૦૭૬૧૧૩

શ્રી જયકુમાર એમ. છત્રાળા - સહમંત્રી - ૯૫૮૬૭૪૯૨૨૨

શ્રી સંદીપ આર. બુદ્ધભટ્ટી - ખજાનચી - ૯૦૩૩૩૯૯૯૪૭

શ્રી સ્મીત એચ. બારમેડા - સહખજાનચી - ૯૮૨૫૮૩૭૭૬૭

**કારોબારી સભ્યો**

શ્રી હિતેશ સી. હેડાઉ - ૯૯૭૮૩૦૧૬૧૭

શ્રી સચિન ડી. બુદ્ધ - ૯૦૩૩૫૦૦૮૩૫

શ્રી હિતેશ જે. પરમાર - ૯૦૬૭૬૦૭૨૧૩

શ્રી નિકુલ પી. બારમેડા - ૯૭૨૫૮૬૬૮૮૬

શ્રી ભાવેશ એસ. સાકરીયા - ૯૬૮૭૬૦૦૬૫૬

શ્રી જીતુ એમ. મહિયા - ૯૮૯૮૩૬૧૨૬૩

શ્રી દિલીપ સી. સોલંકી - ૯૯૭૯૩૮૮૪૮૭

શ્રી હાર્દિક ડી. સાકરીયા - ૯૦૩૩૯૯૯૪૮

શ્રી રાજીવ જી. પોમલ - ૯૭૨૫૨૪૩૮૫૭

શ્રી જયદીપ સી. બુદ્ધભટ્ટી - ૯૮૨૫૩૭૨૪૦૮

શ્રી યજ્ઞેશ એન. છત્રાળા - ૯૮૯૮૦૪૬૬૭૪

શ્રી નિર્મલ જેનુભાઈ મહિયા - ૯૮૯૮૨૫૫૪૯૮

શ્રી આનંદ એસ. બારમેડા - ૯૦૩૩૩૨૦૯૭૨

શ્રી જીતુભાઈ વિનુભાઈ - ૯૯૦૯૧૨૨૮૦૩

શ્રી મહેશ ટી. છત્રાળા - ૯૯૨૫૩૧૭૬૦૮

શ્રી શિવમ જે. છત્રાળા - ૯૮૭૯૪૧૩૭૮૦

શ્રી શિવમ પી. પોમલ - ૯૯૨૪૦૬૪૭૨૫

શ્રી વિમલ એસ. બુદ્ધભટ્ટી - ૯૦૩૩૬૨૮૯૨૦

શ્રી સંદીપ એચ. બારમેડા - ૯૪૨૬૪૩૦૩૬૮

શ્રી જયદીપ આર. પોમલ

**સ્મરણાંજલી**

## સ્વ. વેલુબેન ગોવિંદજી બુદ્ધભટ્ટી

**ટી. ઓ. બુધ**

વેલુબેન સક્રિય હતા. મહેનતુ હતા. તેઓની જન્મ તા. ૨૫-૫-૧૯૩૦ છે. મૃત્યુ તા. ૫-૧૦-૨૦૧૨ છે. ઉંમર ૮૨ વર્ષની થઈ હતી.

**વેલુબેન અખિલ કચ્છ કેળવણી ફંડ ટ્રસ્ટના ઘણા લાંબા સમય સુધી ટ્રસ્ટના સભ્ય રહેલા તેઓએ સમય દરમ્યાન સારી ફરજ બજાવેલ અને જ્ઞાતિના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહીત કરેલા આ સંસ્થામાં તેઓ સદા યાદ રહેશે.**

તેઓએ ઘર બેસી અભ્યાસ કર્યો છે. મહેનત, ધગશથી સક્રિય રહી. બી.એ. ઓનર્સ થયા. વિષય ગુજરાતી અને સંસ્કૃત હતા. તેઓએ સરકારી હાઈસ્કુલમાં શિક્ષિકાની નોકરી કરી. નોકરી ૨૮ વર્ષની થઈ ત્યારે મા-બાપ ઘરડા હતા. તેથી વહેલું પેન્શન લીધું. નોકરી દરમિયાન સરકારી સ્કોલરશીપ મેળવી બી.એડ. ફસ્ટ કલાસ થયા.

વેલુબેનને શિક્ષણમાં બહુ જ રસ હતો. નોકરી સમયે ઈન્ચાર્જ આચાર્ય બન્યા. પી.ટી.સી.નો ચાર્જ પણ સંભાળ્યો. લાયબ્રેરી સંભાળી. રાત દિવસ મહેનત કરી સક્રિય તેમજ મા-બાપની સેવા કરી.

તેઓને જ્ઞાતિમાં કન્યા શિક્ષણમાં રસ હતો. કન્યા શિક્ષણ માટે દર વર્ષે સ્કોલરશીપ આપતા હતા. જીવ્યા ત્યાં સુધી સ્કોલરશીપ આપી છે. બાલમંદિરમાં રસ હતો. તેમાં દાન આપતા હતા. બોર્ડીંગમાં રસ હતો. દર મહિને દાન આપતા હતા. ગરીબોને દવા મફત આપતા હતા. આમ તેઓ શિક્ષણ પ્રેમી, સેવા પ્રેમી અને ધર્મ પ્રેમી હતા.

બોર્ડીંગ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપ, પુસ્તકો વગેરે માટે દાન આપતા. જ્ઞાતિના ઈનામ કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે દાન આપતા.

ભૂકંપ પછી માતાજીના નવા બનેલા મંદિરના ઉમરા પૂજન માટે રૂપિયા ત્રીસ હજારનું દાન આપ્યું હતું.

વેલુબહેન બહુ જ ઓછું ખાતા તેથી ઉંમર વધતા ઓછા પોષણને કારણે કેન્સર થયું. દવા ભુજ અને અમદાવાદમાં કરાવી. મારે ઘરે પણ રહ્યા. પણ તૂટીની બુટી નથી. તેથી. તા. ૫-૧૦-૨૦૧૨ના ૮૨ વર્ષે મૃત્યુ પામ્યા.

વેલુબહેને ઉંમરલાયક મા-બાપની સેવા કરી. મા-બાપના નામ માટે ભુજની કોમર્સ કોલેજમાં રૂપિયા ત્રીસહજારનું દાન કર્યું. તેઓ શિક્ષણ પ્રેમી હતા. કન્યાકેળવણીને પ્રોત્સાહન આપતા. તે માટે સ્કોલરશીપ અને દાન આપતા. રાત-દિવસ ધર્મના પુસ્તકો વાંચતા હતા. આખુ જીવન બહુ જ કરકસરથી જીવ્યા છે.

વેલુબહેન મારા કાકાના એકના એક પુત્રી છે તેમને ભાઈ ન હતો. કુટુંબ પ્રેમી હતા. મારી નાની બહેન તેમની સેવા કરતા હતા. અમે પણ અમારી રીતે એની યાદમાં એને રૂપિયે ઘણું જ કરશું. એ માટે અમે બધા ભાઈ બહેનો વિચાર રહ્યા છીએ. વકીલની સલાહથી વ્યવસ્થિત રીતે આવતે વર્ષે બધા ભેગા મળીને નિર્ણય લેશું.

જ્યારે મનુષ્ય વિતેલા વખતને સંભાળવવામાં આનંદ લેવા લાગે તો સમજવું જોઈએ કે ઘડપણ શરૂ થઈ ગયું છે. ઘરડાઓ ભૂતકાળમાં જીવે છે, બાળકો ભવિષ્યમાં જીવે છે અને યુવાનો એ છે જે વર્તમાનમાં જીવે છે.

Life is not measured by the number of breaths we take, but by the moments that take our breath away.

## જ્ઞાતિ સમાચાર

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ (મુંબઈ)

તા. ૨૫-૧૧-૨૦૧૨ના રોજ સ્નેહમિલન ખૂબ ઉત્સાહપુર્વક યોજાયું. પ્રમુખશ્રીની મુદત પુરી થતા નવા પ્રમુખની વરણી યોજવામાં આવી. આ વખતે પણ શ્રી જયંતિભાઈ હી. સાકરીયા ફરીથી પ્રમુખ ચુંટાયા. નવી કારોબારી કમિટી નિયુક્ત કરવામાં આવી. તે નીચે મુજબ છે.

પ્રમુખ : જયંતિભાઈ હી. સાકરીયા
ઉપપ્રમુખ : કાન્તિભાઈ ભા. બીજલાની
મંત્રી : ભરતભાઈ ગો. બારમેડા
સહમંત્રી : નરોત્તમભાઈ લી. છત્રાળા
ખજાનચી : રાજેશ ના. સાકરીયા
સહખજાનચી : મનસુખભાઈ સુ. બુદ્ધભટ્ટી

**કારોબારી સભ્યો :**
વીણાબેન વિ. બગ્ગા
મંગળાબેન ની. મઈચા
પિયુષભાઈ વ. બારમેડા
મનોજભાઈ ન. કટ્ટા
ભરતભાઈ ૨. બુદ્ધભટ્ટી
લક્ષ્મીકાંત જે. કોટડીયા
ચંદ્રકાંત મુ. મઈચા
મહેશભાઈ ધ. બુદ્ધભટ્ટી
સુરેશભાઈ શ. પોમલ

## જ્ઞાતિ સમાચાર

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની મંડળ, અમદાવાદ

**અતુલ સોની**





અમદાવાદ જ્ઞાતિનું વાર્ષિક સ્નેહમિલન તા. ૨-૧૨-૨૦૧૨ના રોજ સુશીલાબેન હોલ, સી.જી. રોડ, અમદાવાદ ખાતે યોજાયેલ. દિપાવલી બાદ યોજાયેલ આ સમારોહમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિ પરિવારજનોએ હાજરી આપેલ.

જ્ઞાતિ પ્રમુખશ્રી રમેશભાઈ સોની, ઉપપ્રમુખશ્રી સુર્યકાંતભાઈ સોનીએ સર્વે જ્ઞાતિજનોને નવા વર્ષની શુભકામના પાઠવેલ. ભોજન સમારોહના સૌજન્ય દાતા શ્રી બાબુભાઈ સોની (ધોળકાવાળા)નું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.



જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરી પારિતોષિકો આપવામાં આવેલ. જ્ઞાતિપ્રમુખશ્રી તથા દાતાશ્રીના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. કુલ ૬૫ છાત્ર-છાત્રાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં નીચેના વિદ્યાર્થીઓ પ્રથમ અને દ્વિતીય ક્રમે રહ્યા હતા. ● **ધોરણ-૧૦ :** (૧) રિદ્ધીબેન પંકજભાઈ સાકરીયા (૨) ફોરમબેન ભદ્રેશભાઈ પરમાર ● **ધોરણ-૧૨ :** (૧) અમન પ્રશાંતભાઈ બીજલાણી (૨) દીતીબેન ગીરીશભાઈ સોની.

જ્ઞાતિના બાળકો દ્વારા ગીત અને ડાન્સના કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. સૌ જ્ઞાતિજનોએ કાર્યક્રમ માણી બાળકોને પ્રોત્સાહન આપેલ. કાર્યક્રમનું સંચાલન અતુલ સોનીએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા સર્વ શ્રી રમેશભાઈ સોની, સુર્યકાંત સોની, રાજેન્દ્ર સોની, જયમીન સોની, કનુભાઈ બીજલાણી, હસમુખભાઈ બારમેડા, મનુભાઈ કોટડીયા, નરોત્તમભાઈ સોની, રશ્મીન બારમેડા, અતુલ સોની વિગેરેએ ભારે જહેમત ઉઠાવેલ. કાર્યક્રમના અંતે સૌએ ભોજનનો આસ્વાદ માણેલ.

**અતુલ સોની**

આરોગ્યપ્રદ અને નિરામય જીવન એ પ્રભુના આશીર્વાદ જ ગણાય છે. હાલના સમયમાં વિજ્ઞાન દ્વારા આરોગ્ય ચિકિત્સા ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ છે તેમ છતાં જ્યારે પરિવારમાં કોઈ વ્યક્તિ ગંભીર રીતે બિમાર થાય ત્યારે આખા પરિવાર પર મુશ્કેલી આવી જાય છે તે હકીકત છે. અગાઉ જીવલેણ ગણાતા ઘણા રોગો માટે હવે સારવાર શક્ય બનેલ છે. પરંતુ સારવાર ખર્ચાળ બની હોવાથી મધ્યમવર્ગીય સામાન્યજન માટે વિકટ પરિસ્થિતિ ઉભી થાય છે. વૃદ્ધાવસ્થામાં આવતી બિમારીને સ્વાભાવિક ગણી શકાય પરંતુ યુવાવયે જો કોઈ પરિવાર જન બિમાર થાય તો મુશ્કેલીનો પાર ન હોય. આપણા સમાજના સંદર્ભમાં વાત કરીએ તો ભુજ ખાતે અદ્યતન સિવિલ હોસ્પિટલ બની હોવા છતા ત્યાં ગંભીર રોગ માટે સારવાર થતી જ નથી. કચ્છના અન્ય સ્થળોએ નિષ્ણાંત ડોક્ટરો ઉપલબ્ધ ન હોઈ સારવાર માટે દર્દીને બહારગામ એટલે કે અમદાવાદ કે રાજકોટ જેવા સ્થળોએ લઈ જવા પડે છે. મેડીકલ ક્ષેત્રે અમદાવાદ સારવારનું મહત્વનું કેન્દ્ર બનેલ છે. અહીં તમામ પ્રકારની સારવાર માટે નિષ્ણાંત ડોક્ટરો મળી રહે છે. અહીં તમામ પ્રકારની હોસ્પિટલો પણ આવેલ છે. જેમાં સિવિલ હોસ્પિટલ એ એશિયાની સૌથી મોટી હોસ્પિટલ ગણાય છે.



દિપાવલીના શુભ દિવસોમાં ધનતેરસ ભગવાન ધન્વંતરીના જન્મદિન સ્વરૂપે ભારતભરમાં ઉજવવામાં આવે છે. ધન્વતંરીએ સ્વાસ્થ્ય આરોગ્યના અવતાર ગણાય છે. ધન્વતંરી આયુર્વેદ આધના નિષ્ણાંત હતા. તેમનું દિવ્ય સ્વરૂપ ચત્રુર્ભુજ છે.

અમદાવાદ ખાતે સારવાર માટે કોઈ દર્દીને લાવવાની જરૂરત ઉભી થાય તો તે બાબતે કેટલાક મુદ્દા જરૂરથી વિચારણામાં લેવા જોઈએ.

(૧) અમદાવાદ જેવા મોટા શહેરમાં સારવાર કેટલી ખર્ચાળ થશે તેનો અંદાજ હોવો જરૂરી છે. સ્થાનિક ડોક્ટર જ્યારે પેશન્ટને અમદાવાદ જેવા સ્થળે લઈ જવાની સલાહ આપે ત્યારે દર્દીના સંબંધીઓએ આગળની સારવાર બાબત જરૂરી તમામ માહિતી મેળવવી જરૂરી છે. જેમાં ક્યા પ્રકારના નિષ્ણાંત ડોક્ટરની જરૂરત પડશે, અંદાજીત ખર્ચ કેટલો થશે, વિગેરે ડોક્ટર જો કોઈ ખાસ હોસ્પિટલ માટે ભલામણ કરે તો બીજી કઈ કઈ હોસ્પિટલમાં જઈ શકાય તેની માહિતી પણ મેળવવી. કારણકે ઘણા કિસ્સામાં અમદાવાદની પ્રાઈવેટ હોસ્પિટલો દ્વારા સ્થાનિક ડોક્ટરોને પેશન્ટ મોકલવા કમિશન અપાતું હોય તેવું જાણવામાં આવેલ છે.

(૨) અમદાવાદની સિવીલ હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર થાય છે. સરકારી હોસ્પિટલ હોવાથી સારવાર ખર્ચ ઓછો આવે છે. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ (વી.એસ. હોસ્પિટલ)માં પણ ઘણી બધી સારવાર ઉપલબ્ધ છે. આ બાબતે ખાસ એ ધ્યાન રાખવું કે આ સરકારી જનરલ હોસ્પીટલ હોવાથી ત્યાં દર્દીઓની સંખ્યા ખૂબ વધારે હોય છે. તેથી સારવાર દરમ્યાન ખૂબ ધીરજ રાખવી પડે છે. આ હોસ્પિટલમાં સારવાર લેનાર દર્દી સાથે ઓછામાં ઓછા બે જણ હોવા જરૂરી બને છે જે તેને મદદરૂપ થાય.

(૩) અનુભવે એવું જાણવામાં આવેલ છે કે દર્દીને અમદાવાદ લાવવામાં આવે ત્યારે સાતથી દસ વ્યક્તિઓ સાથે આવે છે. વધારે પડતી સંખ્યાથી પણ સમસ્યા સર્જાય છે. આથી જરૂરત કરતાં વધારે વ્યક્તિઓ સાથે ન આવે, પરંતુ કંઈક જાણકાર અને અનુભવી બે વ્યક્તિ સાથે આવે તે જરૂરી બને છે.

(૪) દર્દીને હોસ્પિટલમાં લાંબા સમય માટે રહેવાનું થાય ત્યારે સાથે આવેલ સગા-સંબંધીઓ માટે રહેવા-જમવાની સગવડ કરવી મુશ્કેલ બનતી હોય છે. કોર્પોરેટ મોટી હોસ્પિટલોમાં પણ તેમના માટે ખાસ સગવડ હોતી નથી. વળી, દર્દી આઈ.સી.યુમાં હોય ત્યારે તેમની સાથે રહેવાની પરવાનગી ન હોવાથી ખાસ મુશ્કેલી પડે છે. અમદાવાદ સિવીલ હોસ્પિટલની પાસે 'કચ્છી વિશ્રામ ગૃહ'માં દર્દીઓના સગા માટે રહેવા જમવાની ઉત્તમ સગવડ મળે છે.

(૫) પરિવારની કોઈ વ્યક્તિ બિમાર પડે ત્યારે સ્વજનો લાગણીવશ તમામ પ્રયાસ કરવા તત્પર હોય છે. પરંતુ બહારગામ સારવારમાં અચાનક આવવાનું થાય ત્યારે નાણાંકીય વ્યવસ્થા સંભાળવી મુશ્કેલ બને છે. તેમના માટે કોર્પોરેટ હોસ્પિટલો મોંઘી છે સિવિલ અને વી.એસ. હોસ્પિટલ આર્થિક રીતે પરવડે તેવી છે. યોગ્ય માહિતીના અભાવે ઘણી વખત આર્થિક સ્થિતિ ન હોવા છતાં મોંઘી હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીના પરિવારની હાલત કફોડી થાય છે. આથી આ બાબતે કોઈ જાણકાર વ્યક્તિની સલાહ ઉપયોગી બને છે.

(૬) સમાજની કોઈ વ્યક્તિ સારવાર માટે અમદાવાદ આવે ત્યારે તેની મુશ્કેલીમાં શક્ય તે રીતે મદદરૂપ થવા તેને યોગ્ય માર્ગદર્શન આપવા માટે અમદાવાદ જ્ઞાતિના કાર્યકરો પ્રયત્નશીલ રહે છે. પરંતુ અમદાવાદ જેવા વિશાળ શહેરમાં દરેક વખતે તે પરિવારને રૂબરૂ મળવું શક્ય બનતું નથી આમ છતાં જો કોઈ ફોન પર કે અન્ય રીતે સંપર્ક કરે તો તેને મદદરૂપ થવા શક્ય બધા જ પ્રયત્ન કરવામાં આવે છે. આ બાબતે એક સ્પષ્ટતા થવી જરૂરી છે કે અમદાવાદ જ્ઞાતિ તરફથી કોઈ આર્થિક સહાય કરવામાં આવતી નથી. કેટલાક કિસ્સામાં ખૂબ જ જરૂરતમંદ વ્યક્તિને તાત્કાલિક જરૂરીયાત જેટલી રકમ અત્રેના સેવાભાવી દાતા તરફથી મળી જાય છે. પરંતુ તે બાબતે વધારે અપેક્ષા રાખી શકાય નહીં.

અંતમાં સ્વાસ્થ્ય અને આરોગ્યના અવતાર ભગવાન ધન્વંતરીનું સ્મરણ કરી ઈસુના નૂતન વર્ષના પ્રારંભે સમાજના સર્વેને સ્વાસ્થ્ય લાભ થાય તેવી શુભકામના..

મીતા'સ કોર્નર

# લવ એટ ફર્સ્ટ સાઈટ !!!

મીતા સોલંકી - ભુજ

બાળક સ્વરૂપે માનવીનો જન્મ થાય છે ત્યારે જન્મની સાથે જ આપોઆપ કેટલાક સંબંધો વિના પ્રયત્ને મળી જતા હોય છે. માતા-પિતા ઉપરાંત ભાઈ-બહેન, દાદા-દાદી, કાકા-કાકી વગેરે.. બાળક જેમ મોટું થાય તેમ સામાજીક બનતું જાય છે ત્યારે બહારની દુનિયા સાથે સંપર્કમાં આવતા અનેક સંબંધો બનાવે છે. મુખ્યત્વે શાળા મિત્રો, પાડોશીઓ વગેરે.. આમ સંબંધોનું વર્તુળ વિસ્તરતું જાય છે. કેટલાક સંબંધો જરૂરીયાત ના પાયા પર વિકાસ પામ્યા હોય છે. આમ અનેક રીતે સંબંધોનું વર્તુળ વિસ્તરે છે. વ્યક્તિ યુવાન થાય છે. ત્યારે તે મિત્રો વચ્ચે ઘેરાયેલા રહે છે.

જેમની પાસે સારા મિત્રો હોય અને સાચો પ્રેમ હોય એ દુનિયાની સૌથી લકી વ્યક્તિ હોય છે.

સામાન્ય રીતે નવાસવા સંબંધો બંધાતા હોય છે, વિકસતા હોય છે ત્યારે શરૂઆતમાં બહુ સારું સારું જ લાગવા માંડે છે. આંખો બંધ કરી વિશ્વાસ કરી લેતા હોય છે, દુનિયા આખી પ્રેમમય લાગે છે. એકબીજા પર ઓળઘોળ થતા હોય છે. સાદી ભાષામાં કહીએ તો પ્રેમમાં પડ્યા હોય છે.

આજ પ્રેમ સમય જતાં ક્યાં ગાયબ થઈ જાય છે એ સમજાતું નથી. ઉત્કટતા, વફાદારી જેવા શબ્દો માત્ર પુસ્તક પુરતા જ રહી ગયા હોય છે. એકબીજાની અધુરાશો વાક, વાંધા નબળાઈઓને જોતા થઈ જાય છે. શરૂઆતનો પ્રેમ શા માટે ધિક્કાર ના સ્વરૂપ પકડી લે છે. શા માટે એકબીજાને સહન કરતા હોય તેવું લાગે છે.

લગ્નજીવન કે મિત્રતાના દરેક સંબંધોમાં પરિવર્તન (અણગમતો) આવતો જણાય છે. શું પ્રેમ એ શાશ્વત નથી ? ટકાઉ નથી ? પરિવર્તન સ્વરૂપે ધીમે ધીમે ધિક્કાર અને ઘૃણા જન્મે છે. બોલાચાલી, ગાળાગાળી, સંભળામણી, સામાન્ય થઈ પડે છે. સામેવાળી વ્યક્તિની નબળાઈઓને ચારઘણી કરીને બતાવવામાં આવતી હોય છે.

દરેક તુટતા સંબંધ દીલ તોડી નાખે છે, જીવન અસાર લાગે છે. કોઈપણ સંજોગોમાં સાથે ન જ રહી શકે એવી બે વ્યક્તિ પરસ્પર સહમતીથી સમજણપૂર્વક, વિચારપૂર્વક અલગ થવા માંગતી હોય તો એમાં કશું ખોટું નથી, દુઃખ જેલવાની જેટલી શક્તિ વધુ હશે તેટલો ભવિષ્ય સુખમય પસાર થાશે. જે વીતાવેલી સદ્ક્ષણોને હૃદયમાં ઢબુરીને, આક્ષેપબાજી વગર શાંતિપૂર્વક છુટા પડવું એ આ સંબંધોની ગરિમા જાળવવા બરાબર છે.

પ્રેમમાં પડવું તો સહેલું છે. નિભાવવું અઘરું છે. પ્રેમમાં મેળવવા કરતા આપવામાં સુખનો અનુભવ થાય એ સાચો પ્રેમ છે. પ્રેમ જીવનનું ચાલકબળ છે. પ્રેમ પામવાની ઈચ્છા બાળપણથી મનુષ્યમાં હોય છે.

હાલના તબક્કે જોઈએ તો પ્રેમનું નકારાત્મક સ્વરૂપે, હિંસાત્મક સ્વરૂપે, બળજબરી સ્વરૂપે બહાર આવતો દેખાય છે. આજે પ્રેમના નામે એક નકલી દુનિયા અસ્તિત્વમાં આવી ચૂકી છે. પ્રેમને ઉપભોક્તાવાદ સાથે જોડી નંખાયો છે.

લવ એટ ફર્સ્ટ સાઈટ જેવા વાક્યો આ જમાનામાં જોખમી બની ગયા છે. પ્રેમનિભાવવામાં હવે લોકો અધકચરા સાબિત થાય છે છોડી દેવું સહેલું છે, નિભાવવું અઘરું છે. બધા પોતાના સ્વભાવ પ્રમાણે જીવવામાં માને છે. ક્યાંક વાંચેલું કે 'માનવી પાસે કશું ન હોય તો અભાવ નડે છે, થોડું હોય તો ભાવ નડે છે, જો બધુ જ હોય તો સ્વભાવ નડે છે.'

દરેક વ્યક્તિને મોટામાં મોટી નડતર પોતાના સ્વભાવ અને વિચારથી જ હોય છે. કોઈપણ પરિસ્થિતિમાં વાસ્તવિકતા સ્વીકારી લઈને આગળ વધશું તો સંઘર્ષ ટાળી શકાય છે.

કેટલીયે વાતો પ્રેમ વિશે કરી શકાય છે પણ કેટલાક મહાન ફિલોસોફર પ્રેમને કઈ રીતે મુલવે છે તેના 'અવતરણો' વાંચવા જરૂર ગમશે.

● પ્રેમ એટલે .. આગ પર તપતી દોસ્તી..

● પ્રેમનું મુખ્ય લક્ષણ છે. કુમાશ જે ટકાવી રાખવી બહુ અઘરી છે.

● જીવનનું સૌથી મોટુ સુખ એ ખાતરીમાં છુપાયેલું છે કે કોઈ આપણને પ્રેમ કરે છે.

● પ્રેમ આગ જેવો છે, તમને બાળે કે હુંફ આપે કે તમારા ઘરને બાળી મૂકશે એ તમારા હાથમાં છે.

● એકમેકની આંખોમાં જોવું એ તો ઠીક છે, પણ બંનેએ મળીને એક જ દિશામાં સાથે જોવું એ સાચો પ્રેમ છે.

● પ્રેમની બાદબાકી કરી નાંખીએ તો આખી પૃથ્વી એક કબર બની જાય.

● સાચા પ્રેમમાં તમે સામેની વ્યક્તિનું સુખ ઝંખો છો જ્યારે રોમેન્ટિક પ્રેમમાં તમે સામેની વ્યક્તિને ઝંખો છો.

અંતમાં એટલું જ કહીશ કે લાગણી, વફાદારી વગેરે શબ્દોના અર્થ બદલાઈ ચૂક્યા છે, તકલીફ, દુઃખ, આફતમાં પણ પ્રેમ ટકી શકે છે, એ નવી પેઢી માનવા તૈયાર નથી. ક્યા યહી પ્યાર હૈ ?

# ઠંડીમાં ગરમાગરમ સૂપની લહેજત

સંકલન : હંસા સોની-અમદાવાદ

**પાલકનો સૂપ**

**સામગ્રી :** બટેટા ૧ નંગ, પાલક ભાજી ૫૦૦ ગ્રામ, કાંદા ૨ નંગ, માખણ ૨ ટે.સ્પૂન, ચીઝનું છીણ ૨ ટે.સ્પૂન, દૂધ ૧ વાટકી, મેંદો ૨ ટે.સ્પૂન, લીંબુ ૧ નંગ, મીઠું, મરી પ્રમાણસર.

**રીત :** (૧) પાલકને સાફ કરી ધોઈને સમારો. કાંદા બટેટાના નાના પીસ કરો. (૨) માખણ ગરમ કરીને કાંદા સાંતળો. એક મિનીટ પછી ભાજી તથા બટેટાના પીસ નાખો.. થોડીવાર સાંતળો. (૩) બરોબર ચડી જાય પછી નીચે ઉતારો. મીક્સરમાં મીક્સ કરો અને ગાળી લો. તેમાં મીઠું મરી નાખીને ફરીથી ગરમ કરો. (૪) સર્વ કરતી વખતે ચીઝ નાખો, લીંબુ સાથે ગરમાગરમ સૂપ સર્વ કરો.

**પરવળનો સૂપ**

**સામગ્રી :** પરવર ૨૫૦ ગ્રામ, દૂધ ૨૦૦ ગ્રામ, ચીઝનું છીણ ૨ ટે.સ્પૂન, લીંબુ ૧ નંગ, મીઠું મરી પ્રમાણસર

**રીત :** (૧) પરવળ બરોબર ધોઈને નાના પીસ કરો. તેમાં દૂધ તથા પાણી અડધુ અડધુ મીક્સ કરો અને કુકરમાં બાફી લો. (૨) તેને ક્રશ કરીને ગાળી લો. ગરમ કરવા મૂકો. તેમાં પ્રમાણસર મીઠું મરી અને લીંબુનો રસ નાખો. ચીઝનું છીણ અથવા ક્રીમ નાખીને સર્વ કરો. ખૂબ જ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ સરળ સૂપ તૈયાર થશે.

**દિલબહાર વેજીટેબલ સૂપ**

**સામગ્રી :** મીક્સ શાક બારીક સમારીને બાફેલા ગાજર ૧ ટેબલ સ્પૂન, ફણસી ૧ ટેબલ સ્પૂન, વટાણા ૧ ટેબલ સ્પૂન, સમારેલા કેપ્સીકમ ૧ ટેબલ સ્પૂન, ફુદીનો ૧ ડાળખી, કાંદા ૧ નંગ, માખણ ૧ ટેબલ સ્પૂન, મીઠું મરી પ્રમાણસર

**રીત :** (૧) ટમેટા ધોઈને પીસ કરો. કાંદા છોલીને સમારો. એક વાસણમાં માખણ ગરમ કરીને કાંદા સાંતળો. એક મિનીટ પછી તમાલપત્ર-ટમેટાના પીસ કોથમીર, ફુદીનો નાખો. જરૂર પુરતુ પાણી નાખીને ચડવા દો અથવા બાફી લો. (૨) તમાલપત્ર, ફુદીનો, કોથમીર કાઢીને પછી ક્રશ કરીને ગાળી લો. તેને ગરમ કરવા મૂકો, તેમાં મીઠું, મરી, ખાંડ, કેપ્સીકમના પીસ, તજ, લવિંગનો પાવડર નાખો, કોર્નફ્લોર દૂધમાં મીક્સ કરીને નાખો. (૩) તેમાં બાફેલા શાક નાખીને એક મિનીટ ગરમ કરો. (૪) બાઉલમાં સૂપ કાઢો. તેમાં ક્રીમ ચીઝનું છીણ, બ્રેડના પીસ તથા ફુદીનાની ડાળખી મૂકી સર્વ કરો.

**ફૂલ ગુલાબી સૂપ**

**સામગ્રી :** ગાજર ૩ નંગ, બીટ ૧ નંગ, ટમેટા ૩ નંગ, કાંદા ૧ નંગ, મીઠું મરી પ્રમાણસર, કોર્નફ્લોર ૨ ટેબલ સ્પૂન, ક્રીમ ૧ ટેબલ સ્પૂન, માખણ ૨ ટેબલ સ્પૂન, ખાંડ ૨ ટેબલ સ્પૂન.

**રીત :** (૧) ગાજર અને બીટ છોલીને પીસ કરો. તેમાં ડેકોરેશન માટે થોડા નાના પીસ અલગ બાફી લો. ટમેટાના મોટા પીસ કરો. કાંદા છીણી લો. (૨) એક વાસણમાં માખણ ગરમ કરીને કાંદાનું છીણ સાંતળો, તેમાં વેજીટેબલ્સ નાખીને જરૂર પુરતું પાણી નાખી ગરમ કરો. (૩) વેજી. બરોબર ચડી જાય પછી લીકવીડાઈઝ કરી ગાળી લો. (૪) સૂપ ગરમ કરો તેમાં મીઠું નાખો. પસંદ પડે તો ખાંડ નાંખો (૫) કોર્નફ્લોર ૨ ટેબલ સ્પૂન પાણીમાં મીક્સ કરીને નાખો. બરોબર ઉકળી જાય પછી બાઉલમાં કાઢો, તેમાં ક્રીમ નાખો. શાકભાજીના નાના પીસ નાખો. (૬) વચ્ચે ટમેટાનું ફુલ બનાવીને મૂકો. આજુબાજુ ગુલાબની પાંદડી નાંખો.

**વેજીટેબલ કલીયર સૂપ**

**સામગ્રી :** ટમેટા ૨ નંગ, ગાજર ૧ નંગ, કાંદા ૧ નંગ, બટેટા ૧ નંગ, દૂધી ૧ ટે. સ્પૂન, કોથમીર ૧ ટે. સ્પૂન.

**રીત :** બધા શાક બાફી લો. તેને નિતારી લો. ગાળીને સૂપ ઉકળવા મૂકો. તેમાં એક બ્રેડની મોટી સ્લાઈસ નાખો. મીઠું મરી નાંખો. ૨૦ મિનીટ ઉકળે પછી બ્રેડના નાના પીસ થઈ જાય પછી ચીઝ નાખીને સૂપ સર્વ કરો. (બ્રેડની બોર્ડર કાપી લેવી) તેની સાથે લીંબુ સર્વ કરો. તેમાં કોથમીરની ઝુડી જેવું બાંધીને નાંખો. પછી સર્વ કરો અથવા ફુદીનાની ડાળખી નાખો.

**નોંધ :** પરવરના સૂપની રીત પ્રમાણે દૂધીનો સૂપ બનાવી શકાય.

*સૌ. ગુજરાત સમાચાર*

## આવકાર

શ્રી કાંતિલાલભાઈ દામજી પોમલ-કોઠારા (કચ્છ) મધ્યે, ખાદી ભંડારના મેનેજર તેમજ આપણી જ્ઞાતિના પ્રમુખ છે, તેમજ અખિલ ભારતીય મહામંડળના કારોબારી સભ્ય છે. 'સેતુ પરિવાર' તેઓશ્રીને કોઠારાના પ્રતિનિધિ તરીકે ઉષ્માભર્યો આવકાર આપે છે. એમનો મો. ૯૯૭૯૭૯૮૬૨૧ છે.

# શ્રદ્ધાંજલી



**સ્વ. સોની હીરાબેન જટુભાઈ સોલંકી (રૂલ પ્રેસવાળા)**

**સ્વ. તા. ૨૯-૧૧-૨૦૧૨**

**ભરત જટુભાઈ સોલંકી (પુત્ર)**
**મમતા ભરત સોલંકી (પુત્રવધુ)**

**વનિતા છોટાલાલ બુદ્ધભટ્ટી (પુત્રી)**
**છોટાલાલ એલ. બુદ્ધભટ્ટી (જમાઈ)**
**મધુ પ્રશાંત બીજલાણી (પુત્રી)**
**પ્રશાંત એસ. બીજલાણી (જમાઈ)**

## ભજન : ઘડપણ કોણે મોકલાવ્યું ?

ઘડપણ કોણે મોકલાવ્યું રે, જાણ્યું જોબન રહે સૌ કાળ
ઉંમરા તો ડુંગરા થયા રે, પાદર થયા પરદેશ... ઘડપણ
ગોળી તો ગંગા થઈ રે, અંગે ધોળા થયા કેશ,
નહોતું ને શીદ આવિયુ રે, નહોતી જોઈ તારી વાટ.
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવોને પાટ... ઘડપણ
નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે સેવ
રોજને રોજ જોઈએ રાબડી રે, એવી બળી ઘડપણની ટેવ.... ઘડપણ
આંખે તો સૂઝે નહિ રે, થર થર ધ્રૂજે છે કાય,
ખાધું તે અન્ન પચે નહિ રે, વળી બેઠાં તો નવ રહેવાય ... ઘડપણ
અંતકાળે પ્રાણ મહારા રે, અન્ન વિના અકળાય,
ઘરનાં કહે છે મરતો નથી રે, તને બેસી રહેતાં શું થાય ?.... ઘડપણ
દીકરા તો જુજવા થયા રે, વહુઓ દે છે ગાળ
દીકરીઓ જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શારે હાલ ... ઘડપણ
નવ નાડીઓ જુજવી પડી રે, આવી પહોંચ્યો કાળ,
બૈરાં છોકરાં ફટ ફટ કરે રે, નાના મોટા મળી દે છે ગાળ... ઘડપણ
આવી વેળા અંતકાળની, ત્યારે દીકરા પધાર્યા દ્વાર
પાંસળીએથી છોડી વાંસળી રે, તેણે લઈ લીધી તેણી વાર... ઘડપણ
એવું જાણી સહુ હરિ ભજો રે, સાંભળજો સહુ સાથ,
પર ઉપકાર કરી પામશો ને, જે કાંઈ કીધું હશે જમણો હાથ ... ઘડપણ
એવું નફ્ટ છે વૃધ્ધપણું રે, મુકી દો અહંકાર,
ધર્મ, સત્ય, વચન થકી રે, મહેતા નરસૈં ઉતારે ભવપાર... ઘડપણ

**સંપાદન – પોમલ કંચનબેન શાંતિલાલ-અંજાર**

## દીકરી

દીકરીને અગ્નિદાહ આપ્યો,
તે પહેલા ઈશ્વરને
બે હાથ જોડીને કહ્યું હતું,
સાસરે વળાવતો હોઉં એવી જ રીતે
.. મારી દીકરીને વિદાય કરું છું, ધ્યાન રાખીશને એનું ?
અને પછી મારામાં અગ્નિદાહ દેવાની તાકત આવી,
લાગ્યું કે ઈશ્વરે વેવાઈપણું સ્વીકારી લીધું..!
એને અગ્નિદાહ આપીને પાછો ફર્યો ત્યારે પત્નીએ
આંગણામાં પાણી મૂક્યું હતું...
નાહી નાખવાનું હવે દીકરીનાં નામનું ...!
દીકરી વિનાનું ઘર આજે દસ દિવસનું થયું...
પત્નીની વારેવારે ભરાઈ આવતી આંખો
દીકરીના ડ્રેસિંગ ટેબલ અને છેલ્લા દસ દિવસથી
એકદમ વ્યવસ્થિત રહેલા એના વોર્ડરોબ પર ફરી વળે છે..
હું પણ ત્યાં જોઉં છું ને એક
નિસાસો નંખાય જાય છે...
ઈશ્વર, દીકરી સોંપતા પહેલા તારા વિશે
તપાસ કરાવાની જરૂર હતી,
કન્યાપક્ષના રિવાજોને તારે માન આપવું જોઈએ,
દસ દિવસ થઈ ગયા..
અને અમારે ત્યાં પગફેરાનો રિવાજ છે...!!!

**– ઉદય કંસારા**

KANSARA

Dream Dare Do

Rollers for Bearings
World - Class Worldwide

Kansara Modler Limited

an Indo-German Joint Venture

A-41(B), M.I.A. Phase II, Basni, Jodhpur - 342005.
Tel: +91 291 2741656, 5120656 Fax : +91 291 270657
Website : www.kansara.com Email : info@kansara.com

RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.

M/s. Jatubhai Velji & Sons
Hospital Road, Bhuj-Kutch. Tel: 02832 - 221357, 227357, 226357

M/s. J. V. Jewellers
Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 256077

M/s. Harshadkumar & Co.
Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 255888

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00